અને રચેલ આગમ સાહિત્યનો માત્ર જૂજ ભાગ છે. સદ્‌ગત પ્રાચ્ય વિદ્યા સાહિત્યના અઠંગ અભ્યાસી પુણ્યવિજયજી મહારાજે કહ્યું છે તેમ ભારતમાં વિવિધ પ્રદેશોમાં પ્રાચીનકાળથી રક્ષાયેલ આગમ ભંડારોમાં જૈન સાહિત્યની લાખો પ્રતિઓ જર્જરિત થયેલ તાડપત્રો પર અંકિત હજુ પડી છે. એ બધાં તાડપત્રો અને ગ્રંથોનું એકદા પૂરા પુરુષાર્થપૂર્વક સંશોધન કરવામાં નહિ આવે ત્યાં સુધી જૈનદર્શનની અલૌકિક સાહિત્યપ્રસાદી જગતના લોકોને માણવા અને જાણવા નહિ મળે. જૈનો આજે આંતરરાષ્ટ્રીય સ્તરે ભગવાન મહાવીરની પચ્ચીસમી નિર્વાણ શતાબ્દી ઊજવી રહ્યા છે. પરંતુ એમણે સૌથી અગત્યનું કાર્ય તો કરવાનું એ છે કે વિદ્વાનોની વગદાર સમિતિ કરી, જૈન તત્ત્વજ્ઞાનની વિશિષ્ટતા પ્રદર્શિત કરે.

જૈન સાહિત્ય વિરાટ-વિશાળ છે. ધર્મ, અધ્યાત્મ, વિજ્ઞાન, ન્યાય, વ્યાકરણ, દર્શન, રાજનીતિ, જ્યોતિષ, ગણિત, તત્ત્વજ્ઞાન, આયુર્વેદ તેમજ વીર, શૃંગાર, કરુણા, હાસ્ય રસો, કળાઓ, કાવ્ય, અલંકાર અને કથા સાહિત્ય આવાં તો સંખ્યાબંધ પાસાંઓ જૈન ગ્રંથોમાં વિદ્યમાન છે. એવો એકપણ વિષય નથી કે જ્યાં જૈન લેખકે એના પર કલમ ચલાવી ન હોય. આવું તો ઘણું ઘણું મૌલિક સાહિત્ય જૈન સાહિત્યમાં નજરે પડે છે. એનું નવેસરથી અન્વેષણ-સંશોધન-પ્રકાશનની અનિવાર્યતા છે.

ભગવાન મહાવીરના નિર્વાણ બાદ ૭૦૦ વર્ષના ગાળે સમર્થ સાહિત્યકાર ઉમાસ્વાતિ વાચકે તત્ત્વાર્થસૂત્રની રચના કરેલી જેનું મૂલ્યાંકન થઈ શકે તેમ નથી. અન્ય અનેક ઉચ્ચ કોટિના સાહિત્યકારો જૈન શ્રમણસંસ્થાએ આપ્યા છે. પ્રસિદ્ધ તત્ત્વવેત્તા શ્રીમાન્ હરિભદ્રસૂરિજીએ નાનામોટા ૧,૪૪૪ જેટલા ગ્રંથો એમના જીવનકાળમાં લખેલા. સિદ્ધસેન દિવાકર સૂરિ નામના મહાસમર્થ મુનિએ 'સન્મતિતર્ક' અને 'ન્યાયાવતાર' જેવા મહાન ગ્રંથો લખેલા. તેઓ તાર્કિક સાહિત્યના મૂળ પ્રણેતા હતા. જેમનાથી ભારતમાં તાર્કિક સાહિત્ય લેખનની શરૂઆત થયેલી.

જૈનદર્શનમાં અહિંસા, સત્ય, અપરિગ્રહ અને અનેકાંતવાદનું ભારે મહત્ત્વ છે. સ્યાદ્વાદ ઉપરાંત અનુયોગ તત્ત્વજ્ઞાન ભારોભાર ઉપલબ્ધ છે. અનુયોગ એટલે સામાન્યતઃ અનંત જીવ આદિમાં જોવા મળતાં અનંત ધર્મોનો નિર્ણય કરનાર કથન. (૧) ચરણકરણાનુયોગ (૨) ધર્મકથાનુયોગ (૩) ગણિતાનુયોગ અને (૪) દ્રવ્યાનુયોગ જે વડે સંસારસમુદ્રનો બીજો કિનારો અથવા ચૌદમું ગુણસ્થાન પ્રાપ્ત થાય તેને ચરણકરણાનુયોગ કહે છે. આ ચારેય અનુયોગમાં જીવ-અજીવ આદિ અનેક તત્ત્વોનું સૂક્ષ્માતિસૂક્ષ્મ નિરૂપણ છે.

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વમાં સમાવિષ્ટ જ્ઞાનનો મહાભંડાર માનવજીવનના ઊર્ધ્વીકરણ માટે પ્રાચીન મહાપુરુષોએ શોધ્યો છે. વૈજ્ઞાનિકોએ તો આ સદીની શરૂઆતમાં પાણી, વનસ્પતિ આદિના જીવનું સંશોધન કરેલ પરંતુ જૈનદર્શને હજારો વર્ષ પહેલાં, પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ, વનસ્પતિ અને ત્રસકાય સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવોનું નિરૂપણ કરેલું. Physics અને Biologyનો અભ્યાસી જૈનદર્શનના નવ તત્ત્વ પૈકીનો એકાદ વિષય લઈને પીએચ.ડી.નો અભ્યાસ કરે તો એને જૈનદર્શનના પદાર્થવિજ્ઞાનનું અદ્‌ભુત જ્ઞાન પ્રાપ્ત થાય.

પશ્ચિમના નિષ્ણાત વૈજ્ઞાનિકોએ હમણાં જ Secret Life of Plants નામનું એક પુસ્તક પ્રકટ કરેલ છે. જેમાં તેઓએ સાબિત કરેલ છે કે વનસ્પતિમાં જીવ છે, એનામાં સંજ્ઞા છે, એને પોતાની સ્વભાષા છે જે વડે એ અંદરોઅંદર વાતચીત કરે છે અને સુખદુઃખની લાગણી પણ ધરાવે છે. આવું તો જૈનદર્શને સહસ્રો વર્ષ પહેલાં નિરૂપણ કરેલ છે.

અહીં પ્રસંગ છે ઉપાસકદશાંગ સૂત્રના પ્રકાશનની પ્રશસ્તિનો. ઉપાસકદશાંગ મૂળ આગમનું એક મહત્ત્વનું સૂત્ર છે. એ સૂત્રનું સંશોધન શ્રમણી વિદ્યાપીઠના મુખ્ય અધિષ્ઠાતા પંડિત શ્રી શોભાચંદ્રજી ભારિલ્લે કરેલ છે અને એનો ગુજરાતી અનુવાદ નવદીક્ષિતા સાધ્વીજી ઉર્વશીબાઈ સ્વામીએ કરેલ છે.

ઉપાસકદશાંગ સૂત્રમાં દસ ઉચ્ચકક્ષાના ઉપાસકો (શ્રાવકો)ના જીવનઘડતર અને જીવન ચરિત્ર સંબંધી રોમાંચક કથાઓ છે. જેમના નામો : (૧) આનંદ, (૨) કામદેવ, (૩) ચુલનીપિતા, (૪) સુરાદેવ (૫) ચુલ્લશતક, (૬) કુંડકોલિક, (૭) સકડાલપુત્ર, (૮) મહાશતક, (૯) નન્દિનીપિતા, (૧૦) સાલિહીપિતા છે.

જૈનદર્શનની ગરિમા એટલી ઉદાર અને વિશાળ છે કે દીક્ષા અંગીકાર કર્યા સિવાય પણ આદર્શ શ્રાવક બાર વ્રત અંગીકાર કરી, આધ્યાત્મિક ઉચ્ચતા અને મુક્તિના શિખરે પહોંચી શકે છે.

આનંદ શ્રાવક તેમજ અન્ય નવેનવ ઉપાસકોનું ઐશ્વર્ય, શક્તિ સંપદા, જ્ઞાન, દર્શન અને ચારિત્ર વિશાળ હતાં. આનંદ શ્રાવકને કરોડોની સંપત્તિ હતી. જે ચાર હિરણ્યકોટિ દ્રવ્ય નિધાનમાં, ચાર કોટિ વ્યાજમાં, ચાર કોટિ ધનધાન્ય આદિમાં રોકાયેલી હતી. ઉપરાંત તેને દશ હજાર ગાયોનો એક વ્રજના હિસાબે ચાર વ્રજો એટલે ચાલીસ હજાર ગાયો હતી એ કોષ્ટકના હિસાબે આનંદ શ્રાવકના અનગળ ઐશ્વર્યની કલ્પના જ કરવાની રહી

દીક્ષા–પ્રવ્રજ્યા માનવજીવનની ઉત્કૃષ્ટ અવસ્થા છે. પરંતુ સાથોસાથ શ્રાવકધર્મ પણ દીક્ષાથી ઓછો મૂલ્યવાન નથી. શ્રાવક વિવેકપૂર્વક બાર વ્રત અંગીકાર કરી શ્રાવક સહજ આચારસંહિતાને અનુસરે તો એ પણ મોક્ષનો અધિકારી બની શકે.

એક વાર આનંદ શ્રાવક ભગવાનની દેશના સાંભળવા જાય છે ત્યારે પ્રભુવાણીથી પ્રભાવિત બનતાં પ્રભુને કહે છે કે આપની પાસે અનેક રાજા-મહારાજાઓએ, શ્રેષ્ઠીઓએ દીક્ષા ગ્રહણ કરી મુનિ થયા છે. પરંતુ હું એવી પ્રવ્રજ્યા ગ્રહણ કરવામાં સમર્થ નથી. તો હું આપની પાસે પાંચ અણુવ્રત, ચાર શિક્ષાવ્રત અને ત્રણ ગુણવ્રત સ્વીકારી ગૃહસ્થધર્મને અનુસરીશ. ભગવાન તેને એમ કરવામાં સંમતિ આપે છે બાર વ્રતધારી મહાશ્રાવક આનંદની આ મહારોચક કથા સંબંધી અને ભક્તિની પરાકાષ્ઠાએ પહોંચે છે આખરે આનંદ શ્રાવક મરણાન્તિક સંલેખનાનું આરાધન કરે છે. એ સમયે ભગવાન ગૌતમ ત્યાં આવે છે. આનંદ ગૌતમને પૂછે છે કે ભગવંત! ગૃહસ્થને ગૃહવાસમાં રહેતા અવધિજ્ઞાન થઈ શકે ખરું? ગૌતમ હા કહે છે. આનંદ બીજો પ્રશ્ન પૂછે છે, ગૃહસ્થને યાવત અવધિજ્ઞાન થઈ શકે છે તો, ગૃહવાસમાં રહેતા ગૃહસ્થ એવા મને અવધિજ્ઞાન

થયું છે. જૈના [illegible]
લોકુપાખ્યુન નામક [illegible]

ગૌતમ [illegible]
ઉઈ શકે નહિ. માટે [illegible]
ભૂમિકા અને માન્યતા [illegible]
સમીપ આવી આનંદની [illegible]
ગૌતમને આલોચના કરવા [illegible]
આનંદને ખમાવે છે.

સંસાર, મમતા, [illegible]
ત્યાગ અને વૈરાગ્યના માર્ગે [illegible]
માર્ગ છે. પરંતુ સંસારમાં રહીને [illegible]
અનુપમ ત્યાગ, સંયમ અને વૈરાગ્યના [illegible]
શ્રાવકધર્મમાં સંલગ્ન રહે, તેનું [illegible]

આ 'ઉપાસકદશાંગ' સૂત્રમાં [illegible]
જીવનચરિત્ર અંકિત થાય છે, [illegible]
કોઈપણ વ્યક્તિ ગૃહસ્થાશ્રમમાં રહીને [illegible]
જીવવાનો પુરુષાર્થ કરશે તો આ [illegible]

હર્ષનો વિષય એ છે કે શમણી વિદ્યાપીઠમાં [illegible]
મહાવીરના ૨૫૦૦માં નિર્વાણ [illegible]
ગુજરાતી અનુવાદ કરવાનો નિર્ણય કર્યો છે. [illegible]
લીલમબાઈ તેમજ હસુમતીબાઈ સ્વામી દ્વારા [illegible]
સાધ્વી શ્રી પ્રાણકુંવરબાઈ તેમજ શ્રી ઉષાબાઈ [illegible]
ત્રીજું ઉપાસકદશાંગસૂત્રનો અનુવાદ સાધ્વીજી શ્રી [illegible]
અને આ બધાં સૂત્રોના મૂળ પાઠનું સંશોધન શમણી વિદ્યાપીઠના [illegible]
હસ્તે થયું છે.

આથીયે વધારે સૌભાગ્યનો વિષય એ છે કે શમણી વિદ્યાપીઠમાં [illegible]
આપણાં વિદુષી સાધ્વીજીઓ આગમસૂત્રોનાં સંપાદન [illegible]
રહ્યાં છે.

આ ઉપાસકદશાંગ સૂત્રનું પ્રાક્-કથન લખવાનું મારા ફાળે આવ્યું એ મારા માટે એક યોગાનુયોગ પ્રસંગ છે. ઈ.સ. ૧૯૩૬માં મારા હાથે ઉપાસકદશાંગ સૂત્રની પ્રસ્તાવના લખવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયેલ. ઇ. સ. ૧૯૩૪થી ૩૬ના ગાળામાં શાસ્ત્રવિશારદ, આગમજ્ઞાન નિષ્ણાત સદ્‌ગત આચાર્યશ્રી ઘાસીલાલજી મહારાજ કરાંચી (સંઘ)માં ચાતુર્માસ માટે આવેલ હતા. શ્રી ઘાસીલાલજી મહારાજે સંપાદિત કરેલ ઉપાસકદશાંગ સૂત્ર કરાંચીના સ્થાનકવાસી જૈન સંઘે પ્રકટ કરેલ અને એ વખતે હું કરાચીના સ્થાનકવાસી જૈન સંઘનો મંત્રી હોવાથી એ સૂત્રની પ્રસ્તાવના લખવાનું મારા ભાગે આવેલું અને આજે બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘના આશ્રયે ચાલતી શ્રમણી વિદ્યાપીઠના જ એક વિદ્યાર્થિની મહાસતીજી શ્રી ઉર્વશીબાઈ સ્વામી અનુવાદિત, એ જ સૂત્રની પ્રસ્તાવના લખવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું છે એ માટે હું ગૌરવ અનુભવું છું.

આ સ્થળેથી પુનઃ આ સૂત્રના વિદ્વાન સંપાદકશ્રી શોભાચન્દ્રજી ભારિલ્લ અને એમનાં ગુજરાતી અનુવાદકર્તા સાધ્વીજી શ્રી ઉર્વશીબાઈના પ્રશંસનીય પ્રયત્નોને બિરદાવી બન્નેને ધન્યવાદ—સાધુવાદ સમર્પું છું.

લિ.

મુંબઈ
૫ જૂન, ૧૯૭૫

ખીમચંદ મગનલાલ વોરા
માનદ મંત્રી, શ્રમણી વિદ્યાપીઠ, ઘાટકોપર

સમ્પાદકીય વક્તવ્ય

પુરાતન જીવન-નીતિનું ભવ્ય ચિત્ર—ઉવાસગદશાઓ

તીર્થંકર ભગવાન મહાવીર પોતાના સમયના એક મહાન ક્રાન્તિકારી મહાપુરુષ હતા. તે માનવ-જીવનને એક અખંડ રૂપમાં જોતા હતા અને તેથી તેમણે જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં એક સાથે ક્રાન્તિનું આહ્વાન કર્યું. જનસામાન્યની ધારણાઓને નવો વળાંક આપ્યો. પારિવારિક, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રમાં તેમણે નવીન ભાવનાઓનો સમાવેશ જેમ કર્યો છે તેમ જ ભાષાના ક્ષેત્રમાં પણ એક નવીન દૃષ્ટિ આપી છે. લોકભાષાને પોતાના ઉપદેશનું વાહન બનાવી મહાવીર સ્વામીએ તેને વિદ્વદ્ભાષાની સમકક્ષ બનાવી દીધી. મગધ જનપદ તેમની જન્મભૂમિ હતી, તેથી મગધમાં અને તેના સમીપવર્તી પ્રદેશોમાં જનસાધારણ દ્વારા બોલાતી મિશ્રિત ભાષા 'અર્ધ-માગધી' નામથી પ્રસિદ્ધ થઈ અને તે ભાષામાં તેમનાં પ્રવચનોનો સંગ્રહ થયો.

મહાવીર પછીના જૈનાચાર્યોએ અર્ધમાગધી અને તેના સમાન અન્ય પ્રાદેશિક ભાષાઓ-માં વિશાળ સાહિત્યની રચના કરી છે, જેમાં જ્ઞાન-વિજ્ઞાનની લગભગ બધી શાખાઓનો સમાવેશ થઈ જાય છે.

ભારતીય તત્ત્વચિન્તનની ધારા વૈદિક, જૈન અને બૌદ્ધ પરમ્પરાની ત્રિવેણીના રૂપમાં પ્રવાહિત થઈ છે, એમાંથી જૈન અને બૌદ્ધ વિચારધારાનો સ્રોત પ્રાકૃત ભાષા છે. તેને સમજ્યા વિના આ બહુમૂલ્ય-કિંમતી વિચારધારાઓના મૂલસ્વરૂપને હૃદયંગમ ન કરી શકાય.

બૌદ્ધ-પરમ્પરાના ત્રિપિટકની જેમ જૈન પરમ્પરામાં દ્વાદશાંગી ગણિપિટક પ્રસિદ્ધ છે. તે સમગ્ર જૈન-આધ્યાત્મિક તેમજ દાર્શનિક સાહિત્યની ગંગોત્રી છે. આ બાર અંગોમાં એક 'ઉપાસકદશાંગ' છે, તેનું અહીં દિગ્દર્શન કરાવવું છે. 'ઉવાસગદસાઓ' એ દ્વાદશાંગીમાં સાતમું અંગ છે. સામાન્યરૂપે ભારતીય સંસ્કૃતિમાં અને વિશેષતાએ જૈન પરંપરામાં ત્યાગીવર્ગને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે, તેના આચાર-વિચારના સંબંધમાં પણ વધારે ઊહાપોહ થયેલ છે અને તે સંબંધી સેંકડો ગ્રન્થોનું નિર્માણ થયું છે. પરંતુ જ્યાં સુધી અમારી જાણ છે ત્યાં સુધી શુદ્ધ ગૃહસ્થધર્મનું સાંગોપાંગ પ્રતિપાદન કરનાર 'ઉવાસગદસાઓ' ભારતનો જ નહિ પરંતુ વિશ્વનો પ્રથમ ગ્રન્થ છે.

'ઉવાસગદસાઓ' દશ અધ્યયનોમાં વિભાજિત છે. પ્રત્યેક અધ્યયનમાં ભગવાન મહાવીરના એક એક પ્રધાન ઉપાસક ગૃહસ્થ શિષ્યના જીવનને બતાવ્યું છે. એમના જીવનનું ચિત્રણ બહુમુખી છે. તેને જાણવાથી અઢી હજાર વર્ષ પૂર્વના ધાર્મિક, સામાજિક અને પારિવારિક જીવનના અનેક દૃશ્યો સામે આવી જાય છે. તે સમયમાં ભારતનું કલાકૌશલ કેટલું વધ્યું હતું,

વિદેશો સાથે આપણો વ્યાપાર કેવી રીતે ચાલતો હતો, નગરો તેમ જ ભવનોના નિર્માણમાં કઈ કઈ વાત ઉપર ધ્યાન અપાતું હતું, ઇત્યાદિ અનેક વિષયો ઉપર 'ઉવાસગદસાઓ' સુંદર પ્રકાશ પાડે છે.

ગ્રન્થના પ્રથમ અધ્યયનમાં ઉપાસક આનંદને પ્રતીક બનાવી ગૃહસ્થ-જીવનનાં સર્વ અંગોનું વિશદ વિવેચન કર્યું છે. આનંદ વાણિજ્યગ્રામનો નિવાસી તથા કોટયધીશ વણિક હતો. તેનુ વ્યક્તિગત જીવન એટલું વિશ્વસનીય અને પ્રામાણિક હતું કે રાજાથી લઈને રંક સુધીના બધા પોતાની ગુપ્તમાં ગુપ્ત સમસ્યાના વિષયમાં તેનો પરામર્શ લેતા હતા. સ્વપ્નમાં પણ કોઈ ને આશંકા થતી ન હતી કે આનંદના કાનોમાં જઈ અમારુ કોઈ રહસ્ય પ્રગટ થઈ જશે, અર્થાત્ આનંદને કહેલી વાત કોઈ બીજા પાસે જતી ન હતી. આનંદ બધાના માટે આધાર, અવલંબન, પ્રમાણ અને મેઢિ-સ્તંભ સમાન હતો, બધાનો પથપ્રદર્શક હતો.

આનંદ પાસે ૧૨ કરોડની સંપત્તિ હતી. તેણે બુદ્ધિપૂર્વક તે સંપત્તિનુ વિભાજન કર્યું હતું. ૪ કરોડ સોનામહોરો વ્યાપારમાં રોકી હતી, ૪ કરોડ ભંડારમાં રાખી હતી, ૪ કરોડ મકાન, દુકાન અને ફર્નિચરાદિમાં હતી. વિદેશો સાથે તેનો વ્યાપાર ચાલતો હતો. ચાર જહાજ ચારે દિશાઓમાં સમુદ્રયાત્રા કરતાં હતાં.

આજે ભારત વિદેશો પાસેથી અન્નની ભીખ માંગી રહ્યું છે, પરંતુ તે સમયની સ્થિતિ આજની પરિસ્થિતિ કરતાં સર્વથા વિપરીત હતી. સમગ્ર દેશ ધનધાન્યથી પરિપૂર્ણ હતો. લોકોક્તિ પ્રસિદ્ધ છે કે અહીં ઘી-દૂધની નદીઓ વહેતી હતી. આ વાતની પુષ્ટિ માટે 'ઉવાસગ-દસાઓ'નું અધ્યયન ઘણું ઉપયોગી છે.

આનંદ એ મોટો વેપારી હતો, એ જ રીતે મોટો ખેડૂત પણ હતો. તેને ત્યાં ૫૦૦ હળોથી ખેતી થતી હતી. આ ગ્રન્થમાં બીજા જે ઉપાસકોનું વર્ણન છે તેઓ પણ ૫૦૦ હળોથી ખેતી કરતા હતા મહાવીરસંઘમા જાતિના ભેદભાવનુ સ્થાન નહિ હોવાના કારણે તેમાં સર્વ પ્રકારના લોકો હતા. આ દશ ઉપાસકોમાં શકડાલ ઉપાસક કુંભાર હતો. તે ઘણાં માટીનાં વાસણો બનાવવાનો અને વેચવાનો ધંધો કરતો હતો, છતાં તેને ત્યા પણ ૫૦૦ હળથી ખેતી થતી હતી.

દશે ઉપાસકોને ત્યાં પ્રચુર સંખ્યામાં ગોપાલન થતું હતું. કોઈને ત્યાં દશ હજાર, કોઈને ત્યાં ચાલીસ હજાર, કોઈને ત્યાં સાઠ હજાર અને કોઈના ઘરે એંસી હજાર ગાયો હતી.

એ વાત સ્પષ્ટ છે કે પ્રાચીનકાળમાં આજની જેમ રાજનૈતિક મહત્ત્વાકાંક્ષાઓની પૂર્તિ માટે ગોરક્ષાના પડકારો કરાતા ન હતા, પરંતુ પ્રત્યેક ગૃહસ્થ પોતાનું ધર્મ કર્તવ્ય સમજીને ગોપાલન કરતા હતા. આ ગ્રંથનુ બારીકાઈથી અધ્યયન કરવાથી પ્રતીત થાય છે કે તે સમયમાં સમ્પત્તિના પ્રમાણમાં ગાયોનું રક્ષણ કરાતું હતું. જેની પાસે જેટલી સમ્પત્તિ હોય તેટલું તે પ્રમાણમાં ગાયો રાખવી જ જોઈએ, એવી એક સામાજિક મર્યાદા હતી. આપણે જોઈએ છીએ કે દશે ઉપાસકોએ આ મર્યાદાનૂ પાલન કર્યું છે.

સ્તનો વક્ષસ્થળ ઉપર લટકતાં હતાં. નાભિ વણકરના, વસ્ત્રોમાં આર ચડાવવાની કૂંડી સમાન હતી. આ પ્રકારની અસાધારણ શરીર-સંપત્તિની સાથે તેની વેષભૂષા પણ અલબેલી હતી. ભૃકુટિ ચડેલી હતી અને મોઢામાંથી બહાર નીકળેલી જીભ લબકારા મારતી હતી. મસ્તક ઉપર કાકીડાની માળા હતી. કાનોમાં કુંડળની જગ્યાએ નોળિયા લટકતા હતા. વક્ષસ્થળ ઉપર સર્પરાજ સુશોભિત હતો.

ભારતમાં પ્રચલિત થયેલા અસંખ્ય વાદોમાં એક નિયતિવાદ પણ પ્રાચીન વાદ છે, જેની છાપ આજ પણ લોકોમાં ઘણે ભાગે અંકિત છે. ઉપનિષદોમાં પણ જ્યાં ત્યાં આ વાદનો ઉલ્લેખ મળે છે. પણ જણાય છે કે, તેને દાર્શનિક રૂપ મહાવીરના સમકાલીન અને થોડા સમય સુધીના તેના અનુયાયી મંખલિપુત્ર ગોશાલકે આપેલ છે. નિયતિવાદ અનુસાર ઉત્થાન, કર્મ, શારીરિક બળ, આત્મિક વીર્ય, પુરુષકાર અને પરાક્રમથી સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. સર્વ પદાર્થ નિયત છે, ભવિતવ્યતાને આધીન છે. અને જે થવાનુ છે તે થઈને જ રહે છે. માનવીય પુરુષાર્થ ભવિતવ્યતાની આગળ અકિંચિત્કર છે.

આ મન્તવ્યના આધાર ઉપર ગોશાલકે અલગ સંપ્રદાયની સ્થાપના કરી અને કોટિ કોટિ જનો તેના અનુયાયી બન્યા. ભગવાન મહાવીર નિયતિવાદના વિરુદ્ધ પુરુષાર્થવાદ ઉપર વિશ્વાસ રાખતા હતા. તેમનુ મંતવ્ય એ હતું કે નિયતિવાદ માનવ જીવનમા અકર્મણ્યતા અને આળસનો જનક છે. પ્રકૃત ગ્રંથમાં નિયતિવાદનો નિરાસ કરી પુરુષાર્થવાદનુ પ્રબળ યુક્તિઓથી સમર્થન કર્યું છે. મનુષ્યને આ લોક અને પરલોકમાં જે કંઈ સિદ્ધિ પ્રાપ્ત થાય છે તે તેનાં બળ, વીર્ય, પુરુષાર્થ અને પરાક્રમનું જ ફળ છે. કેવળ નિયતિવાદ આળસુ લોકોના મગજની ઊપજ છે. 'ઉવાસગદસાઓ'મા બે જગ્યાએ આ વાદની ચર્ચા છે તેથી સ્પષ્ટ જણાય છે કે તે સમયના લોકો નિયતિવાદના–અકર્મણ્યતાના ચક્કરમાં પડી ગયા હતા, તેથી આ ભ્રમણાથી તેઓનો ઉદ્ધાર કરવો અત્યંત આવશ્યક હતો.

આજની દોષપૂર્ણ સામાજિક વ્યવસ્થાએ આર્થિક સંઘર્ષને પ્રોત્સાહન આપ્યુ છે અને આ સંઘર્ષના કારણે ભિન્ન ભિન્ન વર્ગ સ્થપાણા છે. વિશ્વની વર્તમાન અશાન્તિનુ આ મૂળ છે. પરંતુ પ્રાચીન ભારતમાં આવા પ્રકારની અશાંતિ ન હતી. તેના કારણોના સંબંધમાં મતભેદ થઈ શકે છે, છતાં પણ 'ઉવાસગદસાઓ'મા વર્ણન કરેલ ચારિત્રથી જે ફલિતાર્થ નીકળે છે તેના તરફ અવશ્ય ધ્યાન આપવું જોઈએ. કદાચિત્ તેનાથી આપણી સમસ્યાઓના સમાધાનમાં સહાયતા મળી શકે.


ઉપાસક આનન્દે ભગવાન મહાવીરની પાસેથી ૧૨ વ્રતોને સ્વીકાર્યાં. તેમાં અહિંસા, સત્ય, અસ્તેય અને બ્રહ્મચર્ય તો હતાં જ, તે સિવાયના પરિગ્રહપરિમાણ, ભોગોપભોગપરિમાણ, અનર્થદંડત્યાગ અને અતિથિસંવિભાગવ્રત વિશેષરૂપે ઉલ્લેખનીય છે, તેનો અર્થવ્યવસ્થાની સાથે સીધો સંબંધ છે.

પરિગ્રહપરિમાણ વ્રતમાં તેણે અસીમ તૃષ્ણાને નિયંત્રિત કરવા માટે ધનધાન્યઆદિની મર્યાદા કરી હતી. ભોગોપભોગપરિમાણવ્રતમાં તેણે એક જ વાર ઉપયોગમાં આવનારા આહારાદિનો

અનુક્રમ

વિષય	પૃષ્ઠ
પ્રથમ અધ્યયન — આનન્દ	૧
બીજું અધ્યયન — કામદેવ	૩૨
ત્રીજું અધ્યયન — ચુલનીપિતા	૪૮
ચોથું અધ્યયન — સુરાદેવ	૫૭
પાંચમું અધ્યયન — ચુલ્લશતક	૬૧
છઠ્ઠું અધ્યયન — કુંડકોલિક	૬૪
સાતમું અધ્યયન — સકડાલપુત્ર	૭૦
આઠમું અધ્યયન — મહાશતક	૯૨
નવમું અધ્યયન — નન્દિનીપિતા	૧૦૪
દશમું અધ્યયન — સાલિહીપિતા	૧૦૬
સંગ્રહગાથાઓ	૧૦૮
પરિશિષ્ટ—સંગ્રહગાથાઓનો અર્થ	૧૦૯

સમર્પણ



સાહિત્ય-વાંચનમાં પ્રથમ પગ મૂકનારી
પગલી-[illegible]

આ કૃતિની ભાવના પાવન કર-
કમળોમાં સાદર સવિનય
સમર્પિત કરીએ છીએ

સાધ્વી ઉર્વશી



સંવત ૨૦૩૧

चत्तारि वया, दस-गो-साहस्सिएणं वएणं होत्था ।

અને ચાર હિરણ્યકોટિ ધનધાન્યાદિના વિસ્તારમાં રોકાયેલી હતી. વળી તેને દશ હજાર ગાયોના એક વ્રજના હિસાબે ચાર વ્રજો હતા.

७. से णं आणदे गाहावई बहूणं राईसर जाव सत्थवाहाण बहूसु कज्जेसु य कारणेसु य मंतेसु य कुडुम्बेसु य गुज्झेसु य रहस्सेसु य निच्छएसु य ववहारेसु य आपुच्छणिज्जे पडिपुच्छणिज्जे, सयस्सवि य ण कुडुम्बस्स मेढी, पमाण, आहारे, आलबण, चक्खू, मेढीभूए जाव सव्व-कज्जवड्ढावए यावि होत्था ।

તે આનંદ ગૃહપતિ ઘણા રાજા ધનિક વગેરે યાવત્ સાર્થવાહોના ઘણા કાર્યોમાં, મંત્ર-વિચારોમાં તથા કુટુમ્બોમાં ગુપ્ત રહસ્યો, નિશ્ચયો અને વ્યવહારોમાં પૂછવા યોગ્ય, સલાહ લેવા યોગ્ય હતો. પોતાના કુટુમ્બનો પણ આધાર, પ્રમાણભૂત યાવત્ બધા કાર્યોને વધારનાર હતો.

८ तस्स ण आणदस्स गाहावइस्स सिवनदा (सिवानन्दा) नाम भारिया होत्था, अहीण जाव सुरूवा । आणदस्स गाहावइस्स इट्ठा, आणदेण गाहावइणा सद्धि अणुरत्ता, अविरत्ता, इट्ठे सद्द० जाव पचविहे माणुस्सए कामभोए पच्चणुभवमाणी विहरइ ।

તે આનંદ ગૃહપતિને શિવાનન્દા નામે ભાર્યા હતી. તે પરિપૂર્ણ અંગવાળી, યાવત્ સુંદર રૂપવાળી, આનંદ ગૃહપતિને પ્રિય અને આનંદ ગૃહપતિની સાથે અનુરક્ત અને અવિરક્ત થયેલી ઇષ્ટ શબ્દાદિ મનુષ્ય સંબંધી કામ અને ભોગોનો અનુભવ કરતી હતી.

९ तस्स णं वाणियगामस्स बहिया उत्तरपुरत्थिमे दिसीभाए एत्थ णं कोल्लाए नामं सन्निवेसे होत्था । रिद्ध-त्थिमिय जाव पासादीए, दरिसणिज्जे, अभिरूवे, पडिरूवे ।

તે વાણિજ્યગ્રામ નગરની બહાર ઈશાન-કોણમાં કોલ્લાક નામે સંનિવેશ-ઉપનગર હતો. તે સમૃદ્ધિવાળો, નિરુપદ્રવ, દર્શનીય, સુંદર યાવત્ મનને પ્રસન્ન કરનાર હતો.

કરે છે. પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર યાવત્ પર્યુપાસના કરે છે.

१३. तए णं समणे भगवं महावीरे आणंदस्स गाहावइस्स, तीसे य महइ-महालियाए परिसाए जाव धम्मकहा । परिसा पडिगया, राया य गओ ।

ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરે આનંદ ગૃહપતિને તથા અત્યંત મોટી પરિષદને ધર્મોપદેશ કર્યો. પરિષદ પાછી ગઈ અને રાજા પણ પાછો ગયો.

१४. तए णं से आणंदे गाहावई समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं सोच्चा निसम्म हट्ठ-तुट्ठ जाव एवं वयासी—सद्दहामि णं भंते! णिग्गंथं पावयणं, पत्तियामि णं भंते! णिग्गंथं पावयणं, रोएमि णं भंते! निग्गंथं पावयणं, एवमेयं, भंते! तहमेयं, भंते! अवितहमेयं, भंते! इच्छियमेयं, भंते! पडिच्छियमेयं, भंते! इच्छिय-पडिच्छियमेयं, भंते! से जहेयं तुब्भे वयह त्ति कट्टु, जहा णं देवाणुप्पियाणं अंतिए बहवे राईसर-तलवर-माडंबिय-कोडुम्बिय-सेट्ठि-सेणावई-सत्थवाहप्प-भिइआ मुण्डा भवित्ता अगाराओ अणगारियं पव्वइया, नो खलु अहं तहा संचाएमि मुंडे जाव पव्वइत्तए । अहं णं देवाणुप्पियाणं अंतिए पंचाणुव्वइयं सत्त सिक्खावइयं दुवालस-विहं गिहिधम्मं पडिवज्जिस्सामि । अहासुहं, देवाणुप्पिया! मा पडिबंधं करेह ।

ત્યાર બાદ આનંદ ગૃહપતિ શ્રમણ ભગવંત મહાવીરની પાસે ધર્મ સાંભળી, અવધારી પ્રસન્ન અને સંતુષ્ટ થઈ આ પ્રમાણે બોલ્યો: હે ભગવન્! નિર્ગ્રન્થ પ્રવચન ઉપર શ્રદ્ધા કરું છું. ભગવન્! હું નિર્ગ્રન્થ પ્રવચન ઉપર પ્રતીતિ કરું છું. હે ભગવન્! હું નિર્ગ્રન્થ પ્રવચન ઉપર રુચિ કરું છું. ભગવન્! તમે કહો છો તે એમ જ છે. હે ભગવન્ તેમ જ છે. હે ભગવન્! તે સત્ય છે. હે ભગવન્! એ મને ઇષ્ટ છે. એ મને સ્વીકૃત છે અને ઇચ્છિત અને પ્રતીચ્છિત છે. દેવાનુપ્રિય! આપની પાસે જેમ ઘણા રાજા, યુવરાજો, રાજસ્થાનીય પુરુષો, માંડલિકો, કૌટુમ્બિકો, શ્રેષ્ઠી, સેનાપતિ અને સાર્થવાહો વગેરે મુંડ થઈને ગૃહવાસથી નીકળી મુનિ થયા તેવી રીતે હું પ્રવ્રજ્યા ગ્રહણ કરવામાં સમર્થ નથી. હું તો દેવાનુપ્રિયની પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત આવી રીતે બાર પ્રકારના ગૃહસ્થ-ધર્મને સ્વીકાર કરીશ. ભગવાને કહ્યું: દેવાનુપ્રિય! જેમ સુખ ઉપજે તેમ કરો—ઇચ્છા પ્રમાણે કરો. પ્રતિબન્ધ ન કરો.

२०. तयाणंतरं च णं चउप्पयविहि-परिमाणं करेइ, नन्नत्थ चउहिं वएहिं दसगोसाहस्सिएणं वएणं, अवसेसं सव्वं चउप्पयविहिं पच्चक्खामि ।

તે પછી ચતુષ્પદ વિધિનું પરિમાણ કરે છે. દશ હજાર ગાયનું એક વ્રજ એવાં ચાર વ્રજ સિવાય બાકીના ચતુષ્પદોનું પ્રત્યાખ્યાન કરું છું.

२१. तयाणंतरं च णं खेत्त-वत्थुविहि-परिमाणं करेइ, नन्नत्थ पंचहिं हलसएहिं नियत्तण-सइएणं हलेणं अवसेसं सव्वं खेत्तवत्थुविहिं पच्चक्खामि ।

ત્યાર બાદ ક્ષેત્ર-વાસ્તુનું પરિમાણ કરે છે. જેનાથી સો વીઘા ખેડી શકાય એવું એક હળ, એવા પાંચસો હળો સિવાય અન્ય બધા ક્ષેત્ર-વાસ્તુનું પ્રત્યાખ્યાન કરું છું.

२२. तयाणंतरं च णं सगडविहिपरिमाणं करेइ, नन्नत्थ पंचहिं सगडसएहिं दिसायत्तिएहिं, पंचहिं सगडसएहिं संवाहणिएहिं, अवसेसं सव्वं वाहणविहिं पच्चक्खामि ।

ત્યાર પછી ગાડાનું પરિમાણ કરે છે. બહાર દેશાન્તરમાં ગમન કરવા યોગ્ય પાંચસો ગાડા અને માલને વહન કરનારા પાંચસો ગાડા ઉપરાંત બધા શકટોનું પ્રત્યાખ્યાન કરું છું.

२३. तयाणंतरं च णं वाहणविहिपरिमाणं करेइ, नन्नत्थ चउहिं वाहणेहिं दिसायत्तिएहिं, चउहिं वाहणेहिं संवाहणिएहिं, अवसेसं सव्वं वाहणविहिं पच्चक्खामि ।

ત્યાર બાદ વહાણનું પ્રત્યાખ્યાન કરે છે. દેશાન્તરમાં મોકલવા યોગ્ય ચાર વહાણો સિવાય બાકીના વહાણોનું પ્રત્યાખ્યાન કરું છું.

२४. तयाणंतरं च णं उवभोगपरिभोगविहिं पच्चक्खायमाणे, उल्लणियाविहि-परिमाणं करेइ । नन्नत्थ एगाए गंधकासाईए, अवसेसं सव्वं उल्लणियाविहिं पच्चक्खामि ।

ત્યાર બાદ ઉપભોગ-પરિભોગ વિધિનું પ્રત્યાખ્યાન કરતા અંગલૂછણું-શરીર લુછવાના રુમાલ આદિનું પરિમાણ કરે છે. એક સુગંધી લાલ રુમાલ સિવાય બીજા બધા શરીર લુછવાના બધા રુમાલ આદિના પ્રત્યાખ્યાન કરું છું.

३१. तयाणंतरं च णं विलेवणविहि—परिमाणं करेइ। नन्नत्थ अगरु-कुंकुमचंदणमादिएहिं, अवसेसं विलेवण-विहिं पच्चक्खामि।

ત્યાર પછી વિલેપનવિધિનું પરિમાણ કરે છે. અગર-કુંકુમ કેસર અને ચંદનાદિ સિવાય બાકીના વિલેપનનો ત્યાગ કરું છું.

३२. तयाणंतर च ण पुष्फविहिपरिमाणं करेइ। नन्नत्थ एगेण सुद्धपउमेणं, मालइकुसुमदामेण वा, अवसेसं पुष्फविहिं पच्चक्खामि।

ત્યાર પછી પુષ્પવિધિનું પરિમાણ કરે છે. એક શુદ્ધ કમળ અને માલતીના પુષ્પોની માળા સિવાય બાકીના પુષ્પવિધિનો ત્યાગ કરું છું.

३३. तयाणंतर च णं आभरणविहिपरिमाण करेइ। नन्नत्थ मट्ठकण्णेज्जएहिं नाममुद्दाए य, अवसेसं आभरणविहिं पच्चक्खामि।

ત્યાર બાદ આભરણ વિધિનું પરિમાણ કરે છે. કાનનાં આભરણ અને નામવાળી મુદ્રિકા સિવાય બાકીના અલંકારોનો ત્યાગ કરું છુ.

३४ तयाणंतर च ण धूवणविहिपरिमाण करेइ। नन्नत्थ अगरु-तुरुक्क-धूवमादिएहिं, अवसेस धूवणविहिं पच्चक्खामि।

ત્યાર પછી ધૂપવિધિનું પરિમાણ કરે છે. અગર અને શિલારસ, લોબાનના ધૂપ વગેરે સિવાય બાકીના ધૂપવિધિનો ત્યાગ કરું છું.

३५. तयाणंतर च ण भोयणविहिपरिमाण करेमाणे, पेज्जविहिपरिमाण करेइ। नन्नत्थ एगाए कट्ठपेज्जाए, अवसेस पेज्जविहिं पच्चक्खामि।

તેના પછી ભોજનવિધિનું પરિમાણ કરતો પેયવિધિનું પરિમાણ કરે છે. એક કાષ્ઠપેય (મગ અથવા ચોખાથી બનેલ પેય) સિવાય બાકીના પેયવિધિનો ત્યાગ કરું છું.

३६. तयाणंतरं च ण भक्खविहिपरिमाणं करेइ। नन्नत्थ एगेहिं घयपुण्णेहिं खण्डखज्जएहिं वा, अवसेस भक्खविहिं पच्चक्खामि।

ત્યાર પછી (ભક્ષ્યવિધિ) પકવાનોનું પરિમાણ કરે છે. એક ઘેવર અને ખાંડનાં ખાજાં સિવાય બીજા ભક્ષ્યનો ત્યાગ કરું છું.

४४. तयाणंतरं च णं मुहवास-विहि-परिमाणं करेइ। नन्नत्थ पंचसोगंधिएणं तंबोलेणं, अवसेसं मुहवास-विहिं पच्चक्खामि ।

ત્યાર પછી મુખવાસની વિધિનું પરિમાણ કરે છે. પાંચ સુગંધી પદાર્થ સહિત તાંબુલ સિવાય બાકીના બધા મુખવાસ વિધિનો ત્યાગ કરું છું.

४५. तयाणंतरं च णं चउव्विहं अणट्ठादंडं पच्चक्खाइ । तं जहा—अवज्भाणायरियं, पमायायरियं, हिंसप्पयाणं, पावकम्मोवएसे ।

ત્યાર પછી ચાર પ્રકારના અનર્થ દંડનો ત્યાગ કરે છે. તે આ પ્રમાણે: (૧) અપધ્યાનાચરિત—દુર્ધ્યાન કરવું (૨) પ્રમાદાચરિત–પ્રમાદ સેવવો (૩) હિંસપ્રદાન–હિંસા કરનાર શસ્ત્રાદિ આપવાં (૪) પાપકર્મનો ઉપદેશ કરવો.

४६. इह खलु आणंदाइ समणे भगवं महावीरे आणंदं समणोवासगं एवं वयासी–एवं खलु, आणंदा ! समणोवासएणं अभिगयजीवाजीवेण जाव अणइक्कमणिज्जेणं सम्मत्तस्स पंच अइयारा पेयाला जाणियव्वा, न समायरियव्वा। तंजहा—संका, कंखा, विइगिच्छा, परपासंड-पसंसा, पर-पासंड-संथवे ।

'હે આનંદ' એમ સંબોધીને શ્રમણ ભગવાન મહાવીરે આનંદ શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું: હે આનંદ! જીવાજીવ તત્ત્વને જાણેલા છે એવા અને યાવત્ નિર્ગ્રન્થ પ્રવચનથી અનતિક્રમણીય—દેવાદિ વડે પણ ચલાયમાન ન થઈ શકનાર એવા—શ્રમણોપાસકે સમ્યક્ત્વના પ્રધાન–સ્થૂલ પાંચ અતિચારો જાણવા જોઈએ પણ આચરવા જોઈએ નહિ. તે આ પ્રમાણે: (૧) શંકા (વીતરાગના વચનમાં સંદેહ) (૨) કાંક્ષા (અન્ય દર્શનની ઇચ્છા) (૩) વિચિકિત્સા (ધર્મનાં ફળમાં સંદેહ) (૪-૫) પર પાખંડ પ્રશંસા અને સંસ્તવ–પર દર્શનીની પ્રશંસા અને પરિચય.

४७. तयाणंतरं च णं थूलगस्स पाणाइवायवेरमणस्स समणोवासएणं पंच अइयारा पेयाला जाणियव्वा, न समायरियव्वा।

ત્યાર બાદ શ્રમણોપાસકે સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રતના પાંચ પ્રધાન અતિચારો જાણવા, પરંતુ તેનું આચરણ ન કરવું. તે આ પ્રમાણે:

५०. तयाणंतरं च णं सदारसंतोसिए पंच अइयारा जाणियव्वा, न समायरियव्वा। तं जहा—इत्तरियपरिग्गहियागमणे, अपरिग्गहियागमणे, अणंगकीडा, परविवाहकरणं, काम-भोगतिव्वाभिलासे।

ત્યાર બાદ સ્વદારસંતોષવ્રતને વિષે પાંચ અતિચારો જાણવા, પણ આચરવા નહિ. તે આ પ્રમાણેઃ (૧) ઈત્વર પરિગૃહીતાગમન—થોડા કાળ સુધી ગ્રહણ કરેલી સ્ત્રી સાથે ગમન કરવું (૨) અપરિગૃહીતાગમન—કોઈએ નહિ ગ્રહણ કરેલી વેશ્યા વગેરે સાથે ગમન કરવું (૩) અનંગક્રીડા—આલિંગનાદિ ક્રીડા કરવી (૪) પરવિવાહકરણ—પોતાની સંતતિ સિવાય બીજાના વિવાહ કરવા (૫) કામભોગ તીવ્રાભિલાષ—કામભોગોમાં તીવ્ર ઇચ્છા કરવી.

५१. तयाणंतरं च णं इच्छा-परिमाणस्स समणोवासएणं पंच अइयारा जाणियव्वा, न समायरियव्वा। तं जहा—खेत्तवत्थु-पमाणाइक्कमे, हिरण्ण-सुवण्ण-पमाणाइक्कमे, दुपय-चउप्पय-पमाणाइक्कमे, धण-धन्न-पमाणाइक्कमे, कुविय-पमाणाइक्कमे।

ત્યાર પછી શ્રમણોપાસકે ઇચ્છા પરિમાણ વ્રતના પાંચ અતિચારો જાણવા પણ આચરવા નહિ. તે આ પ્રમાણે (૧) ક્ષેત્ર વાસ્તુ પ્રમાણાતિક્રમ—ક્ષેત્ર—ખુલ્લી જગ્યા અને વાસ્તુ—ઘરના પ્રમાણનું ઉલ્લંઘન કરવું. (૨) હિરણ્ય—સુવર્ણ પ્રમાણાતિક્રમ—રૂપા અને સોનાના પ્રમાણનું ઉલ્લંઘન કરવું. (૩) દ્વિપદ ચતુષ્પદ પ્રમાણાતિક્રમ—દાસ દાસી વગેરે દ્વિપદ તથા ગાય પ્રમુખ ચતુષ્પદ પશુઓના પ્રમાણનું ઉલ્લંઘન કરવું.

५२. तयाणंतरं च णं दिसिव्वयस्स पंच अइयारा जाणियव्वा, न समायरियव्वा। तं जहा—उड्ढ-दिसि-पमाणाइक्कमे, अहो-दिसि-पमाणाइक्कमे, तिरिय-दिसि-पमाणाइक्कमे, खेत्त-वुड्ढी, सइअंतरद्धा।

ત્યાર પછી દિશાવ્રતના પાંચ અતિચાર જાણવા પણ આચરવા નહિ. તે (૧-૩) ઉર્ધ્વ-દિશા અધોદિશા અને તિર્છીદિશાના પ્રમાણનું ઉલ્લંઘન કરવું (૪) ક્ષેત્રવૃદ્ધિ—મર્યાદિત ક્ષેત્રમાં એક તરફ વૃદ્ધિ કરવી (૫) સ્મૃત્ય-ન્તર્ધાન—મર્યાદાનું સ્મરણ ન રાખવું.

વ્યાપાર કરવો (૧૦) યંત્ર પીડન કર્મ–તેલ, શેરડી વગેરે પીલવાનો ધંધો કરવો (૧૧) નિર્લાંછન કર્મ–પ્રાણીઓના કાન વગેરે અવયવોને છેદવાનો ધંધો કરવો (૧૨) દાવાગ્નિ દાપન–વન વગેરે અગ્નિથી સળગાવવા (૧૩) સરોહ્રદતડાગ શોષણ–સરોવર તળાવ વગેરેને સુકવી નાખવા (૧૪) અસતીજન પોષણ–કુલટા, દાસી વગેરે તથા હિંસક પ્રાણીઓનું ધંધા માટે પોષણ કરવું.

५४. तयाणंतरं च णं अणट्ठदंडवेरमणस्स समणोवासएणं पंच अइयारा जाणियव्वा न समायरिव्वा, तं जहा—कंदप्पे, कुक्कुइए, मोहरिए, संजुत्ताहिगरण, उवभोगपरिभोगाइरित्ते ।

ત્યાર બાદ શ્રમણોપાસકે અનર્થ દંડ વિરમણવ્રતના પાંચ અતિચારો જાણવા પણ આચરવા નહિ. તે આ પ્રમાણે : (૧) કંદર્પ–કામોત્તેજક વચનો બોલવા (૨) કૌકુચ્ય – કાયાથી કુચેષ્ટા કરવી (૩) મૌખર્ય–અસંબદ્ધ બોલવું (૪) સંયુક્તાધિકરણ–હિંસાનાં સાધનો જોડી તૈયાર કરવા (૫) ઉપભોગ-પરિભોગ – અતિરિક્ત-ઉપભોગ-પરિભોગની વસ્તુઓ અધિક રાખવી.

५५. तयाणंतर च णं सामाइयस्स समणोवासएणं पंच अइयारा जाणियव्वा, न समायरियव्वा, तं जहा—मणदुप्पणिहाणे, वयदुप्पणिहाणे, कायदुप्पणिहाणे, सामाइयस्स सइअकरणया, सामाइयस्स अणवट्ठियस्स-करणया ।

શ્રમણોપાસકે સામાયિક વ્રતના પાંચ અતિચારો જાણવા પણ તેઓનું આચરણ ન કરવું. તે આ પ્રમાણે : (૧) મનોદુષ્પ્રણિધાન–મનમાં દુષ્ટ ચિંતન કરવું. (૨) વચન-દુષ્પ્રણિધાન – દુષ્ટ વચનની પ્રવૃત્તિ કરવી (૩) કાય દુષ્પ્રણિધાન કાયાથી દુષ્ટ પ્રવૃત્તિ કરવી (૪) સામાયિક કરવાનું સ્મરણ ન રાખવું અને (૫) અનવસ્થિત–અનિયમિત સામાયિક કરવું.

વ્યાપાર કરવો (૧૦) યંત્ર પીડન કર્મ–તેલ, શેરડી વગેરે પીલવાનો ધંધો કરવો (૧૧) નિર્લાંછન કર્મ–પ્રાણીઓના કાન વગેરે અવયવોને છેદવાનો ધંધો કરવો (૧૨) દાવાગ્નિ દાપન–વન વગેરે અગ્નિથી સળગાવવા (૧૩) સરોહૃદતડાગ શોષણ–સરોવર તળાવ વગેરેને સૂકવી નાખવા (૧૪) અસતીજન પોષણ–કુલટા, દાસી વગેરે તથા હિંસક પ્રાણીઓનું ધંધા માટે પોષણ કરવું.

૫૪. तयाणंतरं च णं अणट्ठदंडवेरमणस्स समणोवासएणं पंच अइयारा जाणियव्वा न समायरिव्वा, तं जहा—कंदप्पे, कुक्कुइए, मोहरिए, संजुत्ताहिगरणं, उवभोगपरिभोगाइरित्ते ।

ત્યાર બાદ શ્રમણોપાસકે અનર્થ દંડ વિરમણવ્રતના પાંચ અતિચારો જાણવા પણ આચરવા નહિ. તે આ પ્રમાણે: (૧) કંદર્પ–કામોત્તેજક વચનો બોલવા (૨) કૌત્કુચ્ય – કાયાથી કુચેષ્ટા કરવી (૩) મૌખર્ય–અસંબદ્ધ બોલવું (૪) સંયુક્તાધિકરણ–હિંસાનાં સાધનો જોડી તૈયાર કરવા (૫) ઉપભોગ-પરિભોગ – અતિરિક્ત-ઉપભોગ-પરિભોગની વસ્તુઓ અધિક રાખવી.

૫૫. तयाणंतरं च णं सामाइयस्स समणोवासएणं पंच अइयारा जाणियव्वा, न समायरियव्वा, तं जहा—मणदुप्पणिहाणे, वयदुप्पणिहाणे, कायदुप्पणिहाणे, सामाइयस्स सइअकरणया, सामाइयस्स अणवट्ठियस्स करणया ।

શ્રમણોપાસકે સામાયિક વ્રતના પાંચ અતિચારો જાણવા પણ તેઓનું આચરણ ન કરવું. તે આ પ્રમાણે: (૧) મનોદુષ્પ્રણિધાન–મનમાં દુષ્ટ ચિંતન કરવું. (૨) વચન-દુષ્પ્રણિધાન – દુષ્ટ વચનની પ્રવૃત્તિ કરવી (૩) કાય દુષ્પ્રણિધાન કાયાથી દુષ્ટ પ્રવૃત્તિ કરવી (૪) સામાયિક કરવાનું સ્મરણ ન રાખવું અને (૫) અનવસ્થિત–અનિયમિત સામાયિક કરવું.

પરઠવાની ભૂમિનો ઉપયોગ કરવો (૫) પોષધોપવાસનું બરાબર પાલન ન કરવું.

५८. तयाणंतरं च णं अहासंविभागस्स समणोवासएणं पंच अइयारा जाणियव्वा न समायरियव्वा, तं जहा—सचित्तनिक्खेवणया, सचित्तपेहणया, कालाइक्कमे, परववएसे मच्छरिया ।

ત્યાર પછી શ્રમણોપાસકે યથાસંવિભાગ (અતિથિસંવિભાગ) વ્રતના પાંચ અતિચારો જાણવા પણ આચરવા નહિ. તે આ પ્રમાણે છે: (૧) સચિત્તનિક્ખેવણયા–સચિત્તનિક્ષેપણ (૨) સચિત્તપેહણયા–સચિત્તપિધાન (૩) કાલાઈક્કમે–કાલાતિક્રમ–સમય વીતી ગયા પછી ભિક્ષાદિના માટે આમંત્રિત કરવું (૪) પરવ્યપદેશ–પોતાની વસ્તુને બીજાની છે એમ કરીને બતાવવી (૫) મત્સરિતા–ઈર્ષાપૂર્વક દાન દેવું.

५९. तयाणंतरं च णं अपच्छिममारणंतियसंलेहणाझूसणाराहणाए पंच अइयारा जाणियव्वा न समायरियव्वा, तं जहा—इहलोगासंसप्पओगे, परलोगासंसप्पओगे, जीवियासंसप्पओगे, मरणासंसप्पओगे, कामभोगासंसप्पओगे ।

ત્યાર પછી અપશ્ચિમ મારણાન્તિક સંલેખના ઝૂષણા આરાધનાના પાંચ અતિચાર જાણવા પણ આચરવા નહિ. તે આ પ્રમાણે: (૧) ઇહલોગાસંસપ્પઓગે–આ લોકના સુખોની અભિલાષા કરવી (૨) પરલોગાસંસપ્પઓગે–પરલોકના સુખોની અભિલાષા કરવી (૩) જીવિયાસંસપ્પઓગે–જીવવાની આશંસા કરવી (૪) મરણાસંસપ્પઓગે–મરણની આશંસા કરવી (૫) કામભોગાસંસપ્પઓગે–ઇન્દ્રિયના વિષયોની ઇચ્છા કરવી.

६०. तए णं से आणंदे गाहावई समणस्स भगवओ महावीरस्स अंतिए पंचाणुव्वइयं सत्तसिक्खावइयं दुवालसविहं सावयधम्मं पडिवज्जइ, पडिवज्जित्ता

ત્યાર પછી આનંદ ગાથાપતિ શ્રમણ ભગવંત મહાવીરની પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતરૂપ બાર પ્રકારના શ્રાવકધર્મનો સ્વીકાર કરે છે. સ્વીકારીને શ્રમણ

કરી શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી અને દૂતિપલાશ ચૈત્યથી નીકળે છે. નીકળીને જ્યાં વાણિજ્યગ્રામ નગર છે અને જ્યાં પોતાનું ઘર છે ત્યાં આવે છે. ત્યાં આવીને શિવાનંદા ભાર્યાને આ પ્રમાણે કહે છે.

६१. 'एवं खलु देवाणुप्पिए! मए समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मे निसंते से वि य धम्मे मे इच्छिए पडिच्छिए अभिरुइए, तं गच्छ णं तुमं देवाणुप्पिए! समणं भगवं महावीरं वंदाहि जाव पज्जुवासाहि, समणस्स भगवओ महावीरस्स अंतिए पंचाणुव्वइयं सत्तसिक्खावइयं दुवालसविहं गिहिधम्मं पडिवज्जाहि'।

'દેવાનુપ્રિયે! મેં શ્રમણ ભગવંત મહાવીરની પાસે એ પ્રમાણે ધર્મ સાંભળ્યો અને તે ધર્મ મને ઇષ્ટ છે, પુનઃ પુનઃ ઇષ્ટ છે અને તેની મને રુચિ થઈ છે. માટે દેવાનુપ્રિયે! તું જા અને શ્રમણ ભગવંત મહાવીરને વંદન કર, યાવત્ તેમની પર્યુપાસના કર અને શ્રમણ ભગવંત મહાવીરની પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતરૂપ બાર પ્રકારના ગૃહસ્થધર્મનો સ્વીકાર કર.'

६२ तए णं सा सिवनंदा भारिया आणंदेणं समणोवासएणं एवं वुत्ता समाणा हट्ठ-तुट्ठा कोडुम्बियपुरिसे सद्दावेइ सद्दावित्ता एवं वयासी—'खिप्पामेव लहुकरण' जाव पज्जुवासइ ।

ત્યાર બાદ તે શિવાનન્દા ભાર્યા આનંદ શ્રાવક દ્વારા એમ કહેવા પર હર્ષિત અને પ્રસન્ન થઈ. તે કૌટુમ્બિક પુરુષોને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહ્યું. હે દેવાનુપ્રિયો! જલદી લઘુકરણ-શીઘ્રગમન કરનાર ઇત્યાદિ વર્ણનયુક્ત બળદો જેમાં જોડાયેલા હોય એવો શ્રેષ્ઠ ધાર્મિક રથ હાજર કરો. ત્યાર બાદ તે શ્રેષ્ઠ વાહનમાં બેસીને જાય છે. અને ભગવાનની યાવત્ પર્યુપાસના કરે છે.

६३. तए णं समणे भगवं महावीरे सिवनंदाए तीसे य महइ जाव धम्मं कहेइ ।

ત્યાર બાદ શ્રમણ ભગવંત મહાવીર શિવાનન્દાને અને તે મોટી પર્ષદાને ધર્મોપદેશ કરે છે.

६८. तए णं सा सिवनन्दा भारिया समणोवासिया जाया जाव पडिलाभेमाणी विहरइ ।

તે શિવાનંદા ભાર્યા પણ શ્રાવિકા થઈ. શ્રમણ નિર્ગ્રન્થોનો સત્કાર કરતી વિહરે છે.

६९. तए णं तस्स आणंदस्स समणोवासगस्स उच्चावएहिं-सीलव्वयगुण-वेरमण-पच्चक्खाण-पोसहोववासेहिं अप्पाणं भावेमाणस्स चोद्दस संवच्छराइं वइक्कंताइं। पण्णरसमस्स संवच्छरस्स अंतरा वट्टमाणस्स अन्नया कयाइ पुव्वरत्तावरत्त-काल-समयंसि धम्मजागरियं जागरमाणस्स इमेयारूवे अज्झत्थिए चिंतिए कप्पिए पत्थिए मणोगए संकप्पे समुप्पज्जित्था—"एवं खलु अहं वाणियगामे नयरे बहूणं राईसर जाव सयस्सावि य णं कुडुंबस्स जाव आधारे, तं एएणं वक्खेवेणं अहं नो संचाएमि समणस्स भगवओ महावीरस्स अंतियं धम्मपण्णत्तिं उवसंपज्जित्ताणं विहरित्तए। तं सेयं खलु ममं कल्लं जाव जलंते विउलं असणं ४, जहा पूरणो, जाव जेट्ठ-पुत्तं कुडुंबे ठवेत्ता, तं मित्त जाव जेट्ठ-पुत्तं च आपुच्छित्ता, कोल्लाए संनिवेसे नायकुलंसि पोसह-सालं पडिलेहित्ता, समणस्स भगवओ महावीरस्स अंतियं धम्म-पण्णत्तिं उवसंपज्जित्ताणं विहरित्तए ॥"

ત્યાર પછી આનંદ શ્રાવકના અનેક પ્રકારનાં શીલવ્રત, ગુણવ્રત, વિરમણવ્રત, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ વડે આત્માને ભાવિત કરતા ચૌદ વર્ષ વ્યતીત થયા. જ્યારે તે પંદરમા વર્ષના મધ્ય ભાગમાં વર્તતા હતા ત્યારે કોઈ દિવસે મધ્યરાત્રિના સમયે ધર્મ-જાગરિકા કરતા તેને આ આવા પ્રકારનો અધ્યવસાય, વિચાર, અભિલાષ અને મનોગત સંકલ્પ થયો—હું ખરેખર વાણિજ્યગ્રામ નગરમાં ઘણા રાજા, ધનાઢ્ય વગેરેને બહુ માન્ય છું. યાવત્ મારા પોતાના કુટુંબનો આધારભૂત છું. તેથી એ વિક્ષેપ વડે હું શ્રમણ ભગવંત મહાવીરની પાસે સ્વીકારેલી ધર્મપ્રજ્ઞપ્તિને (સારી રીતે) સ્વીકાર કરી પાલન કરવા સમર્થ નથી. તે માટે મારે કાલે સૂર્યોદય થાય ત્યારે પૂરણશેઠની જેમ વિપુલ અશન પાન ખાદિમ અને સ્વાદિમ આહાર તૈયાર કરાવી, યાવત્ કુટુંબને આમંત્રી યાવત્ જ્યેષ્ઠ પુત્રને કુટુંબમાં સ્થાપિત કરીને, તે મિત્ર વગેરેની યાવત્ જ્યેષ્ઠ પુત્રની રજા માગીને કોલ્લાક સંનિવેશમાં જ્ઞાતકુલને વિષે પૌષધશાલાનું પ્રતિલેખન કરી શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી પ્રાપ્ત કરેલી ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરીને વિચરવું એ જ શ્રેય છે.

७०. एवं संपेहेइ, २ त्ता कल्लं विउलं तहेव जिमिय-भुत्तुत्तरागए तं मित्त जाव विउलेणं पुप्फ ५ सक्कारेइ सम्माणेइ, सक्कारित्ता सम्माणित्ता तस्सेव मित्त जाव पुरओ जेट्ठ-पुत्तं सद्दावेइ, २ त्ता एवं वयासी — 'एवं खलु पुत्ता! अहं वाणियगामे बहूणं राईसर जहा चिंतियं जाव विहरित्तए। तं सेयं खलु मम इदाणिं तुमं सयस्स कुडुम्बस्स आलंबणं ४ ठवेत्ता जाव विहरित्तए'।

આનંદ એવો વિચાર કરે છે, વિચાર કરીને વિપુલ અશનાદિ તૈયાર કરાવે છે. મિત્ર વગેરેને આમંત્રિત કરે છે. ભોજન કર્યા પછી આવેલા તે મિત્ર જ્ઞાતિ વગેરેનો યાવત્ વિપુલ પુષ્પ વગેરે વડે સત્કાર અને સન્માન કરે છે. સત્કાર અને સન્માન કરીને યાવત્ તે મિત્ર વગેરેની સમક્ષ જ્યેષ્ઠ પુત્રને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહે છે: હે પુત્ર! એ પ્રમાણે ખરેખર હું વાણિજ્ય-ગ્રામમાં ઘણા રાજા, ધનિક વગેરેને માન્ય છું ઇત્યાદિ જેમ ચિંતવ્યું હતું તેમ કહીને યાવત્ આ વિક્ષેપના કારણે હું ધર્મ-પ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરી વિચરવાને [illegible] નથી. તો અત્યારે મારા કુટુંબમાં [illegible] સ્થાપિત કરી યાવત્ ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરી વિહરવું મ્હારા માટે શ્રેય છે.

७१. तए णं जेट्ठे पुत्ते आणंदस्स समणो-वासयस्स 'तह' त्ति एयमट्ठं विणएणं पडिसुणेइ।

ત્યાર બાદ જ્યેષ્ઠ પુત્ર આનંદ શ્રાવકના આ કથનને, 'તહત્તિ', (જેવી આપની આજ્ઞા) કહીને વિનય વડે કબૂલ કરે છે.

७२. तए णं से आणंदे समणोवासए तस्सेव मित्त जाव पुरओ जेट्ठपुत्तं कुडुम्बे ठवेइ, ठवित्ता एवं वयासी— "मा णं, देवाणुप्पिया! तुब्भे अज्जप्पभिइं केइ ममं बहुसु कज्जेसु आपुच्छउ वा, पडिपुच्छउ वा, ममं अट्ठाए असणं वा उवक्खडेउ वा उवकरेउ वा"॥

ત્યાર પછી આનંદ શ્રાવક તે મિ[illegible] સમક્ષ જ્યેષ્ઠ પુત્રને કુટુંબમાં સ્થા[illegible] સ્થાપન કરીને તેણે એ પ્રમાણે કહ્યું દેવાનુપ્રિય! તમે કોઈ આજથી આરંભ[illegible] બહુ કાર્યોમાં મને પૂછશો નહિ, વારંવાર પૂછશો નહિ. અને મારા માટે અશન પાન ખાદિમ સ્વાદિમ તૈયાર કરશો નહિ. મારી પાસે લાવશો નહિ.

७३. तए णं से आणंदे समणोवासए जेट्ठ-पुत्तं मित्त-नाइ आपुच्छइ, २ त्ता सयाओ गिहाओ पडिणिक्खमइ, २ त्ता वाणिय-गामं नयरं मज्झं-मज्झेणं निग्गच्छइ, २ त्ता जेणेव कोल्लाए-सन्निवेसे, जेणेव नायकुले जेणेव पोसहसाला, तेणेव उवागच्छइ, २त्ता पोसहसाल पमज्जइ, २ त्ता उच्चार-पासवण-भूमिं पडिलेहेइ, २ त्ता दब्भ-संथारयं संथरइ, सथरित्ता दब्भ-संथारय दुरुहइ, २ त्ता पोसह-सालाए पोसहिए दब्भ-संथारोवगए समणस्स भगवओ महावीरस्स अंतिय धम्मपण्णत्तिं उवसंपज्जित्ताण विहरइ ॥

ત્યાર બાદ આનંદ શ્રાવક જ્યેષ્ઠ પુત્ર અને મિત્ર જ્ઞાતિ વગેરેની રજા લે છે. રજા લઈને પોતાના ઘરથી નીકળે છે. નીકળીને વાણિજ્યગ્રામના મધ્યમાં થઈ જ્યાં કોલ્લાક નામે સંનિવેશ અને જ્યાં જ્ઞાતકુલ છે, જ્યાં પૌષધશાલા છે ત્યાં જાય છે. પૌષધશાલા પ્રમાર્જે છે. પ્રમાર્જીને ઉચ્ચાર-દિશાએ જવાની અને પેશાબ કરવાની જગ્યાને જુએ છે. એઈને ડાભનો સંથારો પાથરે છે. અને તેના ઉપર બેસે છે. બેસીને પૌષધશાલામાં પૌષધ ગ્રહણ કરી ડાભના સંથારાને પ્રાપ્ત થઈ શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી ગ્રહણ કરેલી ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરી વિચરે છે.

७४. तए णं से आणंदे समणोवासए उवासग-पडिमाओ उवसंपज्जित्ताणं विहरइ। पढम उवासगपडिम अहा-सुत्त अहा-कप्पं अहा-मग्ग अहा-तच्च सम्मं काएण फासेइ, पालेइ, सोहेइ, तीरेइ, किट्टेइ, आराहेइ।

તદનન્તર આનંદ, શ્રાવકની પ્રતિમાઓ સ્વીકાર કરીને વિચરે છે. તેમાં પ્રથમ ઉપાસક પ્રતિમા (વ્રતવિશેષ)ને સૂત્ર પ્રમાણે, કલ્પ પ્રમાણે, માર્ગ પ્રમાણે યથાતથ્ય-યથાર્થપણે, સમ્યક્ કાયાવડે સ્પર્શ કરે છે, પાળે છે, શોભાવે છે, સંપૂર્ણ કરે છે, કીર્તન કરે છે અને તેનું આરાધન કરે છે.

७५. तए णं से आणंदे समणोवासए दोच्चं उवासग-पडिमं, एवं तच्चं, चउत्थं, पंचमं, छट्ठं, सत्तमं, अट्ठमं, नवमं दसमं एक्कारसमं। जाव आराहेइ।

ત્યાર બાદ આનંદ શ્રાવક બીજી શ્રાવકની પ્રતિમાને, એમ ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી, નવમી, દસમી, અને અગિયારમી પ્રતિમાનું પાલન આરાધન કરે છે.

७६. तए णं से आणंदे समणोवासए इमेणं एयारूवेणं उरालेणं विउलेणं पयत्तेणं पग्गहिएणं तवो-कम्मेणं सुक्के जाव किसे धमणिसंतए जाए।

ત્યાર પછી તે આનંદ શ્રાવક આવા પ્રકારના ઉદાર વિપુલ પ્રયત્નરૂપ સ્વીકારેલા તપઃકર્મ વડે શુષ્ક યાવત્ કૃશ થઈ ગયો. તેના શરીરની નાડીઓ દેખાવા લાગી.

७७. तए णं तस्स आणंदस्स समणोवासगस्स अन्नया कयाइ पुव्वरत्ता० जाव धम्म-जागरियं जागरमाणस्स अयं अज्झत्थिए "एवं खलु अहं इमेणं जाव धमणि-संतए जाए। तं अत्थि ता मे उट्ठाणे कम्मे बले वीरिए पुरिसक्कार-परक्कमे सद्धा धिई संवेगे। जाव य मे धम्मा-यरिए धम्मोवएसए समणे भगवं महावीरे जिणे सुहत्थी विहरइ, ताव ता मे सेयं कल्लं जाव जलंते अपच्छिम-मारणंतियसंलेहणा भूसणाझूसियस्स, भत्तपाणपडियाइक्खियस्स कालं अणव-कंखमाणस्स विहरित्तए।" एवं संपेहेइ, २ त्ता कल्लं पाउ जाव अपच्छिम-मारणंतिय जाव कालं अणवकंखमाणे विहरइ।

ત્યાર પછી તે આનંદ શ્રાવકને કોઈ દિવસે મધ્યરાત્રીએ ધર્મજા[illegible] કરતાં આવો સંકલ્પ થયો. હું આ પ્રકા[illegible] તપ વડે કૃશ યાવત્ ધમનીથી વ્યાપ્ત શરીર-વાળો થઈ ગયો છું. પણ હજુ મારામાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષાર્થ તથા શ્રદ્ધા, ધૈર્ય અને સંવેગ છે. જ્યાં સુધી મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક [illegible] ભગવાન મહાવીર જિન સુહસ્તી [illegible] ત્યાં સુધી મારે આવતી કાલે સૂર્યોદ[illegible] સૌથી છેલ્લી મારણાન્તિક સંલેખના[illegible] આરાધનાથી યુક્ત થઈને, આહારપાણીનું પ્રત્યાખ્યાન કરી અને મૃત્યુની દરકાર નહિ કરતાં રહેવું શ્રેયસ્કર છે. એમ તે વિચાર કરે છે. વિચાર કરીને બીજે દિવસે પ્રાતઃકાળે યાવત્ અપશ્ચિમ મારણાન્તિક સંલેખનાની આરાધના યુક્ત થઈ યાવત્ મૃત્યુની દરકાર નહિ કરતો વિહરે છે. એટલે સંલેખનાવ્રત સ્વીકાર કરી લે છે.

७८. तए णं तस्स आणंदस्स समणोवासगस्स अन्नया कयाइ सुभेणं अज्झवसाणेणं, सुभेणं परिणामेणं, लेसाहिं विसुज्झ-माणीहिं, तयावरणिज्जाणं कम्माणं

ત્યાર બાદ તે આનંદ શ્રાવકને [illegible] દિવસે શુભ અધ્યવસાય વડે, શુભ [illegible] વડે, વિશુદ્ધ લેશ્યાઓ વડે અને અવધિ[illegible] વરણ કર્મના ક્ષયોપશમથી અવધિજ્ઞ[illegible]

खओवसमेणं ओहिनाणे समुप्पन्ने। पुरत्थिमेणं लवणसमुद्दे पंच-जोयणसयाइ खेत्तं जाणइ पासइ, एवं दक्खिणेण पच्चत्थिमेणं य, उत्तरेणं जाव चुल्ल-हिमवंतं वासधर पव्वयं जाणइ पासइ, उड्ढं जाव सोहम्मं कप्पं जाणइ पासइ, अहे जाव इमीसे रयणप्पभाए पुढवीए लोलुयच्चुयं नरयं चउरासीइवाससहस्सट्ठिइयं जाणइ पासइ।

ઉત્પન્ન થયું. તે પૂર્વ દિશામાં લવણ સમુદ્રને વિશે પાંચસો યોજન પ્રમાણ ક્ષેત્રને જાણવા લાગ્યો; એ જ પ્રમાણે દક્ષિણ અને પશ્ચિમ દિશાએ પણ જાણવા લાગ્યો. ઉત્તર દિશાએ ક્ષુદ્રહિમવંત નામક વર્ષધરપર્વત સુધી જાણવા અને દેખવા લાગ્યો. તે ઉપર સૌધર્મ દેવલોક સુધી જાણે છે અને દેખે છે. નીચે રત્નપ્રભા પૃથ્વીના ચોરાશી હજાર વર્ષની સ્થિતિવાળા લોલુય નારકાવાસ સુધી જાણે છે અને દેખે છે.

७९. तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे समोसरिए, परिसा निग्गया जाव पडिगया।

તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા. પર્ષદા વાંદવાને નીકળી અને વાંદી તથા ધર્મોપદેશ સાંભળી પાછી ગઈ.

८०. तेणं कालेणं तेण समएण समणस्स भगवओ महावीरस्स जेट्ठे अन्तेवासी इंदभूई नामं अणगारे गोयमगोत्तेण सत्तुस्सेहे, समचउरंससंठाणसंठिए, वज्जरिसहनारायसंघयणे, कणगपुलगनिघसपम्हगोरे उग्गतवे, दित्ततवे, घोरतवे, महातवे, उराले, घोरगुणे घोरतवस्सी, घोरबंभचेरवासी, उच्छूढसरीरे, संखित्तविउलतेउलेस्से, छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ।

તે કાળે અને તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના જ્યેષ્ઠ અન્તેવાસી ગૌતમ ગોત્રીય સાત હાથ શરીરવાળા-ઊંચા, સમચતુરસ્ર સંસ્થાનવાળા વજ્રઋષભનારાચ સંઘયણથી યુક્ત, સુવર્ણની કસોટી ઉપર ઘસેલા સ્વર્ણની રેખા જેવા ગૌરવર્ણ, કઠોર તપવાળા, તેજસ્વી તપવાળા, ઉદાર, ઘોરગુણવાળા, બ્રહ્મચર્યના ધારક, શરીરના મમત્વનો ત્યાગ કરી દેનાર, પોતાની વિપુલ તેજોલેશ્યાને સંક્ષિપ્ત કરી રાખનાર ઇન્દ્રભૂતિ નામક અણગાર નિરન્તર છઠ્ઠછઠ્ઠના તપથી, તથા સંયમ અને તપશ્ચર્યા દ્વારા આત્માને ભાવિત કરતા વિચરતા હતા.

८१. तए णं से भगवं गोयमे छट्ठक्खमण-पारणगंसि पढमाए पोरिसीए सज्झायं करेइ, बिइयाए पोरिसीए झाणं झियाइ, तइयाए पोरिसीए अतुरियं अचवलं असंभंते मुहपत्तिं पडिलेहेइ, पडिलेहित्ता, भायण-वत्थाइं पडिलेहेइ, पडिलेहित्ता भायण वत्थाइं पमज्जइ, पमज्जित्ता, भायणाइं उग्गाहेइ, उग्गाहित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं वंदइ, नमंसइ, वंदित्ता, नमंसित्ता एवं वयासी—“इच्छामि णं भंते! तुब्भेहिं अब्भणुण्णाए छट्ठक्खमणपारणगंसि वाणियगामे नयरे उच्चनीयमज्झिमाइं कुलाइं घर-समुदाणस्स भिक्खायरियाए अडित्तए।” “अहासुहं देवाणुप्पिया! मा पडिबंधं करेह”।

ત્યાર પછી તે ભગવાન ગૌતમ છઠના પારણાને દિવસે પ્રથમ પોરસીમાં સ્વાધ્યાય કરે છે. બીજી પોરસીએ ધ્યાન કરે છે. ત્રીજી પોરસીએ ત્વરા અને ચપલતારહિત સંભ્રમરહિત થઈ મુખવસ્ત્રિકાનું પ્રતિલેખન કરે છે. પ્રતિલેખન કરી પાત્ર અને વસ્ત્રનું પ્રતિલેખન કરે છે. પ્રતિલેખન કરી પાત્ર અને વસ્ત્રને પ્રમાર્જે છે. પ્રમાર્જી પાત્રો ગ્રહણ કરે છે. ગ્રહણ કરી શ્રમણ ભગવાન મહાવીરની પાસે જઈ વંદન અને નમસ્કાર કરે છે. વંદન અને નમસ્કાર કરીને આ પ્રમાણે કહે છે: હે ભગવન્! આપની અનુજ્ઞાથી છઠના ઉપવાસના પારણે વાણિજ્યગ્રામ નગરને વિષે ગૃહસામુદાનિકી ભિક્ષાચર્યા (એક બાજુના કોઈપણ ઘરને છોડ્યા વગર અટન કરવા) માટે ઉચ્ચ નીચ અને મધ્યમ કુલોમાં ભિક્ષાચર્યાએ જવા ઇચ્છું છું. ભગવાન ઉત્તરમાં કહે છે: હે દેવાનુપ્રિય! સુખ થાય તેમ કરો.

८२. तए णं भगवं गोयमे समणेणं भगवया महावीरेणं अब्भणुण्णाए समाणे समणस्स भगवओ महावीरस्स अंतियाओ दूइपलासाओ चेइयाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता अतुरियमचवलमसंभंते जुगंतरपरिलोयणाए दिट्ठीए पुरओ ईरियं सोहेमाणे जेणेव वाणियगामे नयरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता वाणियगामे नयरे उच्चनीयमज्झिमाइं

ત્યાર બાદ શ્રમણ ભગવંત મહાવી[illegible] અનુજ્ઞા આપી એટલે ભગવાન શ્રમણ ભગવંત મહાવીરના દૂતિપલાશ ચૈત્યથી નીકળે છે. ત્વરા, ચપલતા અને સંભ્રમ [illegible] યુગપ્રમાણ ભૂમિને જોનારી દષ્ટિ [illegible] ઈર્યામાર્ગને શોધતા જ્યાં વાણિજ્યગ્રામ નગર છે ત્યાં આવે છે. આવીને વાણિજ્ય-ગ્રામ નગરમાં ગૃહસામુદાનિકી ભિક્ષાચર્યા

कुलाइं घरसमुदाणस्स भिक्खायरियाए अडइ।

માટે ઉચ્ચ નીચ અને મધ્યમ કુલોમાં અટન કરે છે.

८३. तए ण से भगवं गोयमे वाणियगामे नयरे, जहा पण्णत्तीए तहा, जाव भिक्खायरियाए अडमाणे अहापज्जत्तं भत्तपाणं सम्मं पडिग्गाहेइ, पडिग्गाहित्ता वाणियगामाओ पडिणिग्गच्छइ, पडिणिग्गच्छित्ता कोल्लायस्स सन्निवेसस्स अदूरसामंतेणं वीईवयमाणे, बहुजणसद्दं निसामेइ, बहुजणो अन्नमन्नस्स एवमाइक्खइ ४—"एवं खलु देवाणुप्पिया! समणस्स भगवओ महावीरस्स अंतेवासी आणंदे नाम समणोवासए पोसहसालाए अपच्छिम जाव अणवकंखमाणे विहरइ।

ત્યાર પછી તે ભગવાન ગૌતમ વાણિજ્ય-ગ્રામ નગરમાં જેમ ભગવતી-સૂત્રમાં કહ્યું છે તેમ ભિક્ષાચર્યાએ ભમતા યથાયોગ્ય ભાત-પાણીને સમ્યક્ પ્રકારે ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને વાણિજ્યગ્રામથી બહાર નીકળે છે. નીકળીને કોલ્લાક સંનિવેશની પાસેથી જઈ રહ્યા હતા ત્યારે શબ્દ સાંભળે છે. ઘણા માણસો પરસ્પર એ પ્રમાણે કહે છે: હે દેવાનુપ્રિયો! શ્રમણ ભગવંત મહાવીરના અન્તેવાસી આનંદ નામક શ્રાવક પૌષધ-શાલામાં અપશ્ચિમ મારણાન્તિક સંલેખનાનુ આરાધન કરી રહ્યા છે અને મૃત્યુની દરકાર નહિ કરતા વિહરે છે.

८४ तए णं तस्स गोयमस्स बहुजणस्स अंतिए एयमट्ठं सोच्चा निसम्म अयमेयारूवे अज्झत्थिए ४ "तं गच्छामि णं आणंदं समणोवासयं पासामि।" एवं संपेहेइ, संपेहित्ता जेणेव कोल्लाए सन्निवेसे जेणेव आणंदे समणोवासए, जेणेव पोसहसाला तेणेव उवागच्छइ।

ત્યાર બાદ તે ભગવાન ગૌતમને ઘણા જનની પાસેથી એ અર્થ સાંભળી, વિચારી આવા પ્રકારનો આ વિચાર થયો. હું જાઉં અને આનંદ શ્રાવકને જોઉં એમ વિચાર કરે છે. વિચારીને જ્યાં કોલ્લાક સંનિવેશ છે, જ્યાં પૌષધશાલા છે અને જ્યાં આનંદ શ્રમણો-પાસક છે ત્યાં પહોંચે છે.

८५ तए ण से आणंदे समणोवासए भगवं गोयमं एज्जमाणं पासइ, पासित्ता हट्ठ जाव हियए भगवं गोयमं वंदइ नमंसइ, वंदित्ता नमंसित्ता एवं वयासी—"एवं

ત્યાર બાદ તે આનંદ શ્રાવક ભગવાન ગૌતમને આવતા જુએ છે. જોઈને તે પ્રસન્ન અને સંતુષ્ટ હૃદયવાળા થઈ ભગવાન ગૌતમને વંદન-નમસ્કાર કરે છે. વંદી અને નમીને

खलु भन्ते! अहं इमेणं उरालेणं जाव धमणिसंतए जाए, नो संचाएमि देवाणु-प्पियस्स अंतियं पाउब्भवित्ता णं तिक्खुत्तो मुद्धाणेणं पाए अभिवंदित्तए, तुब्भे णं भन्ते! इच्छाकारेणं अणभि-ओगेणं इओ चेव एह, जा णं देवाणुप्पियाणं तिक्खुत्तो मुद्धाणेणं पाएसु वंदामि नमंसामि"।

આ પ્રમાણે બોલ્યો: ભગવન્! હું આ ઉગ્રતપના કારણે યાવત્ ધમની-નાડીઓ વડે વ્યાપ્ત શરીરવાળો થયો છું. તેથી આપ દેવાનુપ્રિયની પાસે આવીને ત્રણ વાર મસ્તક વડે આપના પગે વંદન કરવાને સમર્થ નથી, તો ભગવન્! આપ જ સ્વેચ્છાથી અનભિયોગ-દબાવ વગર અહીં આવો તો આપ દેવાનુપ્રિયના પગે મસ્તક વડે ત્રણ વાર વંદન-નમસ્કાર કરું.

८६. तए णं से भगवं गोयमे जेणेव आणंदे समणोवासए तेणेव उवागच्छइ।

ત્યારે ભગવાન ગૌતમ જ્યાં આનંદ શ્રમણોપાસક હતા ત્યાં આવ્યા.

८७. तए णं से आणंदे भगवओ गोयमस्स तिक्खुत्तो मुद्धाणेणं पाएसु वंदइ नमंसइ, वंदित्ता नमंसित्ता एवं वयासी—"अत्थि णं भंते! गिहिणो गिहमज्झावसंतस्स ओहिनाणं समुप्पज्जइ?" "हंता अत्थि," "जइ णं भंते! गिहिणो जाव समुप्पज्जइ, एवं खलु भंते! ममवि गिहिणो गिहमज्झवसंतस्स ओहिनाणे समुप्पण्णे—पुरत्थिमे णं लवणसमुद्दे पंचजोयण-सयाइं जाव लोलुयच्चुयं नरयं जाणामि पासामि।

ત્યાર પછી તે આનંદ શ્રાવક ભગવાન ગૌતમને ત્રણ વાર મસ્તક વડે પગે વંદન-નમસ્કાર કરે છે, વંદન-નમસ્કાર કરીને તેણે આ પ્રમાણે કહ્યું: ભગવન્! ગૃહસ્થને ગૃહવાસમાં રહેતા અવધિજ્ઞાન થઈ શકે છે? ગૌતમ: હા, થઈ શકે છે. ભગવન્! ગૃહસ્થને યાવત્ અવધિજ્ઞાન થઈ શકે છે તો હે ભગવન્! ગૃહવાસમાં રહેતાં ગૃહસ્થ એવા મને પણ અવધિજ્ઞાન ઉત્પન્ન થયું છે. હું પૂર્વ દિશામાં લવણ સમુદ્રમાં પાંચસો યોજન સુધી યાવત્ નીચે લોલુયનામક નારકાવાસ સુધી જાણું છું અને દેખું છું.

८८. तए णं से भगवं गोयमे आणंदं समणो-वासयं एवं वयासी—"अत्थि णं आणंदा! गिहिणो जाव समुप्पज्जइ। नो चेव णं एअमहालए। तं णं तुमं,

ત્યાર બાદ ભગવાન ગૌતમે આનંદ શ્રમણો-પાસકને આ પ્રમાણે કહ્યું: આનંદ! ગૃહસ્થને યાવત્ અવધિજ્ઞાન થાય છે, પરંતુ આ મોટું હોતું નથી, માટે આનંદ! તું

आणंदा! एयस्स ठाणस्स आलोएहि जाव तवोकम्मं पडिवज्जाहि।"

મૃષાવાદરૂપ એ સ્થાનકની–વિષયની આલોચના કર યાવત્ શુદ્ધિને માટે તપઃકર્મ (પ્રાયશ્ચિત્ત) સ્વીકાર કર.

८९. तए णं से आणंदे भगवं गोयमं एवं वयासी—"अत्थि णं, भंते! जिण-वयणे संताणं तच्चाणं तहियाणं सब्भूयाणं भावाणं आलोइज्जइ जाव पडिवज्जिज्जइ?"

"नो इणट्ठे समट्ठे।"

"जइ णं भंते! जिण-वयणे संताणं जाव भावाणं नो आलोइज्जइ जाव तवोकम्मं नो पडिवज्जिज्जइ, तं णं भंते! तुब्भे चेव एयस्स ठाणस्स आलोएह जाव पडिवज्जह।"

ત્યાર પછી તે આનંદ શ્રમણોપાસકે ભગવાન ગૌતમને કહ્યું: ભગવન્! જિન પ્રવચનમાં સત્ય, તથ્ય તથા યથાર્થ ભાવોની આલોચના કરાય છે! યાવત્ પ્રાયશ્ચિત્તરૂપે તપનો સ્વીકાર કરાય છે!

હે આનંદ! એ અર્થ યુક્ત નથી.

ભગવન્! જો જિન પ્રવચનમાં સદ્‌રૂપભાવો સંબંધે આલોચના ન કરાય અને યાવત્ તપરૂપ પ્રાયશ્ચિત્ત ન કરાય તો ભગવન્! તમે જ એ સ્થાનકની આલોચના કરો, યાવત્ તપરૂપ પ્રાયશ્ચિત્ત કરો.

९०. तए णं से भगवं गोयमे आणंदेणं समणोवासएणं एवं वुत्ते समाणे, संकिए कंखिए विइगिच्छासमावन्ने, आणंदस्स अंतियाओ पडिणिक्खमइ, २ त्ता जेणेव दूइपलासे चेइए, जेणेव समणे भगवं महावीरे, तेणेव उवागच्छइ २ त्ता समणस्स भगवओ महावीरस्स अदूर-सामन्ते गमणागमणाए पडिक्कमइ, २ त्ता एसणमणेसणं आलोएइ, आलो-इत्ता भत्तपाणं पडिदंसेइ, पडिदंसित्ता समणं भगवं वंदइ नमंसइ, २ त्ता एवं वयासी—"एवं खलु भंते! अहं तुब्भेहिं अब्भणुन्नाए तं चेव सव्वं

ત્યાર બાદ આનંદ શ્રાવક દ્વારા આ પ્રમાણે કહેવા પર શંકિત–શંકાવાળા, કાંક્ષિત–જિજ્ઞાસાવાળા અને વિચિકિત્સા–સંશયને પ્રાપ્ત થયેલા ભગવાન ગૌતમ આનંદ શ્રાવક પાસેથી બહાર નીકળે છે. નીકળીને જ્યાં દુતિપલાશ ચૈત્ય અને શ્રમણ ભગવાન મહાવીર છે ત્યાં આવે છે. ત્યાં આવીને શ્રમણ ભગવાનથી થોડે દૂર રહી ગમનાગમન પડિક્કમે છે. પડિક્કમી એષણા-અનેષણાની આલોચના કરે છે. આલોચના કરીને ભગવાનને આહાર-પાણી દેખાડે છે. શ્રમણ ભગવંત મહાવીરને વંદન અને નમસ્કાર કરીને એ પ્રમાણે કહે છે: ભગવન્!

कहेइ, जाव तए णं अहं संकिए ३ आणंदस्स समणोवासगस्स अंतियाओ पडिणिक्खमामि, २ त्ता जेणेव इहं तेणेव हव्वमागए, तं णं भंते ! किं आणंदेणं समणोवासएणं तस्स ठाणस्स आलोएयव्वं जाव पडिवज्जेयव्वं उदाहु मए ? " जाव

આપની અનુજ્ઞા મેળવી હું (વાણિજ્યગ્રામ નગરમાં ગોચરી માટે ગયો હતો.) ઇત્યાદિ પૂર્વોક્ત બધું કહે છે. યાવત્ ત્યાર બાદ શંકિત, કાંક્ષિત અને સંશયને પ્રાપ્ત થયેલો હું આનંદ શ્રમણોપાસકની પાસેથી નીકળીને શીઘ્ર અહીં આવ્યો છું. તો હે ભગવન્! આનંદ શ્રમણોપાસકે તે સ્થાનની આલોચના કરવી જોઈએ, યાવત્ પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ અથવા મારે કરવું જોઈએ?

११. " गोयमा ! " इ समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी—गोयमा ! तुमं चेव णं तस्स ठाणस्स आलोएहि जाव पडिवज्जाहि, आणंदं च समणोवासयं एयमट्ठं खामेहि ।

ગૌતમ! એમ કહી શ્રમણ ભગવંત મહાવીરે ભગવાન ગૌતમને એ પ્રમાણે કહ્યું: તું જ તે સ્થાનની આલોચના કર, યાવત્ તપઃકર્મ પ્રાયશ્ચિત્તને સ્વીકાર કર અને આનંદ શ્રમણોપાસકને આ સંબંધે ખમાવ.

१२. तए णं से भगवं गोयमे, समणस्स भगवओ महावीरस्स " तह " त्ति एयमट्ठं विणएणं पडिसुणेइ, २ त्ता तस्स ठाणस्स आलोएइ–जाव–पडिवज्जइ, आणंदं च समणोवासयं एयमट्ठं खामेइ ॥

ત્યાર બાદ ભગવાન ગૌતમ શ્રમણ ભગવાન મહાવીરને 'તહ'ત્તિ કહી આ કથનને વિનયપૂર્વક સ્વીકાર કરે છે. સ્વીકાર કરીને તે સ્થાનની આલોચના કરે છે. યાવત્ પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરે છે અને આનંદ શ્રમણોપાસકને એ બાબત ખમાવે છે.

१३. तए णं समणे भगवं महावीरे अन्नया कयाइ बहिया जणवय विहारं विहरइ ।

ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીર અન્ય કોઈ દિવસે ત્યાંથી વિહાર કરી બહાર દેશ-દેશાન્તરમાં વિચરણ કરે છે.

१४. तए णं से आणंदे समणोवासए बहूहिं सील-व्वएहिं जाव अप्पाणं भावेत्ता, वीसं वासाइं समणोवासगपरियागं

ત્યાર પછી તે આનંદ શ્રમણોપાસક ઘણાં શીલવ્રતો વડે યાવત્ આત્માને ભાવિત કરતા વીસ વરસ સુધી શ્રમણોપાસકના

पाउणित्ता, एक्कारस य उवासग-पडि-माओ सम्मं काएणं फासित्ता, मासियाए संलेहणाए अत्ताणं झूसित्ता, सट्ठि भत्ताइं अणसणाए छेदेत्ता, आलोइए-पडिक्कंते, समाहि-पत्ते, काल-मासे काल किच्चा, सोहम्मे कप्पे सोहम्मवडिंसगस्स महा-विमाणस्स उत्तर-पुरत्थिमेणं अरुणे विमाणे देवत्ताए उववन्ने। तत्थ णं अत्थेगइयाणं देवाणं चत्तारि पलिओ-वमाइं ठिई पण्णत्ता, तत्थ णं आणदस्स वि देवस्स चत्तारि पलिओवमाइं ठिई पण्णत्ता।

પર્યાય પાળીને શ્રાવકની અગિયાર પ્રતિમા-ઓને સમ્યક્ કાયા વડે સ્પર્શીને, માસિક સંલેખના વડે આત્માને શુષ્ક કરી સાઠ ભક્ત અનશન વડે પૂર્ણ કરી આલોચના અને પ્રતિક્રમણ કરી, સમાધિને પ્રાપ્ત થઈ યથાસમય કાળ કરીને સૌધર્મ દેવ-લોકમાં સૌધર્માવતંસક મહાવિમાનની ઉત્તર-પૂર્વદિશાએ અરુણ વિમાનને વિશે દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં કેટલાક દેવોની ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે. આનંદ દેવની પણ ચાર પલ્યોપમની સ્થિતિ છે.

९५. "आणंदेणं भंते! देवे ताओ देवलोगाओ आउक्खएणं, भवक्खएणं, ठिइक्खएणं अणंतरं चयं चइत्ता, कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ?"

ભગવન્! આનંદ દેવ તે દેવલોકથી આયુષ્યના ક્ષય, ભવના ક્ષય અને સ્થિતિના ક્ષય પછી ચ્યવી ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે?

९६. "गोयमा! महाविदेहे वासे सिज्झि-हिइ"। निक्खेवो।

सत्तमस्स अंगस्स उवासगदसाणं पढमं आणंदज्झयणं समत्तं।

હે ગૌતમ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધિ પદ પામશે. અહીં નિક્ષેપ-ઉપસંહાર કરવો અર્થાત્ સુધર્મા સ્વામી જમ્બૂ સ્વામીને કહે છે જમ્બૂ! જેમ મેં ભગવાન પાસેથી સાંભળ્યું છે તેમ જ તને કહ્યું છે.

⇉⊱

બીજું અધ્યયન

કામદેવ

१७. जइ णं भंते! समणेणं भगवया महावीरेणं जाव संपत्तेणं सत्तमस्स अंगस्स उवासगदसाणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते, दोच्चस्स णं भंते! अज्झयणस्स के अट्ठे पण्णत्ते?

જમ્બૂ સ્વામીએ શ્રીસુધર્મા સ્વામીને પૂછ્યું: ભગવન્! શ્રમણ યાવત્ નિર્વાણને પ્રાપ્ત ભગવન્ત મહાવીરે જો સાતમા ઉપાસકદશાંગ-ના પ્રથમ અધ્યયનનો આ (પૂર્વોક્ત) અર્થ કહ્યો છે, તો ભગવન્! બીજા અધ્યયનમાં શો અર્થ કહ્યો છે?

१८. एवं खलु जम्बू! तेणं कालेणं तेणं समएणं चम्पा नामं नयरी होत्था। पुण्णभद्दे चेइए, जियसत्तू राया। कामदेवे गाहावई। भद्दा भारिया। छ हिरण्ण-कोडीओ निहाण-पउत्ताओ, छ वुड्ढि-पउत्ताओ, छ पवित्थर-पउत्ताओ, छ वया दस-गो-साहस्सिएणं वएणं। समोसरणं। जहा आणंदो तहा निग्गओ, तहेव सावय-धम्मं पडिवज्जइ। सा चेव वत्तव्वया जाव जेट्ठ-पुत्तं मित्त-नाइं आपुच्छित्ता, जेणेव पोसह-साला, तेणेव उवागच्छइ, २ त्ता जहा आणंदो जाव समणस्स भगवओ महावीरस्स अंतियं धम्म-पण्णत्तिं उवसंपज्जित्ताणं विहरइ।

સુધર્મા સ્વામી ઉત્તર આપે છે: તે કાળે અને તે સમયે ચંપા નામક નગરી હતી. ત્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું. જિતશત્રુ રાજા હતો. કામદેવ ગૃહપતિ હતો. તેને ભદ્રા નામે ભાર્યા હતી. તેને ત્યાં છ હિરણ્ય-કોટિ નિધાનમાં મૂકેલી, છ વ્યાજમાં અને છ ધાન્યાદિના વિસ્તારમાં રોકેલી હતી. તેને દશ હજાર ગાયોના એક વ્રજના હિસાબે છ વ્રજો એટલે સાઠ હજાર ગાયો હતી. ભગવાન સમોસર્યા. આનંદની જેમ (કામદેવ) વંદન કરવા નીકળ્યો. અને આનંદની જેમ જ શ્રાવકધર્મ સ્વીકાર કરે છે. ઇત્યાદિ તે જ વક્તવ્યતા અહીં કહેવી, યાવત્ જ્યેષ્ઠ પુત્ર અને મિત્ર, જ્ઞાતિ વગેરેને પૂછી જ્યાં પૌષધશાળા છે ત્યાં આવે છે. ત્યાં આવીને આનંદની જેમ ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકાર કરીને વિહરે છે.

९९. तए णं तस्स कामदेवस्स समणोवासगस्स पुव्वरत्तावरत्तकालसमयंसि एगे देवे मायी मिच्छ-दिट्ठी अंतियं पाउब्भूए।

ત્યાર પછી કામદેવ શ્રમણોપાસકની પાસે મધ્યરાત્રિના સમયે એક માયી મિથ્યાદૃષ્ટિ દેવ પ્રગટ થયો.

१००. तए णं से देवे एगं महं पिसाय-रूवं विउव्वइ। तस्स णं देवस्स पिसाय-रूवस्स इमे एयारूवे वण्णावासे पण्णत्ते—सीसं से गो-कलिंज-सठाण-संठियं, सालिभसेल्लसरिस्सा से केसा कविलतेएणं दिप्पमाणा, महल्ल-उट्टिया-कभल्ल-संठाण-सठियं निडाल, मुगुंसपुञ्छं व तस्स भुमगाओ फुग्ग-फुग्गाओ विगय-बीभच्छ-दंसणाओ, सीस-घडि-विणिग्गयाइं अच्छीणि विगय-बीभच्छ-दसणाइं, कण्णा जह सुप्प-कत्तर चेव विगय-बीभच्छ-दंसणिज्जा, उरब्भ-पुड-सन्निभा से नासा, झुसिर-जमल-चुल्ली-संठाण-संठिया दोवि तस्स नासापुडया, घोडय-पुच्छं व तस्स मंसूइं कविल-कविलाइं विगय-बीभच्छ-दंसणाइं, उट्ठा उट्टस्स चेव लंबा, फालसरिसा से दंता, जिब्भा जह सुप्प-कत्तरं चेव विगय-बीभच्छ-दंसणिज्जा, हल-कुद्दाल-संठिया से हणुया, गल्ल-कडिल्लं च तस्स खड्डं फुट्टं कविलं फरुसं महल्लं, मुइंगाकारोवमे से खंधे, पुर-वर-कवाडोवमे से वच्छे,

તે દેવે એક મોટા પિશાચના રૂપની વિક્રિયા કરી. તે પિશાચરૂપધારી દેવનું સવિસ્તર વર્ણન આ પ્રમાણે છે. તેનું માથું ટોપલાના આકાર જેવું હતું. તેના કેશો ડાંગરનાં ડૂંડાંઓના જેવા રૂક્ષ, જાડા અને પીળી કાન્તિ વડે દીપતા હતા. મોટા માટીના ઘડાની જેવું તેનું લલાટ હતું. તેની મુંગુસના પૂંછડા જેવી ભમરો ફૂગ-ફૂગતી હતી. અને તેથી તેનો દેખાવ વિકૃત, બેડોળ અને બીભત્સ હતો. તેની આંખો શીર્ષઘટી—મસ્તકરૂપ ઘટિકાથી બહાર નીકળેલી તથા વિકૃત અને જોવામાં બીભત્સ હતી. તેના કાન સૂપડાના ખંડ જેવા, બેડોળ તથા બીભત્સ દેખાવવાળા હતા. તેની નાસિકા ઘેટાની નાસિકા જેવી હતી. તેના નાસિકાપુટ મોટા મોટા છિદ્રોવાળા અને બે ચુલની સમાન હતા. તેની મૂછો ઘોડાની પૂછ જેવી. કપિલવર્ણની અને વિકૃત તથા બીભત્સ હતી. તેના હોઠ ઊંટના હોઠ જેવા લાંબા હતા. તેના દાંત હળની કોદાળી સરખા હતા. તેની જીભ સૂપડાના ટુકડા સરખી હતી. વિકૃત અને જોવામાં બીભત્સ હતી. તેની બે દાઢો હળના અગ્રભાગ જેવી બહાર નીકળેલી

कोट्ठिया-संठाण-संठिया दोन्नि तस्स
बाहा, निसा-पाहाण-संठाण-संठिया
दो वि तस्स अग्ग-हत्था, निसा-लोढ-
संठाण-संठियाओ हत्थेसु अंगुलीओ,
सिप्पिपुडग-संठिया से नक्खा, ण्हाविय-
पसेवओ व्व उरंसि लंबंति दो वि
तस्स थणया, पोट्टं अयकोट्ठओ व्व
वट्टं, पाण-कलंदसरिसा से नाही,
सिक्कगसंठणसंठिया से नेत्ते, किण्ण-
पुडसंठाणसंठिया दो वि तस्स वसणा,
जमलकोट्ठिया-संठाण-संठिया दो वि
तस्स ऊरु, अज्जुण-गुट्ठं व तस्स
जाणूइं कुडिल-कुडिलाइं विगय-
बीभच्छ-दंसणाइं, जंघाओ कक्खडीओ
लोमेहिं उवचियाओ, अहरी-संठाण-
संठिया दोन्नि तस्स पाया, अहरी-
लोढ-संठाण-संठियाओ पाएसु अंगु-
लीओ, सिप्पि-पुड-संठिया से नक्खा ।

હતી. તેના ગાલો (કપોલ) ખાડાથી યુક્ત
થવાવાળા કઠોર અને વિકરાળ હતા. તેના
ખભા મૃદંગના આકાર જેવા અને તેની
છાતી નગરના કમાડ જેવી પહોળી હતી.
તેના બે હાથ કોઠીના આકાર જેવા હતા
અને હાથના અગ્રભાગ દાળ વાટવાની
શિલા જેવા હતા. તેના હાથની આંગળીઓ
દાળ વાટવાના પથ્થર જેવી હતી. તેના
નખો છીપના ફળના જેવી આકૃતિવાળા
હતા. તેનાં બંને સ્તનો હજામની કોથળીની
પેઠે વક્ષઃસ્થળ ઉપર લટકતાં હતાં. તેનું પેટ
લોઢાની કોઠી જેવું ગોળ હતું. તેની નાભિ
કાંજીના કુંડા જેવી હતી. તેના નેત્રો
શીકાની જેવી આકૃતિવાળા હતા અને તેના
બંને વૃષણ-અંડકોશ ભરેલી બે ગુણીની
આકૃતિવાળા હતા. તેના બંને સાથળ સાથે
રહેલા બે કોઠીઓની આકૃતિ જેવા હતા.
તેના ઢીંચણ એક અર્જુન જાતના વૃક્ષના
ગુચ્છા જેવા અત્યંત વાંકા વિકૃત અને
બીભત્સ દેખાવવાળા હતા. તેની જંઘ કઠણ
અને રોગો વડે વ્યાપ્ત હતી. તેના બંને
પગ ચટણી વાટવાના પથ્થર જેવા હતા.
નખો છીપના ફળ જેવા હતા.

१०१. लडह-मडह-जाणुए विगय-भग्ग-भुग्ग-
भुमए अवदालिय-वयण-विवर-निल्ला-
लियग्गजीहे, सरड-कय-मालियाए,
उंदुर - माला - परिणद्ध - सुकयचिंधे,
नउल-कय-कण्ण-पूरे, सप्प-कय-वेगच्छे,

તે ગાડાની પાછળના ભાગનાં લાકડાં સરખા
અને અપ્રશસ્ત ઢીંચણવાળો હતો. ભેંકાળ,
ભાંગેલ અને વાંકી ભમરવાળો હતો. અવ-
દારિત-પહોળું કરેલું મુખરૂપી વિવરમાંથી
એની જીભ બહાર નીકળેલી હતી. એના

अप्फोडंते, अभिगज्जंते, भीम-मुक्क-
ट्टहासे, नाणा-विह-पंच-वण्णेहिं
लोमेहिं उवचिए एग महं नीलुप्पल-
गवल-गुलिय-अयसि-कुसुम-प्पगासं
असिं खुर-धारं गहाय, जेणेव पोसह-
साला, जेणेव कामदेवे समणोवासए,
तेणेव उवागच्छइ, २ त्ता आसु-रत्ते
रुट्ठे-कुविए चंडिक्किए मिसिमिसि-
यमाणे कामदेवं समणोवासयं एवं
वयासी—"हं भो कामदेवा! समणो-
वासया! अपत्थिय-पत्थिया! दुरंत-
पंत-लक्खणा! हीण-पुण्ण-चाउद्द-
सिया! हिरि-सिरी-धिइ-कित्ति-परि-
वज्जिया! धम्मकामया! पुण्णका-
मया! सग्गकामया! मोक्खकामया!
धम्मकंखिया! पुण्णकंखिया! सग्ग-
कंखिया! मोक्खकंखिया! धम्म-
पिवासिया! पुण्णपिवासिया! सग्ग-
पिवासिया! मोक्खपिवासिया! नो
खलु कप्पइ तव देवाणुप्पिया! जं
सीलाइं वयाइं वेरमणाइं पच्च-
क्खाणाइं पोसहोववासाइं चालित्तए
वा, खोभित्तए वा, खंडित्तए वा,
भंजित्तए वा, उज्झित्तए वा, परिच्च-
इत्तए वा, तं जइ णं तुमं अज्ज
सीलाइं जाव पोसहोववासाइं न छड्डेसि
न भंजेसि, तो तं अहं अज्ज इमेणं
नीलुप्पल जाव असिणा खंड-खंडिं
करेमि, जहा णं तुमं देवाणुप्पिया,

માથા ઉપર શરટોની માળા હતી, જેણે
નોળિયાના કર્ણપુર–કાનનું આભૂષણ ધારણ
કરેલું હતું. અને સાપનું વૈકક્ષ–ઉત્તરાસંગ
કરેલું હતું. તે કરાસ્ફોટ કરી રહ્યો હતો.
ભયંકર અટ્ટહાસ્ય કરી રહ્યો હતો. તેનું શરીર
અનેક પ્રકારના પાંચ વર્ણવાળા રોમો વડે
વ્યાપ્ત હતું. એવો ભયંકર તે પિશાચ એક
મોટી નીલકમળ, પાડાનાં શિંગડાં, ગુલિકા-
ગળી અને અળશીનાં ફૂલ જેવી, ક્ષુરધાર–
તીક્ષ્ણ ધારવાળી તલવારને ગ્રહણ કરીને
જ્યાં કામદેવ શ્રમણોપાસક હતો, ત્યાં
આવ્યો. આવીને ગુસ્સે થયેલો, કુપિત, તીવ્ર
ક્રોધવાળો અને મીસ-મીસ કરતો કામદેવ
શ્રમણોપાસકને આ પ્રમાણે કહેવા લાગ્યો:
અરે મરણની કામના કરનાર! દુષ્ટ પરિણામ-
વાળા અને કુલક્ષણી (ખોટાં લક્ષણોવાળા)
હીનપુણ્ય–ચાતુર્દશિક–અધૂરી કાળીચૌદશી-
એ જન્મેલા, લજ્જા, શોભા, ધૈર્ય અને
કીર્તિથી રહિત! ધર્મની ઇચ્છાવાળા!
પુણ્યની ઇચ્છાવાળા! સ્વર્ગની ઇચ્છાવાળા!
મોક્ષની ઇચ્છાવાળા! ધર્મના કાંક્ષી! પુણ્યના
કાંક્ષી! સ્વર્ગના કાંક્ષી! મોક્ષના કાંક્ષી!
ધર્મની પિપાસા રાખનાર, પુણ્યની પિપાસા
રાખનાર, સ્વર્ગના પિપાસુ! મોક્ષના પિપાસુ!
કામદેવ શ્રમણોપાસક! દેવાનુપ્રિય! શીલો,
અણુવ્રતો, દિગ્વ્રત વગેરે વિરમણ, પચ્ચક્-
ખાણ–પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસથી
ચલિત થવું, ક્ષોભ પામવું, એમનું ખંડન
કરવું, ભાંગવું, મૂકી દેવું, અને સર્વથા ત્યાગ

अट्ट-दुहट्ट-वसट्टे अकाले चेव जीवियाओ
ववरोविज्जसि।"

કરતું, તને કલ્પતું નથી. પણ જો તું આજે
શીલ યાવત્ પૌષધોપવાસ છોડીશ નહિ કે
ભાંગીશ નહિ તો આજે આ નીલકમલ
જેવી યાવત્ તલવાર વડે તારા ટુકડેટુકડા
કરી નાખીશ. જેથી હે દેવાનુપ્રિય! તું
આર્તધ્યાનની દુર્ઘટ–અત્યંત પરાધીનતાથી
પીડિત થઈ અકાળમાં જ જીવનથી રહિત
થઈ જશે. એટલે મરણ પામશે.

१०२. तए णं से कामदेवे समणोवासए तेणं
देवेणं पिसाय-रूवेणं एवं वुत्ते समाणे,
अभीए, अतत्थे, अणुव्विग्गे, अक्खु-
भिए, अचलिए, असंभंते, तुसिणीए
धम्म-ज्झाणोवगए विहरइ।

જ્યાર બાદ તે પિશાચરૂપ દેવે આ પ્રમાણે
કહેવા છતાં તે કામદેવ શ્રમણોપાસક
અભીત–ભયભીત થયા સિવાય, અત્રસ્ત–ત્રાસ
પામ્યા વગર, ઉદ્વેગરહિત, અક્ષુભિત–ક્ષોભ
રહિત, અચલિત, અસંભ્રાન્ત, નિશ્ચલ, તૂષ્ણીક–
મૌન રહી ધર્મધ્યાનમાં સ્થિર રહે છે.

१०३. तए णं से देवे पिसाय-रूवे कामदेवं
समणोवासयं अभीयं जाव धम्म-
ज्झाणोवगयं विहरमाणं पासइ,
पासित्ता दोच्चंपि तच्चंपि कामदेवं
एवं वयासी—"हं भो! कामदेवा!
समणोवासया! अपत्थियपत्थिया!
जइ णं तुमं अज्ज जाव ववरोविज्जसि।

જ્યારે તે પિશાચરૂપ દેવ, કામદેવ શ્રમણો-
પાસકને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં સ્થિર
જુએ છે. એટલે બીજી વાર પણ કામદેવને
એ પ્રમાણે કહે છે: અપ્રાર્થિતની પ્રાર્થના
કરનાર હે કામદેવ! જો તું આજે શીલવ્રત
વગેરેનો ત્યાગ નહિ કરે તો તું યાવત્
જીવનથી મુક્ત થઈશ.

१०४. तए णं से कामदेवे समणोवासए तेणं
देवेणं दोच्चंपि तच्चंपि एवं वुत्ते
समाणे, अभीए जाव धम्म-ज्झाणो-
वगए विहरइ।

જ્યાર બાદ તે કામદેવ શ્રમણોપાસકને
દેવ બીજી વાર અને ત્રીજી વાર પણ એ
પ્રમાણે કહે છે. તો પણ કામદેવ ભયભીત
થયા સિવાય યાવત્ ધર્મધ્યાનમાં સ્થિ
રહે છે.

१०५. तए णं से देवे पिसाय-रूवे कामदेव समणोवासय अभीयं जाव विहरमाण पासइ, पासित्ता आसुरत्ते ५ ति-वलिय भिउडिं निडाले साहट्टु, कामदेवं समणोवासय नीलुप्पल जाव असिणा खंडाखंडि करेइ।

ત્યાર બાદ તે પિશાચરૂપ દેવ કામદેવ શ્રમણોપાસકને નિર્ભીક રહેલો જુએ છે. જોઈને ગુસ્સે થઈ ત્રિવલીયુક્ત (ત્રણ વળિયાંવાળી) ભમર લલાટ ઉપર કરીને કામદેવ શ્રમણોપાસકના નીલકમળ જેવી યાવત્ તલવાર વડે ટુકડે-ટુકડા કરે છે.

१०६. तए णं से कामदेवे समणोवासए त उज्जलं जाव दुरहियास वेयण सम्म सहइ जाव अहियासेइ।

ત્યાર પછી તે કામદેવ શ્રમણોપાસક આ ઉજ્જ્વલ–તીવ્ર યાવત્ દુસ્સહ વેદનાને સમ્યક્ પ્રકારે યાવત્ સહન કરે છે.

१०७. तए णं से देवे पिसाय-रूवे कामदेव समणोवासय अभीयं जाव विहरमाण पासइ, पासित्ता जाहे नो संचाएइ कामदेवं समणोवासय निग्गंथाओ पावयणाओ चालित्तए वा खोभित्तए वा विपरिणामित्तए वा, ताहे संते तंते परितंते सणिय सणिय पच्चोसक्कइ, पच्चोसक्कित्ता, पोसह-सालाओ पडिणिक्खमइ, पडिणिक्ख-मित्ता दिव्व पिसाय-रूव विप्पजहइ, विप्पजहित्ता एगं महं दिव्व हत्थि-रूवं विउव्वइ, सत्तग-पइट्ठिय सम्म संठियं सुजायं, पुरओ उदग्गं पिट्ठओ वराह, अया-कुच्छि अलंब-कुच्छि पलंब-लंबोदराधर-कर अब्भुग्गय-मउल-मल्लिया-विमल-धवल-दंत कंचण-कोसी-पविट्ठ-दंतं, आणामियचाव-ललिय-संवल्लियग्ग-सोंडं कुम्मपडि-

ત્યાર બાદ પણ તે પિશાચરૂપ દેવ, કામદેવ શ્રમણોપાસકને નિર્ભય રહેલો જુએ છે. જોઈને જ્યારે તે કામદેવ શ્રમણોપાસકને નિર્ગ્રન્થ–પ્રવચનથી ચલાયમાન કરવાને ક્ષોભ પમાડવાને, વિપરિણામ–અન્યથા પરિણામ કરવાને શક્તિમાન થતો નથી ત્યારે શ્રાન્ત થયેલો–થાકેલો, અત્યન્ત થાકેલો ધીમેધીમે પાછો ફરે છે. પાછો ફરી પૌષધશાલાથી બહાર નીકળે છે. બહાર નીકળીને દિવ્ય પિશાચના રૂપનો ત્યાગ કરે છે. ત્યાગ કરીને એક મોટું હાથીનું રૂપ વિકુર્વે છે. તે હાથી આ પ્રકારનો હતો: તેના સાત અંગ (ચાર પગ, સૂંઢ, પૂંછ અને લિંગ) પૃથ્વી પર લાગેલાં હતાં. તે સમ્યક્ સંસ્થિત સુંદર આકૃતિવાળો હતો. પૂરા દિવસે જન્મેલો, આગળથી ઊંચો અને પાછળથી વરાહના જેવો હતો. બકરાના જેવું પેટવાળો, અલમ્બ-કુક્ષિ–જેનું પેટ લાંબું નથી એવું, લંબોદર–

पुण्ण-चलणं वीसइ-नक्खं अल्लीण-
पमाण-जुत्त-पुच्छं।

ઉપાસકદશાંગ

ગંજેરાની પેઠે લાંબા હોઠ અને સૂંઢવાળો,
અને મુકુલાવસ્થાને પ્રાપ્ત થયેલા મલ્લિકા-
મોગરાનાં પુષ્પની પેઠે સ્વચ્છ અને શ્વેત
દાંતવાળો હતો. તેના દાંતો સુવર્ણની કોશી-
ખોળીમાં પ્રવિષ્ટ હતા. તેની સૂંઢનો અગ્રભાગ
કંઈક નમાવેલ ધનુષની પેઠે લલિત-ચેષ્ટાવાળો
અને સંવેલ્લિત-સંકુચિત હતો. તેના પગો
કાચબાની જેમ પરિપૂર્ણ હતા. વીશ નખવાળો
સંગત અને પ્રમાણયુક્ત પુચ્છવાળો એવો
તે હાથી હતો.

मत्तं मेहमिव गुल-गुलेंतं, मण-पवण-
जइण-वेगं, दिव्वं हत्थिरूवं विउव्वइ,
विउव्वित्ता जेणेव पोसह-साला, जेणेव
कामदेवे समणोवासए तेणेव उवा-
गच्छइ, उवागच्छित्ता कामदेवं
समणोवासयं एवं वयासी— "हं भो!
कामदेवा! समणोवासया! तहेव
भणइ जाव न भंजेसि, तो ते अज्ज
अहं सोंडाए गिण्हामि, गिण्हित्ता
पोसहसालाओ नीणेमि, नीणित्ता
उड्ढं वेहासं उव्विहामि, उव्विहित्ता
तिक्खेहिं दंत-मुसलेहिं पडिच्छामि,
पडिच्छित्ता अहे धरणितलंसि तिक्खुत्तो
पाएसु लोलेमि, जहा णं तुमं अट्ट-
दुहट्ट-वसट्टे अकाले चेव जीवियाओ
ववरोविज्जसि।

મહો-મત્ત અને મેઘની પેઠે ગર્જના ક...
હતો. મન અને પવનને જીતનાર ...
વેગ હતો. એવા દિવ્ય હાથીનું રૂપ તે દેવ
વિકુર્વે છે. વિકુર્વીને જ્યાં પૌષધશાલા છે
અને જ્યાં કામદેવ શ્રમણોપાસક છે ત્યાં
આવે છે. આવીને કામદેવ શ્રમણોપાસકને
કહે છે: હે કામદેવ! ઇત્યાદિ તેમ જ કહે છે
જેમ પિશાચરૂપે કહ્યું હતું, યાવત્ શીલ
વગેરેને ભાંગીશ નહિ તો આજે તને
સૂંઢથી ગ્રહણ કરીશ, ગ્રહણ કરીને પૌષધ-
શાલાથી બહાર લઈ જઈશ. લઈને ઉપર
આકાશમાં ફેંકીશ. ફેંકીને તીક્ષ્ણ દાંતરૂપી
મુશળો વડે ગ્રહણ કરીશ. ગ્રહણ કરીને
નીચે પૃથ્વીના તલ ઉપર ત્રણ વાર પગો
વડે રોળીશ. જે રીતે તું આર્ત ધ્યાન...
દુર્ઘટ પરાધીનતાથી પીડિત થયેલો અ...
જીવનથી મુક્ત થઈશ.

१०९. तए णं से कामदेवे समणोवासए तेणं देवेणं हत्थि-रूवेणं एवं वुत्ते समाणे, अभीए, जाव विहरइ।

હસ્તીરૂપ દેવે એ પ્રમાણે કહ્યું તો પણ કામદેવ શ્રમણોપાસક ભય પામ્યો નહિ.

११०. तए णं से देवे हत्थि-रूवे कामदेवं समणोवासयं अभीयं जाव विहरमाणं पासइ, २ त्ता दोच्चंपि तच्चंपि कामदेवं समणोवासय एवं वयासी— "हं भो! कामदेवा! तहेव जाव सो वि विहरइ।"

ત્યાર બાદ તે હસ્તીરૂપ દેવ કામદેવ શ્રમણોપાસકને નિર્ભય રહેલો જુએ છે. જોઈને બીજી વાર અને ત્રીજી વાર પણ કામદેવ શ્રમણોપાસકને એ પ્રમાણે કહે છે: હે કામદેવ! ઇત્યાદિ પૂર્વવત્ બધું કહેવું યાવત તે પણ તેમ જ નિર્ભય જ રહે છે.

१११. तए णं से देवे हत्थि-रूवे कामदेवं समणोवासयं अभीयं जाव विहरमाणं पासइ, २ त्ता आसुरुत्ते ४, कामदेवं समणोवासयं सोंडाए गिण्हेइ, २ त्ता उड्ढं वेहासं उव्विहइ २ त्ता तिक्खेहिं दंत-मुसलेहिं पडिच्छइ, २ त्ता अहे धरणि-तलंसि तिक्खुत्तो पाएसु लोलेइ।

ત્યાર પછી તે હસ્તીરૂપ કામદેવ શ્રમણો-પાસકને નિર્ભય રહેલો જુએ છે. જોઈને ગુસ્સે થયેલો તે કામદેવ શ્રમણોપાસકને સૂંઢ વડે અદ્ધર કરે છે. સૂંઢ વડે અદ્ધર કરીને આકાશમાં ઊંચે ઉછાળે છે. ઉછાળીને તીક્ષ્ણ દન્તરૂપ મુશળો વડે અદ્ધર કરે છે. અદ્ધર કરીને, નીચે, પૃથ્વીતળ ઉપર ત્રણ વાર પગો વડે રોળે છે.

११२. तए णं से कामदेवे समणोवासए तं उज्जलं जाव अहियासेइ।

તે કામદેવ શ્રમણોપાસક તે અસહ્ય અનાના-રૂપ વેદનાને શાન્તિપૂર્વક સહન કરે છે.

११३. तए णं से देवे हत्थि-रूवे कामदेवं समणोवासयं जाहे नो संचाएइ जाव सणियं-सणियं पच्चोसक्कइ, २ त्ता पोसह-सालाओ पडिणिक्खमइ, २ त्ता दिव्वं हत्थि-रूवं विप्पजहइ, २ त्ता एगं महं दिव्वं सप्प-रूवं विउव्वइ,

ત્યાર બાદ તે હસ્તીરૂપ કામદેવ શ્રમણો-પાસકને જ્યારે મનાદિથી ચલાયમાન કરવા શક્તિમાન થતો નથી ત્યારે તે ધીમેધીમે પાછો ખસે છે, પાછો ખસીને પૌષધશાળાથી બહાર નીકળે છે. બહાર નીકળીને દિવ્ય હસ્તીરૂપનો ત્યાગ કરે છે. ત્યાગ કરીને

उग्ग-विसं चंड-विसं घोर-विसं
महाकायं मसी-मूसा-कालगं नयण-
विस-रोस-पुण्णं, अंजण-पुंजनिगर-
प्पगासं, रत्तच्छं लोहिय-लोयणं
जमल-जुयल-चंचल-जीहं धरणी-यल-
वेणीभूयं, उक्कड-फुड-कुडिल-जडिल-
कक्कस-वियड-फडाडोव-करण-दच्छं,
लोहागर-धम्ममाण-धमधमेंत-घोसं,
अणागलिय-तिव्व-चंडरोसं सप्प-रूवं
विउव्वइ, विउव्वित्ता जेणेव पोसह-
साला जेणेव कामदेवे समणोवासए,
तेणेव उवागच्छइ, उवागच्छित्ता
कामदेवं समणोवासयं एवं वयासी—
"हं भो! कामदेवा! समणोवासया!
जाव न भंजेसि, तो ते अज्जेव अहं
सर-सरस्स कायं दुरुहामि, दुरुहित्ता
पच्छिमेणं भाएणं तिक्खुत्तो गीवं
वेढेमि, वेढित्ता तिक्खाहिं विस-
परिगयाहिं दाढाहिं उरंसि चेव
निकुट्टेमि, जहा णं तुमं अट्ट-दुहट्ट-
वसट्टे, अकाले चेव जीवियाओ
ववरोविज्जसि।

એક મોટા દિવ્ય સાપના રૂપની વિક્રિયા
કરે છે. તેનું વર્ણન આ પ્રમાણે છે: તે
સર્પ ઉગ્રવિષવાળો, પ્રચંડ-તીવ્રવિષવાળો,
ઘોરવિષવાળો, મોટા શરીરવાળો, મશી અને
મૂસા જેવો કાળો, નયનવિષ-દૃષ્ટિમાં વિષવાળો
અને રોષથી ભરાયેલો હતો. એના શરીરનો
વર્ણ અંજનના ઢગલાના સમૂહ જેવો દેખાતો
હતો. એની આંખો રાતી હતી. લોચન
લાલ હતા. એની સાથે રહેલી બે જિહ્વાઓ
અત્યન્ત ચપલ હતી. તે એવો જણાતો
હતો. જેમ કે પૃથ્વીની વેણિરૂપ હોય.
ઉત્કટ, સ્પષ્ટ, કુટિલવક્ર જટિલ, ભયાનક,
કર્કશ, કઠોર, અને વિકટ—વિસ્તીર્ણ—સ્ફટાટોપ-
ફણનો આડંબર કરવામાં દક્ષ—નિપુણ હતો.
ધમાતી લોહાકર—લોઢાની ભઠ્ઠીની જેમ
'ધમ ધમ' એવા પ્રકારનો શબ્દ કરી રહ્યો
હતો. રોકવાને અશક્ય એવા તીવ્ર-અત્યં
પ્રચંડ રોષથી યુક્ત હતો. તે દેવે આવા
સર્પના રૂપની વિક્રિયા કરી. તત્પશ્ચાત
જ્યાં પૌષધશાળા હતી અને જ્યાં કામદેવ
શ્રમણોપાસક હતો, ત્યાં આવ્યો. આવી
તેણે કામદેવ શ્રમણોપાસકને એ પ્રમાણે
કહ્યું: કામદેવ શ્રમણોપાસક! જો તું શીલ
વગેરેને ભાંગીશ નહિ તો હું આજે તારા
શરીર ઉપર સર સર ચડી જઈશ. ચડીને
પૂંછડા વડે તારી ગીવાને વીંટી લઈશ.
વીંટીને તીક્ષ્ણ અને વિષથી વ્યાપ્ત દાઢો
વડે તારી છાતીમાં પ્રહાર કરીશ. જેથી તું
આર્તધ્યાનની અત્યન્ત પરાધીનતાથી પી.

वा खोभित्तए वा विपरिणामित्तए वा।"

સંથારા ઉપર બેસીને શ્રમણ ભગવાન મહાવીરની પાસેથી પ્રાપ્ત કરેલી ધર્મપ્રજ્ઞપ્તિને સ્વીકારીને વિહરે છે. ખરેખર કોઈ દેવ, દાનવ યાવત્ ગન્ધર્વ પણ તેને નિર્ગ્રન્થ-પ્રવચનથી ચલાયમાન કરવાને, ક્ષોભ પમાડવાને કે વિપરિણત કરવાને સમર્થ નથી.

११८. तए णं अहं सक्कस्स देविंदस्स देवरण्णो एयमट्ठं असद्दहमाणे ३ इहं हव्वमागए। त अहो णं देवाणुप्पिया! इड्ढी ६ लद्धा ३, तं दिट्ठा णं देवाणुप्पिया! इड्ढी जाव अभिसमन्नागया। त खामेमि णं, देवाणुप्पिया! खमतु मज्झ देवाणुप्पिया! खंतुमरहंति ण देवाणुप्पिया! नाइं भुज्जो करणयाए" त्ति कट्टु पायवडिए पजलिउडे एयमट्ठं भुज्जो-भुज्जो खामेइ, खामित्ता जामेव दिसं पाउब्भूए तामेव दिसं पडिगए।

આવી તમારી પ્રશંસા સાંભળી હું દેવેન્દ્ર દેવરાજ શક્રની એ વાત ઉપર શ્રદ્ધા, રૂચિ અને પ્રતીતિ નહિ કરતો શીઘ્ર અહીં આવ્યો. અહો દેવાનુપ્રિય! તમે મને ક્ષમા આપો. હે દેવાનુપ્રિય! તમે મને ક્ષમા આપવાને યોગ્ય છો. હું ફરીથી એમ કરીશ નહિ, એમ કહીને તે દેવ કામદેવ શ્રમણોપાસકના પગોમાં પડ્યો અને હાથ જોડીને તેણે જે કર્યું હતું તેને માટે વારંવાર ખમાવ્યું. ખમાવીને જે દિશાથી આવ્યો હતો તે દિશાએ ચાલ્યો ગયો.

११९. तए णं से कामदेवे समणोवासए "निरुवसग्गं" इइ कट्टु पडिमं पारेइ।

પછી તે કામદેવ શ્રમણોપાસક પોતાને ઉપસર્ગરહિત જાણીને પ્રતિમાને પારે છે.

१२०. तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे जाव विहरइ।

તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર વિચરતા હતા. એટલે ચંપા-નગરીથી બહાર ઉદ્યાનમાં બિરાજતા હતા.

१२१. तए णं से कामदेवे समणोवासए इमीसे कहाए लद्धट्ठे समाणे "एवं खलु समणे भगवं महावीरे जाव

ત્યાર બાદ તે કામદેવ શ્રમણોપાસકને આ વાતની જાણ થઈ કે શ્રમણ ભગવાન મહાવીર યાવત્ વિચરી રહ્યા છે, તો મારે શ્રમણ

विहरइ, तं सेयं खलु मम समणं भगवं महावीरं वंदित्ता नमंसित्ता तओ पडिणियत्तस्स पोसहं पारित्तए" त्ति कट्टु एवं संपेहेइ, सुद्ध-प्पावेसाइं वत्थाइं जाव अप्प-महग्घ जाव मणुस्स-वग्गुरा परिक्खित्ते सयाओ गिहाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता चम्पं नगरिं मज्झं-मज्झेणं निग्गच्छइ, निग्गच्छिता जेणेव पुण्णभद्दे चेइए जहा संखो जाव पज्जुवासइ।

ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કરી, અને ત્યાંથી પાછા આવીને પૌષધ પારવો જોઈએ, એ જ શ્રેયસ્કર છે, એમ વિચારીને તે શુદ્ધ અને પ્રવેશ યોગ્ય-બહાર જવા યોગ્ય વસ્ત્રો પહેરે છે, યાવત્ અલ્પ અને મહામૂલ્ય અલંકાર પહેરી જનસમૂહથી વીંટાયેલો પોતાના ઘરથી બહાર નીકળે છે, નીકળીને ચંપાનગરીના મધ્યમાં જાય છે, જઈને જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય છે ત્યાં આ... છે, યાવત્ શંખની પેઠે પર્યુપાસના ક...

१२२. तए णं समणे भगवं महावीरे कामदेवस्स समणोवासयस्स तीसे य जाव धम्मकहा समत्ता।

ત્યાર બાદ શ્રમણ ભગવંત મહાવીરે કામદેવ શ્રમણોપાસકને અને તે અત્યંત મોટી પરિષદને ધર્મકથા કહી, યાવત્ ધર્મકથા સમાપ્ત થઈ.

१२३. "कामदेवा" इ समणे भगवं महावीरे कामदेवं समणोवासयं एवं वयासी—"से नूणं, कामदेवा! तुब्भं पुव्वरत्तावरत्तकालसमयंसि एगे देवे अंतिए पाउब्भूए। तएणं से देवे एगं महं दिव्वं पिसाय-रूवं विउव्वइ, विउव्वित्ता आसुरुत्ते ४ एगं महं नीलुप्पल जाव असिं गहाय तुमं एवं वयासी—"हंभो कामदेवा! जाव जीवियाओ ववरोविज्जसि,' तं तुमं तेणं देवेणं एवं वुत्ते समाणे अभीए जाव विहरसि"। एवं वण्णग-रहिया तिण्णि वि उवसग्गा तहेव पडिउच्चारेयव्वा जाव

'હે કામદેવ,' એમ સંબોધન કરી શ્રમણ ભગવંત મહાવીરે કામદેવ શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું: કામદેવ! ખરેખર મધ્યરાત્રિના સમયે તારી પાસે એક દેવ પ્રગટ થયો હતો. તે પછી તે દેવે એક ... પિશાચરૂપ વિકુર્વ્યું, વિકુર્વીને ગુસ્સે... તેણે એક મોટી નીલકમળના જેવી તલ... ગ્રહણ કરી તને આ પ્રમાણે કહ્યું: '... કામદેવ! તું યાવત્ જીવનથી મુક્ત થઈ જઈશ. તે દેવે તને આ પ્રમાણે કહ્યું, તો પણ તું નિર્ભય રહ્યો. એમ વર્ણનરહિત ત્રણે ઉપસર્ગો અહીં ફરીથી કહેવા યાવત્ તું વિચલિત ન થયો ત્યારે દેવ પાછો ગયો.

देवो पडिगओ। "से नूणं कामदेवा! अट्ठे समट्ठे?"
"हंता, अत्थि"।

કામદેવ! આ અર્થ સમર્થ-યથાર્થ છે! કામદેવે કહ્યું હા, યથાર્થ છે.

१२४. "अज्जो" इ समणे भगवं महावीरे वहवे समणे निग्गंथे य निग्गंथीओ य आमंतेत्ता एवं वयासी—"जइ ताव, अज्जो! समणोवासगा गिहिणो गिहमज्झावसंता दिव्व-माणुस-तिरिक्ख-जोणिए उवसग्गे सम्मं सहंति जाव अहियासेंति, सक्का पुणाइं, अज्जो! समणेहिं निग्गंथेहिं दुवालसंग-गणि-पिडगं अहिज्जमाणेहिं दिव्व-माणुस-तिरिक्ख-जोणिए सम्म सहित्तए जाव अहियासित्तए।

શ્રમણ ભગવંત મહાવીરે 'હે આર્યો' એમ સંબોધીને ઘણા શ્રમણ નિર્ગ્રન્થો અને નિર્ગ્રન્થીઓને આ પ્રમાણે કહ્યું: હે આર્યો! એ ગૃહવાસમાં રહેતા ગૃહસ્થ શ્રમણોપાસકો દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી ઉપસર્ગો સમ્યક્ પ્રકારે સહન કરવા સમર્થ છે તો દ્વાદશાંગ ગણિપિટકનું અધ્યયન કરનાર શ્રમણ નિર્ગ્રન્થદેવતા, મનુષ્ય અને તિર્યંચો સંબંધી ઉપસર્ગો યાવત્ વિશેષતઃ સહન કરવા યોગ્ય છે.

१२५. तओ ते बहवे समणा निग्गंथा य निग्गंथीओ य समणस्स भगवओ महावीरस्स 'तह'त्ति एयमट्ठं विणएण पडिसुणेति।

ત્યારે તે ઘણા શ્રમણ નિર્ગ્રન્થો અને નિર્ગ્રન્થીઓ શ્રમણ ભગવંત મહાવીરના એ અર્થને 'તહ'ત્તિ કહીને વિનયપૂર્વક સ્વીકારે છે.

१२६. तए णं से कामदेवे समणोवासए हट्ठ जाव समणं भगवं महावीरं पसिणाइं पुच्छइ, पुच्छित्ता अट्ठमादियइ, समणं भगवं महावीरं तिक्खुत्तो वंदइ नमंसइ, वंदित्ता नमंसित्ता जामेव दिसं पाउब्भूए तामेव दिसं पडिगए।

ત્યાર પછી કામદેવ શ્રમણોપાસક પ્રસન્ન થયો, યાવત્ શ્રમણ ભગવંત મહાવીરને પ્રશ્નો પૂછ્યા. તેઓનો અર્થ ગ્રહણ કર્યો, અને શ્રમણ ભગવંતને ત્રણ વાર વંદન-નમસ્કાર કરીને જે દિશામાંથી આવ્યો હતો તે દિશામાં પાછો ગયો.

१२७ तए णं समणे भगवं महावीरे अन्नया कयाइ चम्पाओ पडिनिक्खमइ

તદનન્તર શ્રમણ ભગવાન મહાવીર અન્ય કોઈ દિવસે ચંપાનગરીથી નીકળ્યા અને

पडिणिक्खमित्ता बहिया जणवय-विहारं विहरइ।

નીકળી બહાર દેશ-દેશાન્તરમાં વિચરવા લાગ્યા.

१२८. तए णं से कामदेवे समणोवासए पढमं उवासग-पडिमं उवसंपज्जित्ताणं विहरइ।

ત્યાર પછી કામદેવ શ્રમણોપાસક પ્રથમ શ્રાવકની પ્રતિમાને અંગીકાર કરીને વિહરે છે.

१२९. तए णं से कामदेवे समणोवासए बहूहिं जाव भावेत्ता वीसं वासाइं समणोवासग-परियागं पाउणित्ता, एक्कारस उवासग-पडिमाओ सम्मं काएणं फासित्ता, मासियाए संलेहणाए अप्पाणं झूसित्ता, सट्ठिं भत्ताइं अणसणाए छेदेत्ता, आलोइय-पडिक्कंते, समाहिपत्ते, कालमासे कालं किच्चा, सोहम्मे कप्पे सोहम्म-वडिंसयस्स महा-विमाणस्स उत्तर-पुरत्थिमेणं अरुणाभे विमाणे देवत्ताए उववन्ने। तत्थ णं अत्थेगइयाणं देवाणं चत्तारि पलिओवमाइं ठिई पण्णत्ता, कामदेवस्स वि देवस्स चत्तारि पलिओवमाइं ठिई पण्णत्ता।

ત્યાર બાદ તે કામદેવ શ્રમણોપાસક ઘણાં શીલવ્રતો વગેરેથી આત્માને ભાવિત કરી વીસ વરસ સુધી શ્રમણોપાસક પર્યાયને પાળી, અગિયાર શ્રાવકની પ્રતિમાઓને સમ્યક્ વિધિપૂર્વક કાયા વડે સ્પર્શી એક માસની સંલેખના વડે આત્માને ક્ષીણ કરી સાઠ ભક્ત અણસણ વડે છેદી-વ્યતીત કરી, આલોચના કરી, પ્રતિક્રમણ કરી, સમાધિને પ્રાપ્ત થઈ મૃત્યુના અવસરે કાળ કરી સૌધર્મ દેવલોકમાં સૌધર્માવતંસક મહા-વિમાનની ઉત્તર-પૂર્વ દિશાએ અરુણાભનામક વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયો. ત્યાં કેટલાક દેવોની ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે. કામદેવ દેવની પણ ચાર પલ્યોપમની સ્થિતિ કહેલી છે.

१३०. "से णं, भंते! कामदेवे ताओ देव-लोगाओ आउ-क्खएणं भव-क्खएणं ठिइ-क्खएणं अणंतरं चयं चइत्ता, कहिं गमिहिइ, कहिं उववज्जिहिइ?"

ગૌતમ સ્વામી પૂછે છે: હે ભગવન્! કામદેવ તે દેવલોકથી આયુષ્યના ક્ષય થવાથી, ભવના ક્ષય થવાથી, સ્થિતિના ક્ષય થવાથી, અનન્તર ચ્યવી ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે?

१३१. "गोयमा! महाविदेहे वासे सिज्झिहिइ"। निक्खेवो। सत्तमस्स अङ्गस्स उवासगदसाणं बिइयं कामदेवज्झयणं समत्तं।	ભગવાનનો ઉત્તરઃ હે ગૌતમ! મહાવિદેહ ક્ષેત્રમાં જન્મગ્રહણ કરીને સિદ્ધિ પામશે. નિક્ષેપ પૂર્વવત્ સમજવું. બીજું અધ્યયન સમાપ્ત.



અધ્યયન ત્રીજું

ચુલનીપિતા

૧૩૨. उक्खेवो तइयस्स अज्झयणस्स-एवं खलु जम्बू! तेणं कालेणं तेणं समएणं वाणारसी नामं नयरी। कोट्ठए चेइए। जियसत्तू राया।

ત્રીજા અધ્યયનનો ઉપોદ્ઘાત કહેવો, એટલે જમ્બૂ સ્વામી ભગવાન ગૌતમ સામે જિજ્ઞાસા પ્રગટ કરે છે—ઉપાસકદશાના બીજા અધ્યયનનો અર્થ મેં સાંભળ્યો. પણ ભગ ત્રીજા અધ્યયનનો શો અર્થ કહેલ છે?

ત્યારે સુધર્મા સ્વામી બોલ્યા: હે જમ્બૂ! તે કાળે અને તે સમયે વારાણસી નામક નગરી હતી. કોષ્ઠક ચૈત્ય હતું. જિતશત્રુ રાજા હતો.

૧૩૩. तत्थ णं वाणारसीए नयरीए चुलणीपिया नामं गाहावई परिवसइ, अड्ढे, जाव अपरिभूए। सामा भारिया। अट्ठ हिरण्ण-कोडीओ निहाण-पउत्ताओ, अट्ठ वुड्ढि-पउत्ताओ, अट्ठ पवित्थर-पउत्ताओ, अट्ठ वया दसगोसाहस्सिएणं वएणं। जहा आणंदो राईसर जाव सव्व-कज्ज-वड्ढावए यावि होत्था। सामी समोसढे। परिसा निग्गया। चुलणीपियावि, जहा आणंदो तहा निग्गओ। तहेव गिहिधम्मं पडिवज्जइ। गोयम पुच्छा। तहेव सेसं जहा कामदेवस्स जाव पोसह-

તે વારાણસી નગરીમાં ચુલનીપિતા નામક ગૃહપતિ રહે છે. તે ધનાઢ્ય યાવત્ કોઈથી પરાભવ ન પામે તેવો છે. તેને શ્યામા નામની ભાર્યા છે. તેણે આઠ હિરણ્યકોટિ નિધાનમાં મૂકેલી હતી. આઠ હિરણ્યકોટિ વૃદ્ધિ—વ્યાજે મૂકેલી હતી અને આઠ હિરણ્ય કોટિ ધન-ધાન્યાદિના વિસ્તારમાં રોકેલી હતી. તેને દસ હજાર ગાયોના એક વ્રજના હિસાબે આઠ વ્રજો હતા. તે આનંદની જેમ રાજા, ઈશ્વર, શેઠ વગેરેને (ઘણાં કાર્યોમાં પૂછવા યોગ્ય) યાવત્ સર્વ કાર્યોનો વધારનાર હતો. મહાવીર સ્વામી તે નગરીમાં પધાર્યા. જનસમૂહ દેશના સાંભળવા નીકળ્યા. ચુલનીપિતા પણ આનંદની જેમ નીકળ્યો.

सालाए पोसहिए बंभचारी समणस्स भगवओ महावीरस्स अंतियं धम्मपण्णत्ति उवसंपज्जित्ताणं विहरइ ।

અને તેની જ પેઠે ગૃહસ્થધર્મ સ્વીકાર કર્યો. ગૌતમ સ્વામીની પૃચ્છા પૂર્વવત્ જાણવી. (અર્થાત્ ગૌતમ સ્વામી ચુલનીપિતા સંબંધે પ્રશ્ન કરે છે કે) હે ભગવન્! આ ચુલનીપિતા શ્રમણોપાસક આપ દેવાનુપ્રિયની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરવા સમર્થ છે, ઇત્યાદિ. શેષ બધું કામદેવની જેમ જાણવું. યાવત્ પોષધશાલામાં પોષધસહિત અને બ્રહ્મચારી (ચુલનીપિતા) શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી પ્રાપ્ત ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરીને વિહરે છે.

१३४. तए णं से देवे एगं महं नीलुप्पल जाव असिं गहाय चुलणीपियं समणोवासयं एवं वयासी—"हं भो चुलणीपिया! समणोवासया! जहा कामदेवो जाव न भंजेसि, तो ते अहं अज्ज जेट्ठं पुत्तं साओ गिहाओ नीणेमि, नीणित्ता तव अग्गओ घाएमि, घाइत्ता तओ मंससोल्ले करेमि, करेत्ता आदाण-भरियंसि कडाहयंसि अद्दहेमि, अद्दहित्ता तव गायं मंसेण य सोणिएण य आयंचामि, जहा णं तुमं अट्ट-दुहट्ट-वसट्टे अकाले चेव जीवियाओ ववरोविज्जसि ।

ત્યાર બાદ તે ચુલનીપિતા શ્રમણોપાસકની પાસે મધ્યરાત્રિના સમયે એક દેવ પ્રગટ થયો. તે દેવે નીલકમળ જેવી યાવત્ તલવાર લઈને ચુલનીપિતા શ્રમણોપાસકને એ પ્રમાણે કહ્યું : હે ચુલનીપિતા શ્રમણોપાસક! ઇત્યાદિ જેમ કામદેવને દેવે કહ્યું હતું તે પ્રમાણે કહેવું, યાવત્ વ્રત વગેરેને ભાંગીશ નહિ તો હું આજ તારા જ્યેષ્ઠ પુત્રને તારા પોતાના ઘરથી લાવીશ અને તારી સમક્ષ તેનો ઘાત કરીશ. ઘાત કરીને ત્રણ 'માંસસોલ્લ'—માંસના ટુકડા કરીશ અને આદાન-તેલથી ભરેલા કડાઈમાં નાખી ઉકાળીશ. ઉકાળીને તારા શરીર ઉપર માંસ, લોહી છાંટીશ. તું આર્તધ્યાનની પરવશતાથી પીડિત થઈ અકાળમાં જ જીવનથી મુક્ત થઈશ.

१३५. तए णं से चुलणीपिया समणोवासए तेणं देवेणं एवं वुत्ते समाणे अभीए जाव विहरइ।

ત્યાર બાદ તે ચુલનીપિતા શ્રમણોપાસક તે દેવે એ પ્રમાણે કહેવા છતાં ભય પામ્યા સિવાય યાવત્ વિહરે છે.

१३६. तए णं से देवे चुलणीपियं समणोवासयं अभीयं जाव पासइ, पासित्ता दोच्चंपि तच्चंपि चुलणीपियं समणोवासयं एवं वयासी—"हंभो चुलणीपिया! समणोवासया!" तं चेव भणइ, सो जाव विहरइ।

ત્યાર પછી તે દેવ ચુલનીપિતા શ્રમ[illegible] પાસકને નિર્ભય રહેલો યાવત્ જુએ છે. નિર્ભય રહેલો જોઈને તેણે બીજી વાર, ત્રીજી વાર પણ ચુલનીપિતા શ્રમણોપાસકને પ્રમાણે કહ્યું : હે ચુલનીપિતા શ્રમણોપાસક, ઇત્યાદિ તેમ જ કહે છે. અને તે ચુલનીપિતા પણ રહે છે. યાવત્ તેમ જ વિચરે છે.

१३७. तए णं से देवे चुलणीपियं समणोवासयं अभीयं जाव पासित्ता आसुरत्ते ४ चुलणीपियस्स समणोवासयस्स जेट्ठं पुत्तं गिहाओ नीणेइ, नीणित्ता अग्गओ घाएइ, घाइत्ता तओ मंससोल्लए करेइ, करेत्ता आदाणभरियंसि कडाहयंसि अद्दहेइ, अद्दहित्ता चुलणीपियस्स समणोवासयस्स गायं मंसेण य सोणिएण य आयंचइ।

ત્યાર પછી ચુલનીપિતા શ્રમણોપાસકને નિર્ભય રહેલો યાવત્ જોઈને ક્રુદ્ધ થઈ તે દેવ ચુલનીપિતા શ્રમણોપાસકના જ્યેષ્ઠ પુત્રને ઘરથી નીકાળે છે. નીકાળીને તેના સમક્ષ તેનો ઘાત કરે છે. ઘાત કરીને મા[illegible] માંસના ટુકડા કરે છે, ટુકડા કરીને તેલથી ભરેલી કઢાઈમાં ઉકાળે છે. ઉકાળીને ચુલનીપિતા શ્રમણોપાસકના શરીર ઉપર મા[illegible] અને રુધિર છાંટે છે.

१३८. तए णं से चुलणीपिया समणोवासए तं उज्जलं जाव अहियासेइ।

ત્યાર બાદ તે ચુલનીપિતા શ્રમણોપાસક ઉજ્જ્વળ—કેવળ દુઃખરૂપ વેદનાને (યાવત્) સહન કરે છે.

१३९. तए णं से देवे चुलणीपियं समणोवासयं अभीयं जाव पासइ, पासित्ता

ત્યાર પછી તે દેવ ચુલનીપિતા શ્રમણોપાસકને નિર્ભય રહેલો યાવત્ જુએ છે. જોઈને

दोच्चंपि चुलणीपियं समणोवासयं एवं वयासी—"हं भो चुलणीपिया समणोवासया ! अपत्थिय-पत्थया ! जाव न भंजेसि, तो ते अहं अज्ज मज्झिमं पुत्तं साओ गिहाओ नीणेमि, तव अग्गओ घाएमि" जहा जेट्ठं पुत्तं तहेव भणइ, तहेव करेइ। एवं तच्चंपि कणीयसं जाव अहियासेइ।

તેણે બીજી વાર પણ ચુલનીપિતા શ્રમણો-પાસકને એ પ્રમાણે કહ્યું: મરણની પ્રાર્થના કરનાર હે ચુલનીપિતા શ્રમણોપાસક! યાવત્ વ્રત વગેરે તું નહિ ભાંગે તો હું આજે તારા મધ્યમ-વચલા પુત્રને તારા-પોતાના ઘરથી લઈ જઈશ. લઈને તારા સમક્ષ તેનો ઘાત કરીશ. ઇત્યાદિ જેમ જ્યેષ્ઠ પુત્ર સંબંધે કહ્યું હતું તેમ કહે છે અને તે પ્રમાણે જ કરે છે. એવી જ રીતે ત્રીજા નાના પુત્રના પણ ઘરેથી લાવી ત્રણ ખંડ કરે છે. ચુલનીપિતા તે દુસ્સહ વેદનાને સહન કરે છે. અને ચુલનીપિતાના શરીર ઉપર છાંટે છે.

१४०. तए णं से देवे चुलणीपियं समणोवासयं अभीयं जाव पासइ, पासित्ता चउत्थंपि चुलणीपियं समणोवासयं एवं वयासी—"हंभो चुलणीपिया ! समणोवासया ! अपत्थिय-पत्थया ! ४, जइ णं तुम जाव न भंजेसि, तओ अहं अज्ज जा इमा तव माया भद्दा सत्थवाही देवय-गुरु-जणणी दुक्कर-दुक्करकारिया, तं ते साओ गिहाओ नीणेमि नीणित्ता तव अग्गओ घाएमि घाइत्ता तओ मंससोल्लए करेमि, करेत्ता आदाण-भरियंसि कडाहयंसि अद्दहेमि, अद्दहित्ता तव गायं मंसेण य सोणिएण य आयंचामि, जहा णं तुमं अट्ट-दुहट्ट-वसट्टे अकाले चेव जीवियाओ ववरोविज्जसि"।

તત્પશ્ચાત તે દેવ ચુલનીપિતા શ્રમણોપાસકને નિર્ભય રહેલો જુએ છે. જોઈને તેણે ચોથી વાર પણ ચુલનીપિતા શ્રમણોપાસકને એ પ્રમાણે કહ્યું: મરણની કામના કરનાર હે ચુલનીપિતા શ્રમણોપાસક! જો તું યાવત્ વ્રતાદિને ભાંગીશ નહિ તો આજે હું જે આ તારી માતા ભદ્રા સાર્થવાહી દેવ અને ગુરુસમાન જનની છે. તથા જેણે ગર્ભ-પાલનાદિ રૂપ અત્યંત દુષ્કર કાર્યો કીધાં છે, તેને તારા ઘરથી લાવીશ. લાવી તારી આગળ તેનો ઘાત કરીશ. ઘાત કરીને ત્રણ માંસના ટુકડા કરીશ. અને તેલથી ભરેલા કડાયામાં ઉકાળીશ. ઉકાળીને તારા શરીરને માંસ અને લોહી વડે છાંટીશ, જેથી તું આર્તધ્યાનની અત્યંત પરવશતાથી પીડિત-થઈને અકાળે જ જીવનથી મુક્ત થઈશ.

१४१. तए णं से चुलणीपिया समणोवासए तेणं देवेणं एवं वुत्ते समाणे अभीए जाव विहरइ।

ત્યારે તે ચુલનીપિતા શ્રમણોપાસક તે દેવના એમ કહેવા છતાં પણ નિર્ભય જ રહે છે.

१४२. तए णं से देवे चुलणीपियं समणोवासयं जाव विहरमाणं पासइ, पासित्ता चुलणीपियं समणोवासयं दोच्चंपि तच्चंपि एवं वयासी—"हंभो चुलणी-पिया! समणोवासया! तहेव जाव ववरोविज्जसि"।

તે દેવ ચુલનીપિતા શ્રમણોપાસકને નિર્ભય રહેલો જુએ છે, જોઈને ચુલનીપિતા શ્રમણોપાસકને બીજી વાર અને ત્રીજી વાર પણ એ પ્રમાણે કહ્યું: હે ચુલનીપિતા શ્રમણોપાસક! ઇત્યાદિ પૂર્વવત્ સમજવું. યાવત્ તું અકાળે જ જીવનથી મુક્ત થઈ જઈશ.

१४३. तए णं तस्स चुलणीपियस्स समणोवासयस्स तेणं देवेणं दोच्चंपि तच्चंपि एवं वुत्तस्स समाणस्स इमेयारूवे अज्झत्थिए ५—"अहो णं इमे पुरिसे अणारिए अणारिय-बुद्धी अणारियाइं पावाइं कम्माइं समायरइ, जे णं ममं जेट्ठं पुत्तं साओ गिहाओ नीणेइ, नीणेत्ता मम अग्गओ घाएइ, घाइत्ता जहा कयं तहा चिंतेइ, जाव गायं आयंचइ, जे णं ममं मज्झिमं पुत्तं साओ गिहाओ जाव सोणिएण य आयंचइ, जे णं ममं कणीयसं पुत्तं साओ गिहाओ तहेव जाव आयंचइ, जा वि य णं इमा ममं माया भद्दा सत्थवाही देवय-गुरु-जणणी दुक्कर-दुक्करकारिया, तं पि य णं इच्छइ साओ गिहाओ नीणेत्ता मम अग्गओ घाएत्तए, तं सेयं खलु ममं एयं पुरिसं गिण्हित्तए" त्ति कट्टु उद्धाइए,

જ્યારે તે દેવે બીજી વાર અને ત્રીજી વાર પણ એ પ્રમાણે કહ્યું, ત્યારે ચુલનીપિતા શ્રમણોપાસકને આવા પ્રકારનો અધ્યવસાય ઉત્પન્ન થયો. અહો, આ પુરુષ અનાર્ય અનાર્ય બુદ્ધિવાળો છે. અને અનાર્યોચિત પાપકર્મ કરે છે, જે મારા જ્યેષ્ઠ પુત્રને મારા પોતાના ઘરથી લઈ આવ્યો અને મારી આગળ ઘાત કર્યો. ઇત્યાદિ જે પ્રમાણે દેવે કર્યું હતું તે બધું ચિન્તવે છે. યાવત્ મારા શરીર ઉપર છાંટ્યું; અને જે મારા કનિષ્ઠ પુત્રને મારા ઘરથી લઈ આવ્યો ઇત્યાદિ કહેવું, યાવત્ મારા શરીર ઉપર છાંટ્યું છે, આ પુરુષ હવે મ્હારા માટે દેવ, ગુરુ અને જનની રૂપે જે મારી માતા ભદ્રા સાર્થવાહી છે, અત્યંત દુષ્કરને કરનારી છે, તેને પણ મારા ઘરથી લઈને મારી આગળ ઘાત કરવાને ઇચ્છે છે, માટે મારે આ પુરુષને પકડવો યોગ્ય છે. એમ વિચારી તે પકડવા દોડ્યો પણ તે દેવ આકાશમાં ઊડી ગયો.

से वि य आगासे उप्पइए, तेणं च खम्भे आसाइए, महया-महया सद्देणं कोलाहले कए।

ચુલનીપિતાના હાથમાં ઘરનો સ્તંભ—થાંભલો આવ્યો અને તે અત્યંત મોટા શબ્દો વડે કોલાહલ કરવા લાગ્યો.

१४४. तए णं सा भद्दा सत्थवाही तं कोलाहल-सद्दं सोच्चा निसम्म जेणेव चुलणीपिया समणोवासए तेणेव उवागच्छइ, उवागच्छित्ता चुलणीपियं समणोवासयं एवं वयासी—"किण्णं पुत्ता! तुमं महया महया सद्देणं कोलाहले कए?"।

ત્યારે તે ભદ્રા સાર્થવાહી તે કોલાહલને સાંભળી અને સમજીને જ્યાં ચુલનીપિતા શ્રમણોપાસક હતો ત્યાં આવી. આવીને ચુલનીપિતા શ્રમણોપાસકને તેણે એ પ્રમાણે કહ્યું: હે પુત્ર! તેં કેમ ઘણા મોટા શબ્દ વડે કોલાહલ કર્યો!

१४५. तए णं से चुलणीपिया समणोवासए अम्मयं भद्दं सत्थवाहिं एवं वयासी—"एवं खलु अम्मो! न जाणामि के वि पुरिसे आसुरत्ते ५ एगं महं नीलुप्पल जाव असिं गहाय ममं एवं वयासी—"हंभो चुलणीपिया! समणोवासया! अपत्थियपत्थया! ४ वज्जिया, जइ ण तुमं जाव ववरोविज्जसि"।

તે ચુલનીપિતા શ્રમણોપાસકે પોતાની માતા ભદ્રા સાર્થવાહીને આ પ્રમાણે કહ્યું: હે માતા! હું જાણતો નથી. પણ કોઈક પુરુષે ગુસ્સે થઈને નીલકમળ જેવી એક મોટી તલવાર ગ્રહણ કરી મને એમ કહ્યું: 'મરણની કામના કરનાર, હ્રી-લજ્જા, શ્રી-લક્ષ્મી, ધૃતિ અને કીર્તિથી રહિત હે ચુલનીપિતા શ્રમણોપાસક! જો તું વ્રતાદિનો ભંગ નહિ કરીશ તો આજ યાવત્ જીવનથી મુક્ત થઈશ.

१४६. तए णं अहं तेणं पुरिसेणं एवं वुत्ते समाणे अभीए जाव विहरामि।

તે પુરુષે એ પ્રમાણે કહ્યું તો પણ હું નિર્ભય રહ્યો.

१४७. तए णं से पुरिसे ममं अभीयं जाव विहरमाणं पासइ, पासित्ता ममं दोच्चंपि तच्चंपि एवं वयासी—"हंभो चुलणीपिया! समणोवासया! तहेव जाव गायं आयंचइ"।

મને નિર્ભય રહેલો જોઈને તે પુરુષે બીજી વાર અને ત્રીજી વાર પણ એમ કહ્યું: હે ચુલનીપિતા શ્રમણોપાસક! ઇત્યાદિ પૂર્વવત્ કહેવું. યાવત્ તેણે મારા શરીર પર માંસ અને રુધિર છાંટ્યું.

१५५. तए णं से चुलणीपिया समणोवासए पढमं उवासगपडिमं उवसंपज्जित्ताणं विहरइ, पढमं उवासग-पडिमं अहा-सुत्तं जहा आणंदो जाव एक्का-रसमं पि।

ત્યાર પછી ચુલનીપિતા શ્રમણોપાસ ઉપાસક પ્રતિમાને સ્વીકારી વિહરે છે. ઉપાસક પ્રતિમાને સૂત્ર પ્રમાણે આ શ્રાવકની જેમ આરાધે છે યાવત્ અગિયાર પ્રતિમાઓનું આરાધન કરે છે.

१५६. तए णं से चुलणीपिया समणोवासए तेणं उरालेणं जहा कामदेवो जाव सोहम्मे कप्पे सोहम्मवडिंसगस्स महा-विमाणस्स उत्तर-पुरत्थिमेणं अरुण-प्पभे विमाणे देवत्ताए उववन्नो। चत्तारि पलिओवमाइं ठिई पण्णत्ता। महाविदेहे वासे सिज्झिहिइ ५। निक्खेवो।

ત્યાર બાદ ચુલનીપિતા શ્રમણોપાસક ઉદાર તપ વડે કૃશ થઈ ગયો અને કા દેવની જેમ યાવત્ સૌધર્મ દેવલોકમાં ઉત્ પૂર્વ દિશામાં અરુણપ્રભ વિમાનમાં દેવરૂ ઉત્પન્ન થયો. ત્યાં ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે. યાવત્ તે મહાવિદેહ ક્ષેત્રમાં જ ગ્રહણ કરીને સિદ્ધ થશે. ઉપસંહાર પૂર્વવત્ સમજી લેવો.

અધ્યયન ચોથું

સુરાદેવ

१५७ उक्खेवओ चउत्थस्स अज्झयणस्स, एव खलु जम्बू! तेणं कालेणं तेणं समएणं वाणारसी नाम नयरी। कोट्ठए चेइए। जियसत्तू राया। सुरादेवे गाहावई अड्ढे। छ हिरण्णकोडीओ जाव छ वया दसगोसाहस्सिएणं वएणं। धन्ना भारिया। सामी समोसढे। जहा आणंदो तहेव पडिवज्जइ गिहिधम्मं। जहा कामदेवो जाव समणस्स भगवओ महावीरस्स धम्मपण्णत्ति उवसंपज्जित्ताणं विहरइ।

ચોથા અધ્યયનનો ઉપોદ્ઘાત કહેવો. (જેમ કે જંબૂ સ્વામીએ સુધર્મા સ્વામીને પૂછ્યું. શ્રમણ ભગવાન મહાવીરે ત્રીજા અધ્યયનનો આ અર્થ કહ્યો છે તો ચોથા અધ્યયનનો શો અર્થ કહ્યો છે.)

સુધર્મા સ્વામીએ કહ્યું એ પ્રમાણે હે જંબૂ! તે કાળે અને તે સમયે વાણારસી નામે નગરી હતી. કોષ્ટક ચૈત્ય હતું. જિતશત્રુ રાજા હતો. ત્યાં સુરાદેવ ગૃહપતિ નિવાસ કરતો હતો. તે ધનિક હતો. તેને છ હિરણ્યકોટિ નિધાનમાં, છ વ્યાજે અને છ ધન-ધાન્યાદિના વિસ્તારમાં રોકી હતી. દશ હજાર ગાયોના એક વ્રજના હિસાબે છ વ્રજો હતા. અર્થાત્ સાઠ હજાર ગાયો હતી. તેને ધન્યા નામક ભાર્યા હતી. મહાવીર સ્વામી વાણારસી નગરીમાં સમોસર્યા. આનંદની જેમ તેણે ગૃહસ્થધર્મ સ્વીકાર કર્યો. અને કામદેવની પેઠે યાવત્ શ્રમણ ભગવાન મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરીને વિચરવા લાગ્યો.

१५८ तए णं तस्स सुरादेवस्स समणोवासयस्स पुव्वरत्तावरत्त कालसमयंसि एगे देवे अंतियं पाउब्भवित्था, से देवे

તે સુરાદેવ શ્રમણોપાસકની પાસે મધ્યરાત્રિના સમયે એક દેવ પ્રકટ થયો. તે દેવે એક મોટી નીલકમળ જેવી તલવાર લઈને

एवं महं नीलुप्पल जाव असिं गहाय
सुरादेवं समणोवासयं एवं वयासी—
"हंभो सुरादेवा समणोवासया!
अपत्थियपत्थया! ४, जइ णं तुमं
सीलाइं जाव न भंजेसि, तो ते
जेट्ठं पुत्तं साओ गिहाओ नीणेमि,
नीणेत्ता तव अग्गओ घाएमि, घाएत्ता
पंच सोल्लए करेमि, करित्ता आदाण-
भरियंसि कडाहयंसि अद्दहेमि, अद्दहेत्ता
तव गायं मंसेण य सोणिएण य
आयंचामि, जहा णं तुमं अकाले चेव
जीवियाओ ववरोविज्जसि।" एवं
मज्झिमयं, कणीयसं; एक्के-क्के पंच
सोल्लया। तहेव करेइ, जहा चुलणी-
पियस्स; नवरं एक्के-क्के पंच
सोल्लया।

સુરાદેવ શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું:
હે મરણની પ્રાર્થના કરનાર સુરાદેવ શ્રમણો-
પાસક! જો તું શીલ વગેરેને ભાંગીશ નહિ
તો તારા જ્યેષ્ઠ પુત્રને તારા પોતાના ઘરથી
લઈ આવીશ. લઈને તારી આગળ તેનો
ઘાત કરીશ, ઘાત કરીને તેના માંસના પાંચ
ટુકડા કરીશ. અને તેને તેલથી ભરેલા
કઢાયામાં ઉકાળીશ. ઉકાળીને તારા શરીરને
માંસ અને રુધિર વડે છાંટીશ. જેથી તું
આર્તધ્યાનની અત્યંત પરાવશતાથી પીડિત
થઈને અકાળે મરણ પામીશ. એ જ પ્રમાણે
મધ્યમ પુત્ર અને નાના પુત્રના વિષયમાં
પણ સમજવું. અને એક-એકના પાંચ-પાંચ ટુકડા
કરીશ એમ કહે છે અને તેમ જ કરે છે.
ઇત્યાદિ સમગ્ર વૃત્તાન્ત ચુલનીપિતાની જેમ
જાણવું. પરંતુ ત્યાં ત્રણ-ત્રણ ટુકડા
હતા પણ અહીં એક-એકના
ટુકડા સમજવા.

१५१. तए णं से देवे सुरादेवं समणो-
वासयं चउत्थं पि एवं वयासी—
"हंभो! सुरादेवा समणोवासया!
अपत्थियपत्थया ८! जाव न परिच्च-
यसि, तो ते अज्ज सरीरंसि जमग-
समगमेव सोलस रोगायंके पक्खि-
वामि, तं जहा—सासे, कासे जाव
कोढे, जहा णं तुमं अट्ट-दुहट्ट जाव
ववरोविज्जसि।"

ત્યાર પછી તે દેવે સુરાદેવ શ્રમણોપાસક[ને]
ચોથી વાર પણ આ પ્રમાણે કહ્યું: મરણની
પ્રાર્થના કરનાર હે સુરાદેવ શ્રમણોપાસક!
જો તું શીલ વગેરેનો ત્યાગ નહિ કરે તો
આજે તારા શરીરમાં એક સાથે સોળ રોગો
મૂકીશ. તે આ પ્રમાણે: (૧) શ્વાસ-દમ...
(૨) કાસ-ખાંસી (૩) જ્વર-બુખા[ર]...
(૪) દાહ-પિત્તજ્વર અર્થાત્ શરી[ર]...
(૫) કુક્ષિ-કમરમાં પીડા...
ગુદામાં ફોડા (૭) અર...

અજીર્ણ-ખાતું ન પચવું (૯) દષ્ટિ-રોગ-દષ્ટિ સંબંધી રોગ (૧૦) મસ્તકશૂલ-શિર-દર્દ (૧૧) અરુચિ-ભૂખ ન લાગવી (૧૨) અક્ષિવેદના-આંખનો દુખાવો (૧૩) કર્ણ-વેદના-કાનોના રોગ (૧૪) કણ્ડૂ-ખુજલી (૧૫) ઉદર-રોગ-પેટની બીમારી અને (૧૬) કોઢ. જેથી તું આર્તધ્યાનની અત્યંત પરવશતાથી પીડિત થઈ અકાળે જ જીવનથી મુક્ત થઈશ.

१६०. तए णं से सुरादेवे समणोवासए जाव विहरइ। एवं देवो दोच्चंपि तच्चंपि भणइ, जाव ववरोविज्जसि।

પણ તે સુરાદેવ નિર્ભય રહે છે. આ પ્રમાણે બીજી વાર-ત્રીજી વાર પણ કહે છે.

१६१. तए णं तस्स सुरादेवस्स समणोवासयस्स तेणं देवेणं दोच्चंपि तच्चंपि एवं वुत्तस्स समाणस्स, इमेयारूवे अज्झत्थिए ४—"अहो णं इमे पुरिसे अणारिए जाव समायरइ, जेणं ममं जेट्ठं पुत्तं जाव कणीयसं जाव आयचइ, जे वि य इमे सोलस रोगायंका, ते वि य इच्छइ मम सरीरगंसि पक्खिवित्तए, तं सेयं खलु ममं एयं पुरिसं गिण्हित्तए" तिकट्टु उद्धाइए। से वि य आगासे उप्पइए। तेण य खंभे आसाइए, महया-महया सद्देणं कोलाहले कए।

ત્યાર પછી તે સુરાદેવ શ્રમણોપાસકના ચિત્તમાં આવા પ્રકારનો અધ્યવસાય ઉત્પન્ન થયો. અહો! આ પુરુષ અનાર્ય છે અને યાવત્ અનાર્ય પાપકર્મ કરે છે. જે મારા જ્યેષ્ઠ પુત્રને યાવત્ કનિષ્ઠ પુત્રને ઘરથી લાવી મારી આગળ ઘાત કરીને યાવત્ માંસ અને રુધિર વડે મારા શરીરને છાંટ્યું છે. અને જે આ સોળ મહારોગો છે તેને પણ મારા શરીરમાં એકસાથે મૂકવા ઇચ્છે છે. તો મારે આ પુરુષને પકડવો એ જ યોગ્ય છે. એમ વિચાર કરીને તે દોડ્યો. પણ તે દેવ આકાશમાં ઊડી ગયો. તેના હાથમાં ઘરનો થાંભલો આવી ગયો અને અત્યંત મોટા શબ્દોથી તે કોલાહલ કરવા લાગ્યો.

१४१. तए णं से चुलणीपिया समणोवासए तेणं देवेणं एवं वुत्ते समाणे अभीए जाव विहरइ।

ત્યારે તે ચુલનીપિતા શ્રમણોપાસક તે દેવના એમ કહેવા છતાં પણ નિર્ભય જ રહે છે.

१४२. तए णं से देवे चुलणीपियं समणोवासयं जाव विहरमाणं पासइ, पासित्ता चुलणीपियं समणोवासयं दोच्चंपि तच्चंपि एवं वयासी—"हंभो चुलणीपिया! समणोवासया! तहेव जाव ववरोविज्जसि"।

તે દેવ ચુલનીપિતા શ્રમણોપાસકને નિર્ભય રહેતો જુએ છે, જોઈને ચુલનીપિતા શ્રમણોપાસકને બીજી વાર અને ત્રીજી વાર પણ એ પ્રમાણે કહ્યું: હે ચુલનીપિતા શ્રમણોપાસક! ઇત્યાદિ પૂર્વવત્ સમજવું. યાવત્ અકાળે જ જીવનથી મુક્ત થઈ જઈશ.

१४३. तए णं तस्स चुलणीपियस्स समणोवासयस्स तेणं देवेणं दोच्चंपि तच्चंपि एवं वुत्तस्स समाणस्स इमेयारूवे अज्झत्थिए ५—"अहो णं इमे पुरिसे अणारिए अणारिय-बुद्धी अणारियाइं पावाइं कम्माइं समायरइ, जे णं ममं जेट्ठं पुत्तं साओ गिहाओ नीणेइ, नीणेत्ता ममं अग्गओ घाएइ, घाइत्ता जहा कयं तहा चिंतेइ, जाव गायं आयंचइ, जे णं ममं मज्झिमं पुत्तं साओ गिहाओ जाव सोणिएण य आयंचइ, जे णं ममं कणीयसं पुत्तं साओ गिहाओ तहेव जाव आयंचइ जा वि य णं इमा ममं माया भद्दा सत्थवाही देवय-गुरु-जणणी दुक्कर-दुक्करकारिया, तं पि य णं इच्छइ साओ गिहाओ नीणेत्ता मम अग्गओ घाएत्तए, त सेयं खलु ममं एयं पुरिसं गिण्हित्तए" त्ति कट्टु उद्धाइए,

જ્યારે તે દેવે બીજી વાર અને ત્રીજી વાર પણ એ પ્રમાણે કહ્યું. ત્યારે ચુલનીપિતા શ્રમણોપાસકને આવા પ્રકારનો અધ્યવસાય ઉત્પન્ન થયો. અહો, આ પુરુષ અનાર્ય છે અનાર્ય બુદ્ધિવાળો છે. અને અનાર્યો[illegible] પાપકર્મ કરે છે, જે મારા જ્યેષ્ઠ પુત્રને મારા પોતાના ઘરથી લઈ આવ્યો અને મારી આગળ ઘાત કર્યો. ઇત્યાદિ જે પ્રમાણે હે કર્યું હતું તે બધું ચિન્તવે છે. યાવત્ મારા શરીર ઉપર છાંટ્યું, અને જે મારા કનિષ્ઠ પુત્રને મારા ઘરથી લઈ આવ્યો ઇત્યાદિ કહેવું, યાવત્ મારા શરીર ઉપર છાંટ્યું છે, આ પુરુષ હવે મ્હારા માટે દેવ, ગુરુ અને જનની રૂપે જે મારી માતા ભદ્રા સાર્થવાહી છે, અત્યંત દુષ્કરને કરનારી [illegible] તેને પણ મારા ઘરથી લઈને મારી ઘાત કરવાને ઇચ્છે છે, માટે મારે એ પુ[illegible] પકડવો યોગ્ય છે. એમ વિચારી તે પકડવા દોડ્યો પણ તે [illegible] આકાશમાં ઊડી ગયો

से वि य आगासे उप्पइए, तेण च खम्भे आसाइए, महया-महया सद्देण कोलाहले कए।

ચુલનીપિતાના હાથમાં ઘરનો સ્તંભ—થાંભલો આવ્યો અને તે અત્યંત મોટા શબ્દો વડે કોલાહલ કરવા લાગ્યો.

१४४. तए णं सा भद्दा सत्थवाही त कोलाहल-सद्दं सोच्चा निसम्म जेणेव चुलणीपिया समणोवासए तेणेव उवागच्छइ, उवागच्छित्ता चुलणीपिय समणोवासयं एवं वयासी—"किण्ण पुत्ता! तुमं महया महया सद्देण कोलाहले कए?"।

२१७. तए णं सा अग्गिमित्ता भारिया समणस्स भगवओ महावीरस्स अंतिए पंचाणुव्वइयं सत्तसिक्खा-वइयं दुवालसविहं सावग-धम्मं पडिवज्जइ, पडिवज्जित्ता समणं भगवं महावीरं वंदइ नमंसइ, वंदित्ता नमंसित्ता तमेव धम्मियं जाण-प्पवरं दुरुहइ दुरुहित्ता जामेव दिसिं पाउब्भूया तामेव दिसिं पडिगया।

ત્યાર પછી તે અગ્નિમિત્રા શ્રમણ ભગવાન મહાવીરની પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત રૂપ બાર પ્રકારના ગૃહસ્થધર્મને સ્વીકારે છે. સ્વીકાર કરીને શ્રમણ ભગવંત મહાવીરને વંદન અને નમસ્કાર કરે છે, વંદન અને નમસ્કાર કરીને તે જ ધાર્મિક યાન ઉપર આરૂઢ થાય છે અને જે દિશાથી આવી હતી તે દિશામાં પાછી જાય છે.

२१८. तए णं समणे भगवं महावीरे अन्नया कयाइ पोलासपुराओ नयराओ सहस्संबवणाओ पडिनिग्ग-

તદનન્તર શ્રમણ ભગવાન મહાવીર અન્ય કોઈ દિવસે પોલાસપુર નગરથી અને સહસ્રામ્રવન ઉદ્યાનથી નીકળે છે અને

...च्छइ पडिनिग्गच्छित्ता बहिया जणवय-विहारं विहरइ।

નીકળીને દેશ-દેશાન્તરમાં વિહરે છે.

२१९. तए णं से सद्दालपुत्ते समणोवासए जाए अभिगय-जीवाजीवे जाव विहरइ।

તત્પશ્ચાત્ સકડાલપુત્ર શ્રમણોપાસક થયો અને જીવાજીવનો જ્ઞાતા થઈને જીવન વ્યતીત કરવા લાગ્યો.

२२०. तए णं से गोसाले मंखलिपुत्ते इमीसे कहाए लद्धट्ठे समाणे— "एवं खलु सद्दालपुत्ते आजीविय-समयं वमित्ता समणाणं निग्गंथाणं दिट्ठिं पडिवन्ने। तं गच्छामि णं सद्दालपुत्तं आजीविओवासयं समणाणं निग्गंथाणं दिट्ठिं वामेत्ता पुणरवि आजीविय-दिट्ठिं गेण्हावित्तए," त्ति कट्टु एवं संपेहेइ, संपेहित्ता आजीविय-संघ-सम्परिवुडे जेणेव पोलासपुरे नयरे, जेणेव आजीविय-सभा, तेणेव उवागच्छइ, उवागच्छित्ता आजीवियसभाए भण्डग-निक्खेवं करेइ, करेत्ता कइवएहिं आजीविएहिं सद्धिं जेणेव सद्दालपुत्ते समणोवासए, तेणेव उवागच्छइ।

ત્યાર પછી મંખલીપુત્ર ગોશાલકે આ વૃત્તાન્તને સાંભળીને વિચાર કર્યો—"ખરેખર સકડાલપુત્રે આજીવિક સમયનો ત્યાગ કરી શ્રમણ નિર્ગ્રન્થની દૃષ્ટિ (શ્રદ્ધા) અંગીકાર કરી છે, તો હું જઉં અને આજીવિકોપાસક સકડાલપુત્રને શ્રમણ નિર્ગ્રન્થની દૃષ્ટિનો ત્યાગ કરાવી ફરીથી આજીવિકની દૃષ્ટિ સ્વીકાર કરાવું. એમ વિચારી આજીવિકોના સંઘ સહિત જ્યાં પોલાશપુર નગર છે અને જ્યાં આજીવિકસભા છે ત્યાં આવે છે, ત્યાં આવીને આજીવિકસભામાં ભાંડ-પાત્રાદિ ઉપકરણ મૂકે છે. મૂકીને કેટલાક આજીવિકો સાથે જ્યાં સકડાલપુત્ર શ્રમણોપાસક છે ત્યાં આવે છે.

२२१. तए णं से सद्दालपुत्ते समणोवासए गोसालं मंखलिपुत्तं एज्जमाणं पासइ, पासित्ता नो आढाइ, नो परिजाणाइ, अणाढायमाणे, अपरियाणमाणे तुसिणीए संचिट्ठइ।

તે વારે સકડાલપુત્ર શ્રમણોપાસક મંખલીપુત્ર ગોશાલકને આવતો જુએ છે, આવતો જોઈને તેનો આદર કરતો નથી, તેને જાણતો નથી. આદર નહિ કરતો અને નહિ જાણતો તે મૂંગો બેઠો રહે છે.

२२२. तए णं से गोसाले मंखलिपुत्ते सद्दालपुत्तेणं समणोवासएणं अणाढाइज्जमाणे अपरिजाणिज्जमाणे पीढ-फलग-सिज्जा-संथारट्ठयाए समणस्स भगवओ महावीरस्स गुण-कित्तणं करेमाणे सद्दालपुत्तं समणोवासयं एवं वयासी—"आगए णं, देवाणुप्पिया! इहं महा-माहणे"? ।

ત્યાર બાદ શ્રમણોપાસક સકડાલપુત્ર વડે નહિ આદર પામેલો અને નહિ જાણેલો ગોશાલક પીઠ-ફલક, શય્યા અને સંથારા માટે શ્રમણ ભગવંત મહાવીરનાં ગુણકીર્તન કરતો શ્રમણોપાસક સકડાલપુત્રને આ પ્રમાણે બોલ્યો: હે દેવાનુપ્રિય! અહીં મહામાહન આવ્યા હતા!

२२३. तए णं से सद्दालपुत्ते समणोवासए गोसालं मंखलिपुत्तं एवं वयासी—"के णं देवाणुप्पिया! महामाहणे?"

ત્યારે તે સકડાલપુત્ર શ્રમણોપાસકે કહ્યું: હે દેવાનુપ્રિય! મહામાહન કોણ છે!

२२४. तए णं से गोसाले मंखलिपुत्ते सद्दालपुत्तं समणोवासयं एवं वयासी—"समणे भगवं महावीरे महामाहणे"।

ત્યારે મંખલીપુત્ર ગોશાલકે કહ્યું: શ્રમણ ભગવંત મહાવીર મહામાહન છે.

"से केणट्ठेणं, देवाणुप्पिया! एवं वुच्चइ—समणे भगवं महावीरे महामाहणे।"

સકડાલપુત્ર : દેવાનુપ્રિય! શા હેતુથી કહો છો કે શ્રમણ ભગવાન મહાવીર મહામાહન છે!

"एवं खलु, सद्दालपुत्ता! समणे भगवं महावीरे महामाहणे उप्पन्न-णाण-दंसणधरे जाव महिय-पूइए जाव तच्चकम्म-संपया-संपउत्ते। से तेणट्ठेणं, देवाणुप्पिया! एवं वुच्चइ समणे भगवं महावीरे महामाहणे"।

ગોશાલક : સકડાલપુત્ર! ખરેખર શ્રમણ ભગવાન મહાવીર, મહામાહન, ઉત્પન્ન જ્ઞાન-દર્શનને ધારણ કરનાર, યાવત્ ભક્તિ-સ્તુતિ કરાયેલા અને પૂજિત છે, યાવત્ તથ્ય-કર્મની સંપત્તિથી યુક્ત છે. તે કારણથી હે દેવાનુપ્રિય! શ્રમણ ભગવાન મહાવીર મહામાહન છે.

"आगए णं, देवाणुप्पिया! इहं महागोवे"?

ગોશાલક : દેવાનુપ્રિય! અહીં 'મહાગોપ' આવ્યા હતા!

"के णं, देवाणुप्पिया! महागोवे"!

સકડાલપુત્ર: દેવાનુપ્રિય! મહાગોપ કોણ છે!

...वं महावीरे महागोवे"।
जाव से केणट्ठेणं, देवाणुप्पिया !
महागोवे ?"
"एवं खलु, देवाणुप्पिया ! समणे
भगवं महावीरे संसाराडवीए बहवे
जीवे नस्समाणे विणस्समाणे खज्ज-
माणे छिज्जमाणे भिज्जमाणे लुप्प-
माणे विलुप्पमाणे धम्ममएणं दण्डेण
सारक्खमाणे संगोवेमाणे, निव्वाण-
महावाडं साहत्थिं संपावेइ । से
तेणट्ठेणं, सद्दालपुत्ता ! एवं वुच्चइ
समणे भगवं महावीरे महागोवे ।"
"आगए णं, देवाणुप्पिया ! इहं
महा-सत्थवाहे ?"
"के णं, देवाणुप्पिया ! महा-
सत्थवाहे ?"
"सद्दालपुत्ता ! समणे भगवं महा-
वीरे महासत्थवाहे ।"
"से केणट्ठेणं० ?"
"एवं खलु देवाणुप्पिया ! समणे
भगवं महावीरे संसाराडवीए बहवे
जीवे नस्समाणे विणस्समाणे जाव
विलुप्पमाणे धम्ममएणं पंथेणं सारक्ख-
माणे निव्वाण-महापट्टणाभिमुहे
साहत्थिं संपावेइ । से तेणट्ठेणं,
सद्दालपुत्ता ! एवं वुच्चइ समणे भगवं
महावीरे महासत्थवाहे ।"

ગોશાલક : શ્રમણ ભગવાન મહાવીર મહા-
ગોપ છે.
સકડાલપુત્ર : દેવાનુપ્રિય ! કયા હેતુથી કહો
છો કે શ્રમણ ભગવાન મહાગોપ છે?
ગોશાલક : દેવાનુપ્રિય ! શ્રમણ ભગવાન
મહાવીર સંસારાટવીમાં નાશ પામતા, વિના...
પામતા, ભક્ષણ કરાતા, છેદાતા, ભેદાતા,
લુપ્ત થતા, વિલુપ્ત થતા ઘણાં જીવો...
ધર્મરૂપ દંડ વડે સંરક્ષણ કરીને, ...
કરીને નિર્વાણરૂપ મહાવાડામાં પોતા...
પહોંચાડે છે, તે હેતુથી સકડાલપુત્ર ! ...
કહેવાય છે કે શ્રમણ ભગવાન મહાવી...
મહાગોપ છે.
ગોશાલક : હે દેવાનુપ્રિય ! અહીં મહાસાર્થ-
વાહ આવ્યા હતા?
સકડાલપુત્ર : મહાસાર્થવાહ કોણ છે?
ગોશાલક : સકડાલપુત્ર ! શ્રમણ ભગવા...
મહાવીર મહાસાર્થવાહ છે.
સકડાલપુત્ર : શા હેતુથી એમ કહો છો?
ગોશાલક : દેવાનુપ્રિય ! આ પ્રમાણે શ્રમણ
ભગવાન મહાવીર સંસારાટવીમાં નાશ
પામતા, વિનાશ પામતા યાવત્ વિલુપ્ત
થતા ઘણા જીવોને ધર્મમય માર્ગ વડે
સંરક્ષણ કરતાં નિર્વાણરૂપ મહાપટ્ટણ...
સન્મુખ પોતાના હાથે પહોંચાડે ...
હેતુથી હે સકડાલપુત્ર ! એમ કહું છું ...
શ્રમણ ભગવાન મહાવીર મહાસાર્થવાહ છે.

"आगए णं, देवाणुप्पिया! इहं महा-धम्मकही?"

ગોશાલક : દેવાનુપ્રિય! અહીં મહાધર્મકથી આવ્યા હતા!

"के णं देवाणुप्पिया! महाधम्म-कही?"

સકડાલપુત્ર દેવાનુપ્રિય! મહાધર્મકથી કોણ છે?

"समणे भगवं महावीरे महा-धम्मकही।"

ગોશાલક : શ્રમણ ભગવાન મહાવીર મહા-ધર્મકથી છે.

"से केणट्ठेणं समणे भगवं महा-वीरे महा-धम्मकही?"

સકડાલપુત્ર : કયા અભિપ્રાયથી શ્રમણ ભગવાન મહાવીરને મહાધર્મકથી કહો છે?

"एवं खलु, देवाणुप्पिया! समणे भगवं महावीरे महइ-महालयंसि संसारंसि बहवे जीवे नस्समाणे विणस्समाणे खज्जमाणे छिज्जमाणे भिज्जमाणे लुप्पमाणे विलुप्पमाणे उम्मग्ग-पडिवन्ने, सप्पहविप्पणट्ठे मिच्छत्त-बलाभिभूए अट्ठविह-कम्म-तम-पडल-पडोच्छन्ने, बहूहिं अट्ठेहि य जाव वागरणेहि य चाउरताओ संसारकंताराओ साहत्थि नित्थारेइ। से तेणट्ठेणं, देवाणुप्पिया! एवं वुच्चइ समणे भगवं महावीरे महा-धम्मकही।"

ગોશાલક : હે દેવાનુપ્રિય! એ પ્રમાણે ખરે-ખર શ્રમણ ભગવાન મહાવીર અત્યંત વિશાળ સંસારમાં નાશ પામતા, વિનાશ પામતા, ભક્ષણ કરાતા, છેદાતા, ભેદાતા, લુપ્ત થતા, વિલુપ્ત થતા, ઉન્માર્ગને પ્રાપ્ત થયેલા, સન્માર્ગથી ભૂલા પડેલા, મિથ્યા-ત્વના બળ વડે પરાભવ પામેલા, અને આઠ પ્રકારના કર્મરૂપ અંધકારના સમૂહથી ઢંકાયેલા ઘણા જીવોને ઘણા અર્થો યાવત્ વ્યાકરણો–ઉત્તરો વડે ચાર ગતિરૂપ સંસા-રાટવીથી પોતાના હાથે પાર ઉતારે છે. તે હેતુથી હે દેવાનુપ્રિય! એમ કહેવાય છે કે શ્રમણ ભગવાન મહાવીર મહાધર્મકથી છે.

"आगए णं, देवाणुप्पिया! इह महानिज्जामए?"

ગોશાલક : દેવાનુપ્રિય! અહીં મહાનિર્યામક (મોટા કર્ણધાર) આવ્યા હતા!

"के णं, देवाणुप्पिया! महा-निज्जामए?"

સકડાલપુત્ર : દેવાનુપ્રિય! મહાનિર્યામક કોણ છે?

"समणे भगवं महावीरे महा-निज्जामए।"

ગોશાલક : શ્રમણ ભગવાન મહાવીર મહા-નિર્યામક છે.

"से केणट्ठेणं०?"

સકડાલપુત્ર : એમ શા હેતુથી કહો છો?

"एवं खलु, देवाणुप्पिया! समणे भगवं महावीरे संसार-महासमुद्दे बहवे जीवे नस्समाणे विणस्समाणे जाव विलुप्पमाणे उप्पियमाणे ४ बुड्डमाणे निबुड्डमाणे धम्ममईए नावाए निव्वाण-तीराभिमुहे साहत्थिं संपावेइ। से तेणट्ठेणं, देवाणुप्पिया! एवं वुच्चइ समणे भगवं महावीरे महानिज्जामए"।

गोशालक : देवानुप्रिय! श्रमण भगवान महावीर संसाररूप महासमुद्रमां नाश पामता, विनाश पामता, यावत् विलुप्त थता, बुडता, अत्यंत बुडता, गोथां खाता घणा जीवोने धर्मबुद्धि रूप नौका वडे निर्वाणरूप तीरनी सन्मुख पोताना हाथे पहोंचाडे छे. ते हेतुथी, हे देवानुप्रिय! एम कहेवाय छे के, श्रमण भगवान महावीर महानिर्यामक छे.

२२५. तए णं से सद्दालपुत्ते समणोवासए गोसालं मंखलि-पुत्तं एवं वयासी—"तुब्भे णं देवाणुप्पिया! इय-च्छेया जाव इय-निउणा, इय-नयवादी, इय-उवएसलद्धा, इय-विण्णाण-पत्ता, पभू णं तुब्भे मम धम्मायरिएणं धम्मोवएसएणं भगवया महावीरेणं सद्धिं विवादं करेत्तए?"

"नो तिणट्ठे समट्ठे"।

त्यार बाद सकडालपुत्र श्रमणोपासके मंखली-पुत्र गोशालकने आ प्रमाणे कह्युं : हे देवानु-प्रिय! तमे आवा छेक (अवसरने जाणनारा) छो. यावत् आवा निपुण (सूक्ष्मदर्शी) छो, आ प्रमाणे नयवादी—नीतिना ज्ञाता, उपदेशलब्ध—आप्तना उपदेशने पामेला अने विज्ञानप्राप्त छो. तो तमो मारा धर्माचार्य अने धर्मोपदेशक श्रमण भगवान महावीर साथे विवाद करवाने समर्थ छो?

गोशालक : आ अर्थ युक्त नथी अर्थात् हुं विवाद करवा समर्थ नथी.

"से केणट्ठेणं, देवाणुप्पिया! एवं वुच्चइ—नो खलु पभू तुब्भे मम धम्मायरिएणं जाव महावीरेणं सद्धिं विवादं करेत्तए?"

देवानुप्रिय! एम शा हेतुथी कहो छो के तमे मारा धर्माचार्य यावत् भगवंत महावीरनी साथे विवाद करवाने समर्थ न...

"सद्दालपुत्ता! से जहानामए केइ पुरिसे तरुणे जुगवं जाव निउण-सिप्पोवगए एगं महं अयं वा, एलयं

गोशालक : हे सकडालपुत्र! जेम तरुण, बलवान, युगवान, उत्पन्न थयेलो, यावत् निपुण शिल्पने

वा, सूयरं वा, कुक्कुडं वा, तित्तिरं वा, वट्टयं वा, लावयं वा, कवोयं वा, कविंजलं वा, वायसं वा, सेणयं वा हत्थंसि वा, पायंसि वा, खुरंसि वा, पुच्छंसि वा, पिच्छंसि वा, सिंगंसि वा, विसाणंसि वा, रोमंसि वा, जहिं-जहिं गिण्हइ, तहिं-तहिं निच्चलं निप्फंदं धरेइ। एवामेव समणे भगवं महावीरे ममं बहूहिं अट्ठेहिं य हेऊहिं य जाव वागरणेहिं य जहिं-जहिं गिण्हइ, तहिं-तहिं निप्पट्ठपसिण-वागरणं करेइ। से तेणट्ठेणं, सद्दालपुत्ता! एवं वुच्चइ नो खलु पभू अहं तव धम्मायरिएणं जाव महावीरेणं सद्धिं विवादं करेत्तए"।

થયેલો હોય, તે એક મોટા અજ, ઘેટા, સૂકર, કૂકડા, તીતર, વર્તક (વટેર), લાવક, કપોત, કપિંજલ, કાગડા અથવા બાજ પક્ષીને હાથે, પગે, ખરીએ, પૂંછડે, પીંછાંએ, શિંગડે, સૂકરના દાંતો કે રુંવાટે– જ્યાં જ્યાં પકડે ત્યાં ત્યાં નિશ્ચલ અને સ્પન્દનરહિતપણે ધારણ કરી શકે છે, એ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીર મને પણ અર્થો, હેતુઓ, યાવત્ ઉત્તરો વડે જ્યાં જ્યાં પકડે ત્યાં ત્યાં નિરુત્તર કરે છે. તે હેતુથી સકડાલપુત્ર! હું એમ કહું છું કે હું તારા ધર્માચાર્ય યાવત્ ભગવાન મહાવીરની સાથે વિવાદ કરવાને સમર્થ નથી.

२२७. तए णं से सद्दालपुत्ते समणोवासए गोसालं मंखलिपुत्तं एवं वयासी— "जम्हा णं, देवाणुप्पिया! तुब्भे मम धम्मायरियस्स जाव महावीरस्स संतेहिं, तच्चेहिं तहिएहिं सब्भूएहिं भावेहिं गुणकित्तणं करेह, तम्हा णं अहं तुब्भे पाडिहारिएणं पीढ जाव संथारएणं उवनिमंतेमि।" नो चेव णं धम्मोत्ति वा, तवोत्ति वा, तं गच्छह णं तुब्भे मम कुम्भारावणेसु पाडिहारियं पीढ-फलग जाव ओगिण्हित्ताणं विहरह।"

ત્યાર બાદ શ્રમણોપાસક સકડાલપુત્રે મંખલીપુત્ર ગોશાલકને આ પ્રમાણે કહ્યું : દેવાનુપ્રિય! કેમકે તમે મારા ધર્માચાર્ય યાવત્ ભગવાન મહાવીરના વિદ્યમાન, સત્ય, તથા પ્રકારના સદ્ભૂત ભાવો વડે ગુણકીર્તન કરો છો, તેથી હું તમને પાછા આપવા યોગ્ય પીઠ, આસન યાવત્ સંસ્તારક વડે આમંત્રણ કરું છું. પરંતુ ધર્મ અથવા તપની બુદ્ધિથી કરતો નથી. માટે તમે જાઓ અને મારા કુંભકારની દુકાનોથી પ્રાતિહારિક પીઠ, ફલક યાવત્ ગ્રહણ કરીને વિચરો.

२२८. तए णं से गोसाले मंखलिपुत्ते सद्दालपुत्तस्स समणोवासयस्स एयमट्ठं पडिसुणेइ, पडिसुणेत्ता कुम्भारावणेसु पाडिहारियं पीढ जाव ओगिण्हित्ताणं विहरइ।

તત્પશ્ચાત્ મંખલીપુત્ર ગોશાલક સદ્દાલપુત્ર શ્રાવકની આ વાત સ્વીકાર કરે છે અને એની દુકાનોમાંથી પ્રાતિહારક પીઠ આ[દિ] ગ્રહણ કરીને યાવત્ વિહરે છે.

२२९. तए णं से गोसाले मंखलि-पुत्ते सद्दालपुत्तं समणोवासयं जाहे नो संचाएइ बहूहिं आघवणाहि य पण्णवणाहि य सण्णवणाहि य विण्णवणाहि य निग्गंथाओ पावयणाओ चालित्तए वा खोभित्तए वा विपरिणामित्तए वा, ताहे संते तंते परितंते पोलासपुराओ नयराओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता बहिया जणवयविहारं विहरइ।

ત્યાર પછી તે મંખલીપુત્ર ગોશાલક શ્રમણોપાસક સદ્દાલપુત્રને જ્યારે સામાન્ય કથનથી, પ્રજ્ઞાપના (વિવિધ પ્રરૂપણા)થી પ્રતિબોધ કરીને અને વિજ્ઞાપના (અનુનય) કરીને નિર્ગ્રન્થ પ્રવચનથી ચલાયમાન કરવાને, ક્ષુબ્ધ કરવાને, વિપરિણત કરવાને સમર્થ થતો નથી ત્યારે થાકેલો, ખિન્ન થયેલો અને અતીવ દુઃખિત થયેલો તે પોલાશપુર નગરથી નીકળે છે અને બહારના દેશોમાં વિહરે છે.

२३०. तए ण तस्स सद्दालपुत्तस्स समणोवासगस्स बहूहिं सील० जाव भावेमाणस्स चोद्दस संवच्छरा वइक्कंता। पण्णरसमस्स संवच्छरस्स अंतरा वट्टमाणस्स पुव्वरत्तावरत्तकाले जाव पोसहसालाए समणस्स भगवओ महावीरस्स अंतियं धम्म-पण्णत्ति उवसंपज्जित्ताणं विहरइ।

તદનન્તર સદ્દાલપુત્ર શ્રમણોપાસકને ઘ[ણા] શીલવ્રત વગેરે વડે યાવત્ આત્માને ભાવિત કરતાં ચૌદ વર્ષ વ્યતીત થઈ ગયાં. જ્યારે તેને પંદરમું વર્ષ ચાલતું હતું ત્યારે રાત્રિના મધ્ય સમયે (ધર્મજાગરણ કરતાં વિચાર થયો) યાવત્ તે પોષધશાળામાં શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વી[કાર] કરીને વિચરવા લાગ્યો.

२३१. तए णं तस्स सद्दालपुत्तस्स समणोवासगस्स पुव्वरत्तावरत्तकाले एगे देवे अंतियं [illegible]।

ત્યારે સદ્દાલપુત્ર શ્રમણોપાસકની મધ્યરાત્રિએ એક દેવ આવ્યો.

२३२. तए णं से देवे एगं महं नीलुप्पल जाव असिं गहाय सद्दालपुत्तं समणोवासयं एवं वयासी—(जहा चुलणीपियस्स तहेव देवो उवसग्गं करेइ। नवरं एक्केक्के पुत्ते नव मंस-सोल्लए करेइ) जाव कनीयसं घाएइ, घाइत्ता जाव आयंचइ।

તે દેવે એક મોટી નીલકમલ જેવી તલવાર લઈને સકડાલપુત્ર શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું: જેમ ચુલનીપિતાને કહ્યું હતું તેમ અહીં પણ કહેવું, અને તેમ જ દેવ ઉપસર્ગ કરે છે, પરંતુ એક-એક પુત્રના નવ-નવ માંસના ખંડ કરે છે યાવત્ સૌથી નાના પુત્રનો ઘાત કરે છે. ઘાત કરીને તેનાં લોહી અને માંસ વડે તેના શરીરને છાંટે છે.

२३३. तए णं से सद्दालपुत्ते समणोवासए अभीए जाव विहरइ।

ત્યારે તે સકડાલપુત્ર શ્રમણોપાસક ભયરહિત થઈ અચલિતભાવે યાવત્ રહે છે.

२३४. तए णं से देवे सद्दालपुत्तं समणोवासयं अभीयं जाव पासित्ता चउत्थंपि सद्दालपुत्तं समणोवासयं एवं वयासी—"हंभो सद्दालपुत्ता! समणोवासया! अपत्थिय-पत्थया! जाव न भंजसि तओ जा इमा अग्गिमित्ता भारिया धम्म-सहाइया, धम्म-विइज्जिया धम्माणुराग-रत्ता सम-सुह-दुक्ख-सहाइया, तं ते साओ गिहाओ नीणेमी, नीणित्ता तव अग्गओ घाएमि, घाइत्ता नव मंस-सोल्लए करेमि, करेत्ता आदाण-भरियंसि कडाहयंसि अद्दहेमि, अद्दहेत्ता तव गायं मंसेण य आयंचामि, जहा णं तुमं अट्ट-दुहट्ट जाव ववरोविज्जसि"।

ત્યાર બાદ તે દેવે સકડાલપુત્ર શ્રમણોપાસકને નિર્ભય યાવત્ જોઈને ચોથી વાર પણ સકડાલપુત્ર શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું: અપ્રાર્થિત–મરણની પ્રાર્થના કરનાર હે સકડાલપુત્ર શ્રમણોપાસક! જો તું શીલ-વ્રતાદિક ભાંગીશ નહિ તો જો આ તને ધર્મમાં સહાય કરનારી, ધર્મમાં દ્વિતીય, ધર્મના અનુરાગ વડે રંગાયેલી અને સમાન-પણે સુખ-દુઃખમાં સહાય કરનારી તારી અગ્નિમિત્રા ભાર્યાને તારા પોતાના ઘરેથી લઈ આવીશ અને લાવીને તારી સામે ઘાત કરીશ, ઘાત કરીને નવ માંસના ટુકડા કરીશ, અને આંધણથી ભરેલા કડાયામાં ઉકાળીશ, ઉકાળીને તારા શરીરને માંસ અને લોહી વડે છાંટીશ. જેથી તું આર્તધ્યાનની અત્યંત પરાધીનતાથી પીડિત થઈને જીવન-થી મુક્ત થઈશ.

२२५. तए णं से सद्दालपुत्ते समणोवासए तेणं देवेणं एवं वुत्ते समाणे अभीए जाव विहरइ।

તે દેવના એ પ્રમાણે કહેવા છતાં પણ તે સકડાલપુત્ર શ્રમણોપાસક નિર્ભય થઈને વિચરે છે.

२२६. तए णं से देवे सद्दालपुत्तं समणोवासयं दोच्चंपि तच्चंपि एवं वयासी —"हंभो सद्दालपुत्ता! समणोवासया!" तं चेव भणइ।

ત્યાર બાદ તે દેવે સકડાલપુત્ર શ્રમણોપાસકને બીજી વાર અને ત્રીજી વાર પણ એ પ્રમાણે કહ્યું: સકડાલપુત્ર! ઇત્યાદિ (પૂર્વોક્ત) કહે છે.

२२७. तए णं तस्स सद्दालपुत्तस्स समणोवासयस्स तेणं देवेणं दोच्चंपि तच्चंपि एवं वुत्तस्स समाणस्स अयं [illegible] चुलणीपिया! तहेव चिन्तेइ। "जेणं ममं जेट्ठं पुत्तं, जेणं ममं मज्झिमयं पुत्तं, जेणं ममं कणीयसं पुत्तं जाव [illegible] जावि य णं ममं इमा अग्गिमित्ता भारिया समसुहदुक्खसहाइया, [illegible] साओ गिहाओ [illegible] ममं अग्गओ [illegible] उद्धाइए। [illegible]

તે પછી તે દેવે બીજી વાર અને ત્રીજી વાર પણ એ પ્રમાણે કહ્યું. એટલે સકડાલપુત્ર શ્રમણોપાસકને આ પ્રકારનો વિચાર ઉત્પન્ન થયો—તે ચુલનીપિતાની જેમ વિચાર કરે છે કે જે મારા મોટા પુત્રને, મારા મધ્યમ પુત્રને અને નાના પુત્રને મારી (તેનાં લોહી અને માંસ મારા શરીરને) છાંટે છે અને જે આ મારી અગ્નિમિત્રા ભાર્યા છે, જે સુખ-દુઃખમાં સમાન, સહાય કરનારી છે તેને પણ મારા પોતાના ઘરેથી લઈને આવીને મારી સામે ઘાત કરવાને ઇચ્છે છે, તો આ પુરુષને પકડવો યોગ્ય છે. એમ વિચાર કરીને તે પકડવા દોડ્યો. ઇત્યાદિ ચુલનીપિતા સંબંધે કહ્યું છે તેમ બધું કહેવું. પરંતુ અહીં અગ્નિમિત્રા ભાર્યા કોલાહલ સાંભળીને આવે છે અને તેને કહે છે. બાકી બધી વક્તવ્યતા ચુલનીપિતાની વક્તવ્યતા પ્રમાણે જાણવી.

विमाणे उववन्ने जाव महाविदेहे वासे सिज्झिहिइ। निक्खेवओ।

सत्तमस्स अङ्गस्स उवासगदसाणं सत्तमं सद्दालपुत्तमज्झयणं समत्त।

વિશેષ એ કે સકડાલપુત્ર અન્તમાં સંલેખના કરી, શરીર ત્યાગી અરુણભૂત વિમાનમાં ઉત્પન્ન થયો અને યાવત્ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ગ્રહણ કરીને સિદ્ધ પદ પામશે.

સાતમું અધ્યયન સમાપ્ત.



અધ્યયન આઠમું

મહાશતક

२३८. अट्ठमस्स उक्खेवओ, एवं खलु, जम्बू! तेणं कालेणं तेणं समएणं रायगिहे नयरे। गुणसिले चेइए। सेणिए राया।

આઠમા અધ્યયનનો ઉપોદ્ઘાત કહેવો. હે જંબૂ! એ પ્રમાણે ખરેખર તે કાળે અને તે સમયે રાજગૃહ નગર હતું. ત્યાં ગુણશીલ નામક ચૈત્ય હતું. શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો.

२३९. तत्थ णं रायगिहे महासयए नामं गाहावई परिवसइ, अड्ढे, जहा आणंदो। नवरं अट्ठ हिरण्ण-कोडीओ सकंसाओ निहाण-पउत्ताओ, अट्ठ हिरण्ण-कोडीओ सकंसाओ वुड्ढि-पउत्ताओ, अट्ठ हिरण्ण-कोडीओ सकंसाओ पवित्थर-पउत्ताओ, अट्ठ वया दसगोसाहस्सिएणं वएणं।

તે રાજગૃહ નગરમાં મહાશતક નામે ગૃહપતિ રહેતો હતો. તે ધનવાન અને આનંદ શ્રમણોપાસકની જેમ ધનાઢ્ય હતો. પરંતુ તેણે કાંસ્ય સહિત આઠ હિરણ્યકોટિ નિધાનમાં મૂકેલ, કાંસ્ય સહિત આઠ હિરણ્યકોટિ વૃદ્ધિમાં વ્યાજે મૂકેલ અને કાંસ્ય સહિત આઠ હિરણ્યકોટિ ધન-ધાન્યાદિના વિસ્તારમાં રોકેલી હતી. તેને ત્યાં દસ હજાર ગાયોનું એક વ્રજ એવાં આઠ વ્રજ હતાં, એટલે ૮૦ હજાર ગાયો હતી.

२४०. तस्स णं महासयगस्स रेवई-पामोक्खाओ तेरस भारियाओ होत्था, अहीण जाव सुरूवाओ।

તે મહાશતકને રેવતી વગેરે તેર સ્ત્રીઓ હતી. તે પરિપૂર્ણ અંગવાળી અને સુંદર રૂપવાળી હતી.

२४१. तस्स णं महासयगस्स रेवईए भारियाए कोल-घरियाओ अट्ठ हिरण्ण-कोडीओ, अट्ठ वया दस-गो-साहस्सिएणं वएणं होत्था। अवसेसाण दुवालसण्हं

તે મહાશતકની ભાર્યા રેવતીને કુલઘર-પિતાના ઘરથી આવેલ આઠ હિરણ્યકોટિ અને દશ હજાર ગાયોનાં એક વ્રજના હિસાબે આઠ વ્રજ હતાં. બાકીની બાર

भारियाणं कोल-घरिया एगमेगा हिरण्ण-कोडी एगमेगे य वए दस-गो-साहस्सिएणं वएणं होत्था।

સ્ત્રીઓને પોતપોતાના ઘરેથી આવેલ એક-એક હિરણ્યકોટિ અને દશ-દશ હજાર ગાયોનું એક-એક વ્રજ હતું.

२४२. तेणं कालेणं तेणं समएणं सामी समोसढे। परिसा निग्गया। जहा आणंदो तहा निग्गच्छइ। तहेव सावय-धम्मं पडिवज्जइ। नवरं अट्ठ हिरण्ण-कोडीओ सकंसाओ उच्चारेइ, अट्ठ वया, रेवई-पामोक्खाहिं तेरसहिं भारियाहिं अवसेसं मेहुणविहिं पच्च-क्खाइ। सेसं सव्वं तहेव इमं च णं एयारूवं अभिग्गहं अभिगिण्हइ—"कल्लाकल्लिं च णं कप्पइ मे वेदोणियाए कंस-पाईए हिरण्ण-भरियाए संववहरित्तए"।

તે કાળે અને તે સમયે મહાવીર સ્વામી સમોસર્યા. પરિષદ વાંદવાને નીકળી. મહાશતક પણ આનંદની જેમ વંદન કરવાને નીકળે છે અને તેમ જ શ્રાવકધર્મને અંગીકાર કરે છે, પરંતુ કાંસ્ય સહિત આઠ હિરણ્યકોટિ અને આઠ વ્રજના પરિમાણનો ઉચ્ચાર કરે છે. આટલી મર્યાદા રાખે છે. તથા રેવતી પ્રમુખ તેર ભાર્યાઓ સિવાય અવશેષ મૈથુનવિધિનો ત્યાગ કરે છે. બાકી બધું તેમ જ જાણવું. આવા પ્રકારનો અભિગ્રહ ગ્રહણ કરે છે. હમેશાં બે દ્રોણ જેટલી કાંસ્યપાત્રમાં ભરેલી સ્વર્ણમુદ્રાઓ વડે વ્યવહાર (વ્યાપાર) કરવો મને કલ્પે છે.

२४३. तए णं से महासयए समणोवासए जाए अभिगय-जीवाजीवे जाव विहरइ।

ત્યાર બાદ મહાશતક શ્રમણોપાસક થયા અને તે જીવ અને અજીવ તત્ત્વના જ્ઞાતા થઈ યાવત્ વિચરવા લાગ્યા.

२४४. तए णं समणे भगवं महावीरे बहिया जणवयविहारं विहरइ।

ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર વિહાર કરી ગયા અને અન્ય જનપદોમાં વિચરવા લાગ્યા.

२४५. तए णं तीसे रेवईए गाहावइणीए अन्नया कयाइ पुव्वरत्तावरत्त-कालसमयंसि कुडुंब जाव इमेयारूवे अज्झत्थिए ४—"एवं खलु अहं इमासिं

ત્યાર બાદ રેવતી ગૃહપત્નીને અન્ય કોઈ દિવસે મધ્યરાત્રિના સમયે કુટુંબજાગરણ કરતાં આવા પ્રકારનો વિચાર ઉત્પન્ન થયો— કે પ્રમાણે ખરેખર હું આ બાર પત્નીઓનાં

२५२. तए णं तस्स महासयगस्स समणोवासगस्स बहूहिं सील जाव भावेमाणस्स चोद्दस संवच्छरा वइक्कंता। एवं तहेव जेट्ठं पुत्तं ठवेइ, जाव पोसह-सालाए धम्म-पण्णत्ति उवसंपज्जित्ता णं विहरइ।

બીજી વાત. તે મહાશતક શ્રમણોપાસકને ઘણાં શીલવ્રતો વગેરે વડે આત્માને ભાવિત કરતાં ચૌદ વરસ વ્યતીત થયાં, ત્યારે તે આનંદની પેઠે પોતાના મોટા પુત્રને કુટુંબનો ભાર સંભળાવે છે. યાવત્ પૌષધશાળામાં જઈ ધર્મપ્રજ્ઞપ્તિને સ્વીકારીને વિચરે છે.

२५३. तए णं सा रेवई गाहावइणी मत्ता लुलिया विइण्णकेसी उत्तरिज्जयं विकड्ढमाणी २ जेणेव पोसह-साला जेणेव महासयए समणोवासए तेणेव उवागच्छइ, उवागच्छित्ता मोहुम्माय-जणणाइं सिंगारियाइं इत्थि-भावाइं उवदंसेमाणी २ महासययं समणोवासयं एवं वयासी—"हंभो महासयया ! समणोवासया ! धम्म-कामया ! पुण्ण-कामया ! सग्ग-कामया ! मोक्ख-कामया ! धम्म-कंखिया ! ८ धम्म-पिवासिया ८ । किण्णं तुब्भं देवाणुप्पिया ! धम्मेण वा पुण्णेण वा सग्गेण वा मोक्खेण वा ? जं णं तुमं मए सद्धिं उरालाइं जाव भुंजमाणे नो विहरसि ?"

ત્યાર પછી તે રેવતી ગૃહપત્ની મત્ત-ઉન્મત્ત થયેલી, સ્ખલના પામતી, છૂટા કેશવાળી, ઉપરનાં વસ્ત્રને દૂર કરતી કરતી, જ્યાં પૌષધશાળા છે, અને જ્યાં મહાશતક શ્રમણોપાસક છે, ત્યાં આવે છે. ત્યાં આવીને મોહ-ઉન્માદ ઉત્પન્ન કરનારા, શૃંગાર રસવાળા સ્ત્રીભાવ-કટાક્ષ આદિને પ્રદર્શિત કરે છે, અને મહાશતક શ્રમણોપાસકને આ પ્રમાણે કહે છે: ધર્મની ઇચ્છાવાળા, પુણ્યની ઇચ્છાવાળા, સ્વર્ગની ઇચ્છાવાળા, મોક્ષની ઇચ્છાવાળા, ધર્મની કાંક્ષાવાળા (૪) ધર્મની પિપાસાવાળા (૪) હે મહાશતક શ્રમણોપાસક! હે દેવાનુપ્રિય! તમારે ધર્મ, પુણ્ય, સ્વર્ગ કે મોક્ષનું શું કામ છે, કે જે તમે મારી સાથે ઉદાર યાવત્ ભોગવવા લાયક ભોગો ભોગવતા નથી?

२५४. तए णं से महासयए समणोवासए रेवईए गाहावइणीए एयमट्ठं नो आढाइ, नो परियाणाइ, अणाढायमाणे अपरियाणमाणे तुसिणीए धम्मज्झाणोवगए विहरइ।

ત્યાર પછી તે મહાશતક શ્રમણોપાસક રેવતી ગૃહપત્નીની આ વાતનો આદર કરતો નથી. અને તે તરફ ધ્યાન આપતો નથી. આદર નહિ કરતો અને ધ્યાન ન આપતો તે મૌન ધારણ કરી ધર્મધ્યાનમાં સ્થિર રહે છે.

२५५. तए णं सा रेवई गाहावइणी महासययं समणोवासयं दोच्चंपि तच्चंपि एवं वयासी—"हंभो"! तं चेव भणइ, सोवि तहेव जाव अणाढाइज्जमाणे अपरियाणमाणे विहरइ।

ત્યાર બાદ તે રેવતી ગૃહપત્નીએ મહાશતક શ્રમણોપાસકને બીજી વાર અને ત્રીજી વાર આ પ્રમાણે કહ્યું : હે મહાશતક શ્રમણોપાસક! ઇત્યાદિ તેમજ કહે છે. તે (મહાશતક શ્રમણોપાસક) પણ તેમજ યાવત્ આદર નહિ કરતો, નહિ ધ્યાન આપતો ધ્યાનમગ્ન રહે છે.

२५६. तए णं सा रेवई गाहावइणी महासयएणं समणोवासएणं अणाढाइज्जमाणी अपरियाणमाणी जामेव दिसं पाउब्भूया तामेव दिसं पडिगया।

તે પછી જ્યારે મહાશતક શ્રમણોપાસકે આદર ન કર્યો અને ધ્યાન ન દીધું ત્યારે તે રેવતી જે દિશા તરફથી આવી હતી તે દિશા તરફ ચાલી ગઈ.

२५७. तए णं से महासयए समणोवासए पढमं उवासग-पडिमं उवसंपज्जित्ता णं विहरइ। पढमं अहा-सुत्तं जाव एक्कारसऽवि।

ત્યાર બાદ મહાશતક શ્રમણોપાસક પ્રથમ ઉપાસક પ્રતિમાને સ્વીકારીને વિચરે છે. પ્રથમ પ્રતિમાને સૂત્રમાં કહ્યા પ્રમાણે પૂર્ણ કરે છે. એમ અગિયાર પ્રતિમાઓને પૂર્ણ કરે છે.

२५८. तए णं महासयए समणोवासए तेणं उरालेणं जाव किसे धमणिसंतए जाए।

તત્પશ્ચાત્ મહાશતક શ્રમણોપાસક તે ઉદાર તપ વડે યાવત્ કૃશ-દુર્બળ થયો અને ધમનીઓ (નાડીઓ) વડે વ્યાપ્ત થઈ ગયો અર્થાત્ તેની નસેનસ દેખાવા લાગી.

२५९. तए णं तस्स महासययस्स समणोवासगस्स अन्नया कयाइ पुव्वरत्तावरत्तकाले धम्म-जागरियं जागरमाणस्स अयं अज्झत्थिए ४—"एवं खलु अहं इमेणं उरालेणं" जहा आणंदो तहेव अपच्छिम-मारणंतिय-

ત્યાર પછી તે મહાશતક શ્રમણોપાસકને અન્ય કોઈ દિવસે મધ્યરાત્રિના સમયે ધર્મજાગરણ કરતાં આવા પ્રકારનો વિચાર થયો : આ ઉદાર તપ વડે હું કૃશ થયો છું. ઇત્યાદિ આનંદની જેમ બધું કહેવું. અને તે છેલ્લી મારણાન્તિક સંલેખના અંગીકાર કરીને,

संलेहणाए झूसियसरीरे भत्त-पाण-
पडियाइक्खिए कालं अणवकंखमाणे
विहरइ।

शरीरनो त्याग करीने अने भात-पाणीना पण प्रत्याख्यान करीने काळनी दरकार कर्या विना विचरवा लाग्यो.

२६०. तए णं तस्स महासयगस्स समणो-
वासगस्स सुभेणं अज्झवसाणेणं जाव
खओवसमेणं ओहिणाणे समुप्पन्ने—
पुरत्थिमेणं लवणसमुद्दे जोयणसा-
हस्सियं खेत्तं जाणइ पासइ, एवं
दक्खिणेणं, पच्चत्थिमेणं, उत्तरेणं जाव
चुल्लहिमवंतं वासहर-पव्वयं जाणइ
पासइ, अहे इमीसे रयणप्पभाए
पुढवीए लोलुयच्चुयं नरयं चउरासीइ-
वाससहस्स-ट्ठिइयं जाणइ पासइ।

તદનન્તર મહાશતક શ્રમણોપાસકને શુભ અધ્યવસાય વડે યાવત્ (અવધિજ્ઞાનાવરણના) ક્ષયોપશમ વડે અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તે અવધિજ્ઞાનથી પૂર્વ દિશાએ લવણ સમુદ્રમાં હજાર યોજન પ્રમાણ ક્ષેત્ર જાણે છે અને દેખે છે. એમ દક્ષિણ અને પશ્ચિમ દિશાએ પણ જાણવું, ઉત્તર દિશાએ યાવત્ ક્ષુદ્ર-હિમવંત વર્ષધર પર્વતને જાણે છે અને દેખે છે. અધોદિશામાં રત્નપ્રભા પૃથ્વીના ચોરાશી હજાર વરસની સ્થિતિવાળા લોલુપાચ્યુત નામના નરકાવાસને જાણે છે અને દેખે છે.

२६१. तए णं सा रेवई गाहावइणी अन्नया
कयाइ मत्ता जाव उत्तरिज्जयं
विकड्ढेमाणी २ जेणेव महासयए
समणोवासए जेणेव पोसहसाला तेणेव
[illegible] महासयगं
[illegible] जाव दोच्चंपि तच्चंपि
[illegible]—[illegible]हो!" तहेव।

ત્યાર બાદ તે રેવતી ગૃહપત્ની અન્ય કોઈ દિવસે મત્ત-ઉન્મત્ત થયેલી, યાવત્ ઉત્તરીય-ઉપરનાં વસ્ત્રને કાઢી નાખતી ૨ જ્યાં પૌષધશાલા છે અને જ્યાં મહાશતક શ્રમણોપાસક છે, ત્યાં આવે છે. આવીને મહાશતક શ્રમણોપાસકને પૂર્વ પ્રમાણે કહે છે. યાવત્ તેણે બીજી વાર અને ત્રીજી વાર એ પ્રમાણે કહ્યું: હે મહાશતક શ્રમણોપાસક! ઇત્યાદિ પૂર્વે કહેલું તેમ જ જાણવું.

२६२. [illegible]

ત્યાર પછી રેવતી ગૃહપત્નીએ જ્યારે બીજી વાર અને ત્રીજી વાર એ પ્રમાણે કહ્યું [illegible] મહાશતકે પોતાના અવધિજ્ઞાનનો પ્રયો[illegible] અને અવધિજ્ઞાન વડે જાણી[illegible]

आभोइत्ता रेवई गाहावइणि एवं वयासी—"हंभो रेवई! अपत्थिय-पत्थिए ४ एवं खलु तुमं अंतो सत्त-रत्तस्स अलसएणं वाहिणा अभिभूया समाणी अट्ट-दुहट्ट-वसट्टा असमाहिपत्ता कालमासे कालं किच्चा अहे इमीसे रयणप्पभाए पुढवीए लोलुयच्चुए नरए चउरासीइ-वास-सहस्स-ट्ठिइएसु नेरइएसु नेरइयत्ताए उववज्जिहिसि"।

તેણે રેવતી ગૃહપત્નીને આ પ્રમાણે કહ્યું: અપ્રાર્થિત (મરણ)ની પ્રાર્થના કરનાર હે રેવતી! તું ખરેખર સાત રાતની (દિવસની) અંદર અલસક (વિસૂચિકા) રોગ વડે પીડિત થઈ, આર્તધ્યાનની અત્યંત પરવશતાથી દુ:ખી થયેલી અસમાધિને પ્રાપ્ત થઈને મરણ પામીને, રત્નપ્રભા પૃથ્વીના લોલુપાચ્યુત નરકમાં ચોરાશી હજાર વરસની સ્થિતિવાળા નૈરયિકોમાં નારકપણે ઉત્પન્ન થઈશ.

२६३. तए णं सा रेवई गाहावइणी महासयएणं समणोवासएणं एवं वुत्ता समाणी एवं वयासी—"रुट्ठे णं ममं महासयए समणोवासए, हीणे णं ममं महासयए समणोवासए, अवज्झाया णं अहं महासयएणं समणोवासएणं, न नज्जइ णं, अहं केणवि कुमारेणं मारिज्जिस्सामि" त्ति कट्टु भीया तत्था तसिया उव्विग्गा संजायभया सणियं २ पच्चोसक्कइ, पच्चोसक्कित्ता जेणेव सए गिहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता ओहय जाव झियाइ।

મહાશતક શ્રમણોપાસકના એ પ્રમાણે કહેવા પર તે રેવતી ગૃહપત્ની બોલી: 'મહાશતક શ્રમણોપાસક મારા ઉપર ગુસ્સે થયેલ છે. મહાશતક શ્રમણોપાસક મારા ઉપર હીન-વિરક્ત થયો છે અર્થાત્ મહાશતક શ્રમણોપાસક મારા પ્રત્યે દુર્ભાવના રાખે છે, નથી જાણતી કે હું કયા પ્રકારના મૃત્યુથી મરાઈશ.' એમ વિચારી ભયભીત થઈ, ત્રાસ પામી, ગભરાઈ, ઉદ્વિગ્ન થઈ, અને અત્યંત ભય પામીને ધીમે ધીમે પાછી ચાલી ગઈ. પાછી જઈને જ્યાં પોતાનું ઘર છે ત્યાં આવી, આવીને અપહત થયેલી છે મનની ઇચ્છા જેની એવી તે યાવત્ ઉદાસ થઈ, ચિન્તામગ્ન થઈ ગઈ.

२६४. तए णं सा रेवई गाहावइणी अंतो सत्त-रत्तस्स अलसएणं वाहिणा अभिभूया अट्ट-दुहट्ट-वसट्टा कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए लोलुयच्चुए नरए चउरासीइ-वास-

ત્યાર પછી તે રેવતી ગૃહપત્ની સાત રાતની અંદર અલસક વ્યાધિ વડે પીડિત થઈ આર્તધ્યાનની અત્યંત પરાધીનતા વડે દુ:ખી થઈ કાલ અવસરે કાલ કરીને રત્નપ્રભા નરકપૃથ્વીના લોલુપાચ્યુત નરકમાં ચોરાશી

सहस्स-ट्ठिइएसु नेरइएसु नेरइयत्ताए उववन्ना।

हजार वरसनी स्थितिवाळा नैरयिको-
नारक रूपे उत्पन्न थई.

२६५. तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे समोसरणं जाव परिसा पडिगया।

ते काल ते समये श्रमण भगवान महावीर पधार्या, यावत् परिषद धर्मदेशना सांभळी अने वंदन-नमस्कार करी पाछी गई.

२६६. "गोयमा!" इ समणे भगवं महावीरे एवं वयासी—"एवं खलु गोयमा! इहेव रायगिहे नयरे ममं अंतेवासी महासयए नामं समणोवासए पोसह-सालाए अपच्छिम-मारणंतिय-संले-हणाए झूसिय-सरीरे भत्तपाणपडिया-इक्खिए कालं अणवकंखमाणे विहरइ।

'હે ગૌતમ!' એમ સંબોધી શ્રમણ ભગવાન મહાવીરે આ પ્રમાણે કહ્યું: હે ગૌતમ! અહીં રાજગૃહ નગરમાં મારો અન્તેવ- શિષ્ય મહાશતક નામે શ્રમણોપાસક પૌષધ- શાલામાં છેલ્લી મારણાન્તિક સંલેખના વડે કૃશ થયેલા શરીરવાળો અને જેણે ભાત- પાણીનું પ્રત્યાખ્યાન કર્યું છે એવો, કાલની દરકાર નહિ કરતો વિચરે છે.

२६७. तए णं तस्स महासयगस्स रेवई गाहावइणी मत्ता जाव विकड्ढेमाणी जेणेव पोसहसाला जेणेव महासयए तेणेव उवागया, मोहुम्माय जाव एवं वयासी—तहेव जाव दोच्चंपि तच्चंपि एवं वयासी।

તે મહાશતકની પત્ની રેવતી મદોન્મ- થયેલી યાવત્ ઉપરનાં વસ્ત્રને કાઢી નાખતી પૌષધશાલામાં મહાશતક પાસે આવી, આવીને મોહોન્માદને ઉત્પન્ન કરનારી વાતો અને (શૃંગારિક સ્ત્રીભાવને) બતાવવા લાગી, તે આ પ્રમાણે બોલી: 'હે મહાશતક!' ઇત્યાદિ પૂર્વવત્ કહી દીધું, યાવત્ બીજી વાર અને ત્રીજી વાર પણ એમ કહ્યું.

[illegible] से महासयए समणोवासए [illegible] दोच्चंपि तच्चंपि [illegible] आसुरुत्ते ४ ओहिं [illegible] ओहिणा आभोएइ, [illegible] एवं [illegible]

ત્યાર પછી તે રેવતી ગૃહપત્નીએ જ્યારે બીજી વાર અને ત્રીજી વાર એ પ્રમાણે કહ્યું, ત્યારે મહાશતક શ્રમણોપાસક ગુસ્સે થ- ગયો, તેણે અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો અને અવધિજ્ઞાન વડે જાણીને રેવતી ગૃહપત્ની-

वयासी—जाव उववज्जिहिसि, "नो खलु कप्पइ, गोयमा! समणोवासगस्स अपच्छिम जाव झूसियसरीरस्स भत्त-पाणपडियाइक्खियस्स परो संतेहिं तच्चेहिं तहिएहिं सब्भूएहिं अणिट्ठेहिं अकंतेहिं अप्पिएहिं अमणुण्णेहिं अमणामेहिं वागरणेहिं वागरित्तए।" तं गच्छ णं, देवाणुप्पिया! तुमं महासययं समणोवासयं एवं वयाहि—"नो खलु देवाणुप्पिया! कप्पइ समणोवासगस्स अपच्छिम जाव भत्तपाण पडियाइक्खियस्स परो संतेहिं जाव वागरित्तए। तुमे य णं देवाणुप्पिया! रेवई गाहावइणी संतेहिं ४ अणिट्ठेहिं ५ वागरणेहिं वागरिया। तं णं तुम एयस्स ठाणस्स आलोएहि जाव जहारिहं च पायच्छित्तं पडिवज्जाहि"।

કહ્યું: યાવત્ તું (સાત દિવસમાં અલસક વ્યાધિથી મરીને નરકમાં ઉત્પન્ન થઈશ.) તો હે ગૌતમ! અપશ્ચિમ–છેલ્લી મારણાન્તિક સંલેખના વડે જેનું શરીર ક્ષીણ થયું છે અને ભક્તપાનનું જેણે પ્રત્યાખ્યાન કર્યું છે એવા શ્રમણોપાસકને સત્ય, તથ્ય અને સદ્દભૂત હોવા છતાં પણ અનિષ્ટ, અનિચ્છનીય, અપ્રિય, અમનોજ્ઞ, અમનામ-અમનોહર શબ્દો વડે બીજાને કહેવું તે યોગ્ય નથી, માટે હે દેવાનુપ્રિય! તું જા અને મહાશતક શ્રમણોપાસકને આ પ્રમાણે કહે કે: 'હે દેવાનુપ્રિય! અપશ્ચિમ મારણાન્તિક સંલેખના વડે ક્ષીણ શરીરવાળા અને યાવત્ ભક્ત-પાનનું પ્રત્યાખ્યાન કરનાર શ્રમણોપાસકને સત્ય યાવત્ અનિષ્ટ કથન વડે બીજાને ઉત્તર આપવો કલ્પતો નથી. હે દેવાનુપ્રિય! તેં રેવતી ગૃહપત્નીને સત્ય (૪) છતાં અનિષ્ટ (૫) વચનો વડે ઉત્તર આપ્યો છે. માટે તું એ સ્થાનની આલોચના કર અને યથાયોગ્ય પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કર.

२६९. तए णं से भगवं गोयमे समणस्स भगवओ महावीरस्स "तह" त्ति एयमट्ठं विणएणं पडिसुणेइ, पडिसुणित्ता, तओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता रायगिहं नयरं मज्झं-मज्झेणं अणुप्पविसइ, अणुप्पविसित्ता जेणेव महासयगस्स समणोवासयस्स गिहे जेणेव महासयए समणोवासए तेणेव उवागच्छइ।

ત્યાર બાદ ભગવાન ગૌતમ શ્રમણ ભગવંત મહાવીરના એ કથનને 'તહ'ત્તિ કહી વિનયપૂર્વક સ્વીકાર કરે છે, સ્વીકાર કરીને ત્યાંથી નીકળે છે, નીકળીને રાજગૃહ નગરના મધ્ય ભાગમાં થઈ પ્રવેશ કરે છે. પ્રવેશ કરીને જ્યાં મહાશતક શ્રમણોપાસકનું ઘર છે અને જ્યાં મહાશતક શ્રમણોપાસક છે, ત્યાં પહોંચે છે.

गच्छित्ता समणं भगवं महावीरं वदइ नमंसइ, वंदित्ता नमंसित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ।

તપ વડે આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

२७४. तए णं समणे भगवं महावीरे अन्नया कयाइ रायगिहाओ नयराओ पडिणिक्खमइ पडिणिक्खमित्ता वहिया जणवय-विहारं-विहरइ।

તે પછી શ્રમણ ભગવાન મહાવીર અન્ય કોઈ દિવસે રાજગૃહ નગરમાંથી નીકળે છે, નીકળીને બહારના દેશોમાં વિચરણ કરવા લાગ્યા.

२७५. तए णं से महासयए समणोवासए वहूहिं सील जाव भावेत्ता वीसं वासाइं समणोवासग-परियायं पाउणित्ता, एक्कारस उवासगपडिमाओ सम्मं काएण फासित्ता, मासियाए संलेहणाए अप्पाणं झूसित्ता, सट्ठिं भत्ताइं अणसणाए छेदेत्ता, आलोइए-पडिक्कते समाहिपत्ते कालमासे कालं किच्चा सोहम्मे कप्पे अरुणवडिंसए विमाणे देवत्ताए उववन्ने। चत्तारि पलिओवमाइं ठिई। महाविदेहे वासे सिज्झिहिइ।

निक्खेवो।

ત્યાર બાદ મહાશતક શ્રમણોપાસક ઘણાં શીલવ્રત વગેરે વડે યાવત્ આત્માને ભાવિત કરીને વીસ વરસ સુધી શ્રમણોપાસક પર્યાયને પાળીને અગિયાર ઉપાસક પ્રતિમાઓને સમ્યક્ પ્રકારે કાયા વડે સ્પર્શીને માસિક સંલેખના વડે પોતાને કૃશ કરીને સાઠ ભક્ત અનશન વડે પૂર્ણ કરીને આલોચના અને પ્રતિક્રમણ કરીને સમાધિને પ્રાપ્ત થઈ, મરણ સમયે કાલ કરીને સૌધર્મ દેવલોકમાં અરુણાવતંસક વિમાનમાં દેવ થયો. તેની ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે. તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ મરણ કરી સિદ્ધિ પામશે.

અંતમાં પૂર્વવત્ નિક્ષેપ કહેવો.

અધ્યયન દસમું
સાલિહીપિતા

९०. दसमस्स उक्खेवो, एवं खलु जम्बू। तेणं कालेणं तेणं समएणं सावत्थी नयरी। कोट्ठए चेइए। जियसत्तू राया। तत्थ णं सावत्थीए नयरीए सालिहीपिया नामं गाहावई परिवसइ, अड्ढे दित्ते। चत्तारि हिरण्णकोडीओ निहाण-पउत्ताओ, चत्तारि हिरण्ण-कोडीओ, वुड्ढि-पउत्ताओ, चत्तारि हिरण्ण-कोडीओ पवित्थर-पउत्ताओ, चत्तारि वया दस-गोसाहस्सिएणं वएणं। फग्गुणी भारिया।

દસમા અધ્યયનનો ઉપોદ્‌ઘાત કહેવો. સુધર્મા સ્વામીએ કહ્યું: હે જંબૂ! તે કાળે તે સમયે શ્રાવસ્તી નગરી હતી, કોષ્ઠક ચૈત્ય હતું. તે શ્રાવસ્તીનો રાજા જિતશત્રુ હતો. તે શ્રાવસ્તી નગરીમાં સાલિહીપિતા નામે ગૃહપતિ રહેતો હતો. તે સંપન્ન અને દીપ્ત-તેજસ્વી હતો. તેને ચાર હિરણ્યકોટિ નિધાનમાં મૂકેલી, ચાર હિરણ્યકોટિ વ્યાજે મૂકેલી અને ચાર હિરણ્યકોટિ ધન-ધાન્યાદિના વિસ્તારમાં લગાડેલી હતી. તેને દસ-દસ હજાર ગાયોનાં ચાર વ્રજો હતાં. એટલે ચાળીસ હજાર ગાયો હતી. ફાલ્ગુની ભાર્યા હતી.

९१. सामी समोसढे। जहा आणंदो तहेव गिहि-धम्मं पडिवज्जइ। जहा कामदेवो तहा जेट्ठं पुत्तं ठवेत्ता पोसह-सालाए समणस्स भगवओ महावीरस्स धम्म-पण्णत्तिं उवसंपज्जित्ताणं विहरइ। नवरं निरुवसग्गाओ एक्कारसवि उवासग-पडिमाओ तहेव भाणियव्वाओ. एवं कामदेव-गमेणं नेयव्वं जाव सोहम्मे कप्पे अरुणकीले विमाणे देवत्ताए उववन्ने। चत्तारि

મહાવીર સમોસર્યા. આનંદની પેઠે તે ગૃહસ્થધર્મને સ્વીકારે છે, અને કામદેવની જેમ જ્યેષ્ઠ પુત્રને સ્થાપીને પૌષધશાળામાં શ્રમણ ભગવંત મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને વિહરે છે. પરંતુ અગિયારે શ્રાવકની પ્રતિમાઓ ઉપસર્ગ રહિત તે જ રીતે કહેવી. કામદેવના વૃત્તાન્તમાં જે સૂત્રપાઠ છે તે પ્રમાણે અહીં કહેવું. યાવત્ સૌધર્મ કલ્પમાં અરુણકીલ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયાં. ત્યાં તેની ચાર પલ્યોપમની સ્થિતિ

पलिओवमाइं ठिई। महाविदेहे वासे सिज्झिहिइ। निक्खेवो।

छे. ने महाविदेह क्षेत्रमां ઉत्पन्न थईने મોક્ષ પામશે.

सत्तमस्स अङ्गस्स उवासगदसाण दसमं सालिहीपियाज्झयणं समत्त।

उपसंहार

ઉપસંહાર

२८२. दसण्हवि पणरसमे संवच्छरे वट्टमाणाणं चिंता। दसण्हवि वीस वासाइं समणोवासय-परियाओ।

દશે શ્રાવકોને પંદરમા વર્ષે ચિન્તા-ધર્મ-પ્રજ્ઞપ્તિ મુજબ વર્તવાનો વિચાર થાય છે. અને દશે શ્રાવકો વીસ વરસ શ્રમણોપાસક પર્યાયમાં રહ્યા.

२८३. एवं खलु जम्बू! समणेणं जाव सपत्तेणं सत्तमस्स अंगस्स उवासगदसाण दसमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते।

એ પ્રમાણે હે જંબૂ! યાવત્ નિર્વાણને પ્રાપ્ત થયેલા શ્રમણ ભગવાન મહાવીરે ઉપાસકદશાંગના દસમા અધ્યયનનો આ અર્થ કહ્યો છે.

२८४. उवासगदसाणं सत्तमस्स अंगस्स एगो सुयखंधो। दस अज्झयणा एक्कसरगा दससु चेव दिवसेसु उद्दिस्सिज्जंति। तओ सुयखंधो समुद्दिस्सिज्जइ, अणुण्णविज्जइ दोसु दिवसेसु, अंगं तहेव।

ઉપાસકદશા નામક સાતમા અંગમાં એક શ્રુતસ્કંધ છે. દશ અધ્યયન છે. એકસરખા સ્વર અર્થાત્ પાઠ છે. દશ દિવસમાં તેનો પાઠ પૂરો થાય છે. એમ કરવાથી શ્રુતસ્કંધનો પાઠ થઈ જાય છે, બે દિવસમાં આનો પાઠ પૂરો કરવાની અનુમતિ પણ આપી છે.

उवासगदसाओ समत्ताओ

ઉપાસકદશાંગ સમાપ્ત.

संग्रह-गाथाओ

वाणियगामे चम्पा दुवे य वाणारसीए नयरीए ।
आलभिया य पुरवरी कंपिल्लपुरं च बोद्धव्वं ॥ १ ॥

पोलासं नयरंमि सावत्थीए पुरीए दोन्नि भवे ।
एए उवासगाणं नयरा खलु होन्ति बोद्धव्वा ॥ २ ॥

सिवनंद-भद्द-सामा धन्न-बहुल-पूस-अग्गिमित्ता य ।
रेवई-अस्सिणि तह फग्गुणी य भज्जाण नामाइं ॥ ३ ॥

ओहिण्णाण-पिसाए माया वाहि-धण-उत्तरिज्जे य ।
भज्जा य सुव्वया दुव्वया निरुवसग्गया दोन्नि ॥ ४ ॥

अरुणे अरुणाभे खलु अरुणप्पह अरुणकंत-सिट्ठे य ।
अरुणज्झए य छट्ठे भूय-वडिंसे गवे कीले ॥ ५ ॥

चाली सट्ठि असीई सट्ठी सट्ठीय सट्ठी दस सहस्सा ।
असिई चत्ता चत्ता एए वइयाण य सहस्सा ॥ ६ ॥

बारस अट्ठारस चउवीसं तिविहं अट्ठारसाइ नेयं ।
धन्नेण ति - चोव्वीसं बारस य कोडीओ ॥ ७ ॥

उल्लण-दन्तवण-फले अब्भिंगणुव्वट्टणे सणाणे य ।
वत्थ - विलेवण-पुप्फे आभरणं धूव - पेज्जाइ ॥ ८ ॥

भक्खोयण-सूव-घए सागे माहुर-जेमणऽन्नपाणे य ।
तम्बोले इगवीसं आणंदाईण अभिग्गहा ॥ ९ ॥

उड्ढं सोहम्मपुरे लोलुए अहे उत्तरे हिमवन्ते ।
पंचसए तह तिदिसिं ओहिण्णाणं दसगणस्स ॥ १० ॥

दंसण-वय-सामाइय-पोसह-पडिमा-अबम्भ-सच्चित्ते ।
आरम्भ-पेस-उद्दिट्ठ-वज्जए समणभूए य ॥ ११ ॥

इक्कारस पडिमाओ वीसं परियाओ अणसणं मासे ।
सोहम्मे चउपलिया महाविदेहम्मि सिज्झिहिइ ॥ १२ ॥

॥ उवासगदसाओ समत्ताओ ॥

સંગ્રહગાથાઓનો અર્થ

આ સંગ્રહગાથાઓ એ શાસ્ત્રનો મૂળ પાઠ નથી. નિર્યુક્તિકારે આ ગાથાઓમાં સંપૂર્ણ શાસ્ત્રનો સાર આપ્યો છે, તેનો ભાવાર્થ આ પ્રમાણે છે:

૧ શ્રાવક અને તેની નગરીઓ

વાણિજ્યગામમાં એક શ્રાવક થયા	: આનંદ
ચંપામાં	: કામદેવ
વારાણસી	: ચુલનીપિતા અને સુરાદેવ
આલભિકા	: ચુલ્લશતક
કામ્પિલ્યપુર	: કુંડકોલિક
પોલાશપુર	: સકડાલપુત્ર
રાજગૃહ	: મહાશતક
શ્રાવસ્તી	: નન્દિનીપિતા અને સાલિહીપિતા

૨ શ્રાવકની પત્નીઓ

૧	આનંદની	શિવાનંદા
૨	કામદેવની	ભદ્રા
૩	ચુલનીપિતાની	શ્યામા
૪	સુરાદેવની	ધન્યા
૫	ચુલ્લશતકની	બહુલા
૬	કુંડકોલિકની	પુષ્પા
૭	સકડાલપુત્રની	અગ્નિમિત્રા
૮	મહાશતકની	રેવતી આદિ તેર
૯	નન્દિનીપિતાની	અશ્વિની
૧૦	સાલિહીપિતાની	ફાલ્ગુની

૩ વિશેષ ઘટના

૧	આનંદ	: અવધિજ્ઞાન અને ગૌતમ સ્વામીનો સંદેહ.
૨	કામદેવ	: પિશાચનો ઉપસર્ગ અને શ્રાવકનું અંત સુધી દૃઢ રહેવું.
૩	ચુલનીપિતા	: પિશાચ દ્વારા માતા ભદ્રાના વધનું કથન સાંભળીને વિચલિત થવું.
૪	સુરાદેવ	: પિશાચ દ્વારા ૧૬ ભયંકર રોગ ઉત્પન્ન કરવાની ધમકી અને વિચલિત થવું.
૫	ચુલ્લશતક	: પિશાચ દ્વારા સમ્પત્તિ નાશ કરવાની ધમકી અને તેનું વિચલિત થવું.
૬	કુંડકોલિક	: દેવ દ્વારા ઉત્તરીય તથા અંગૂઠી લેવી તથા ગોશાલકના મતની પ્રશંસા કરવી, કુંડકોલિકની દલીલ અને દેવનું નિરુત્તર થવું.
૭	સકડાલપુત્ર	: સુવ્રતા અગ્નિમિત્રા પત્નીએ મનમાં સ્ખલિત થવા પર ફરીથી ધર્મમાં સ્થિર કર્યો,

નિયતિવાદનું ખંડન અને સકડાલપુત્રના ગોશાલકના મતને છોડીને તેના મતના અનુયાયી થયા.

૮ મહાશતક : રેવતીનો ઉપસર્ગ, મહાશતક દ્વારા રેવતીના ભાવિ નરક-ગમનનું કથન અને ભગવાન મહાવીર દ્વારા તેને અનુચિત બતાવીને પ્રાયશ્ચિત કરવાનો આદેશ.

૯ નન્દિનીપિતા } આ બન્નેને જીવનમાં કંઈ
૧૦ સાલિહીપિતા } ઉપસર્ગ નથી પડયો.

૪ મૃત્યુ થયા પછી સ્વર્ગમાં પ્રાપ્ત થયેલાં વિમાનોનાં નામ

૧ આનંદ : અરુણ
૨ કામદેવ : અરુણાભ
૩ ચુલનીપિતા : અરુણપ્રભ
૪ સુરાદેવ : અરુણકાન્ત
૫ ચુલ્લશતક : અરુણશ્રેષ્ઠ
૬ કુંડકોલિક : અરુણધ્વજ
૭ સકડાલપુત્ર : અરુણભૂત
૮ મહાશતક : અરુણાવતંસક
૯ નન્દિનીપિતા : અરુણગવ
૧૦ સાલિહીપિતા : અરુણકીલ

૫ પશુ-ધનની સંખ્યા

૧ આનંદ : ચાર વ્રજ = ૪૦ હજાર ગાયો
૨ કામદેવ : છ વ્રજ = ૬૦ હજાર ગાયો
૩ ચુલનીપિતા : આઠ વ્રજ = ૮૦ હજાર ગાયો
૪ સુરાદેવ : છ વ્રજ = ૬૦ હજાર ગાયો
૫ ચુલ્લશતક : છ વ્રજ = ૬૦ હજાર ગાયો
૬ કુંડકોલિક : છ વ્રજ = ૬૦ હજાર ગાયો
૭ સકડાલપુત્ર : એક વ્રજ = ૧૦ હજાર ગાયો
૮ મહાશતક : આઠ વ્રજ = ૮૦ હજાર ગાયો
૯ નન્દિનીપિતા : ચાર વ્રજ = ૪૦ હજાર ગાયો
૧૦ સાલિહીપિતા : ચાર વ્રજ = ૪૦ હજાર ગાયો

ઉપાસકદશાંગ

૬ સુવર્ણ મોહરોની સંખ્યા

૧ આનંદ : ૧૨ કરોડ ત્રણ ક્ષેત્રોમાં વિભક્ત અર્થાત્ (૧) નિધાન (૨) વ્યાપાર (૩) ઘર એવં સામાન રૂપમાં, પ્રત્યેકમાં ચાર કરોડ.
૨ કામદેવ : ૧૮ કરોડ, પ્રત્યેક ક્ષેત્રમાં ૬ કરોડ.
૩ ચુલનીપિતા : ૨૪ કરોડ, પ્રત્યેક ક્ષેત્રમાં આઠ કરોડ.
૪ સુરાદેવ : ૧૮ કરોડ, પ્રત્યેક ક્ષેત્રમાં ૬ કરોડ.
૫ ચુલ્લશતક : ૧૮ કરોડ, પ્રત્યેક ક્ષેત્રમાં ૬ કરોડ.
૬ કુંડકોલિક : ૧૮ કરોડ, પ્રત્યેક ક્ષેત્રમાં ૬ કરોડ.
૭ સકડાલપુત્ર : ૩ કરોડ, પ્રત્યેક ક્ષેત્રમાં એક કરોડ.
૮ મહાશતક : ૨૪ કરોડ પોતાની, પ્ર... ક્ષેત્રમાં આઠ કરોડ, અ... કરોડ રેવતીની હતી.
૯ નન્દિનીપિતા : ૧૨ કરોડ, પ્રત્યેક ક્ષેત્રમાં ચાર કરોડ.
૧૦ સાલિહીપિતા : ૧૨ કરોડ, પ્રત્યેક ક્ષેત્રમાં ચાર કરોડ.

૭ અભિગ્રહ અર્થાત્ ભોગ્ય વસ્તુઓની મર્યાદા

આનંદ આદિ શ્રાવકોએ નીચે લખેલી ૨૧ વાતોમાં મર્યાદા રાખી હતી:

૧ ઉલ્લણ : સ્નાન કર્યા પછી શરીર લૂછવાના કામમાં આવતું અંગોછું.

૨ દન્તવણ : દાંતણ.

૩ ફલ : ફળ.

૪ અભ્યંગણ : અભ્યંગન અર્થાત્ માલિશ કરવાનું તેલ.

૫ ઉવ્વટ્ટણ : ઉબટ્ટન અર્થાત્ શરીર પર માલિશ કરવા માટે સુગંધિત ચૂર્ણ.

૬ મજ્જણ : સ્નાનના માટે પાણીનું પરિમાણ.

૭ વત્થ : વસ્ત્ર, પહેરવાનાં કપડાં.

૮ વિલેપન : વિલેપન, ચંદન, કસ્તૂરી આદિ લેપ કરવાનાં દ્રવ્યો.

૯ પુપ્ફ : પુષ્પ, ફૂલ, માલા આદિ.

૧૦ આભરણ : આભૂષણ.

૧૧ ધૂપ : ધૂપબત્તી વગેરે.

૧૨ પેજ્જ : પેય, શરબત, ઠંડી પીવાની વસ્તુઓ.

૧૩ ભક્ખ : ભક્ષ્ય, પકવાન કે મીઠાઈ.

૧૪ ઓદન : ઓદન અર્થાત્ ચોખા, આ તે દિવસોમાં બિહારનું મુખ્ય ભોજન હતું.

૧૫ [illegible] : [illegible]

૧૮ માહુર : માહુર, [illegible] ભોજન.

૧૯ જેમણ : દહીંવડા, પકોડા, પાપડ, આદિ ભોજન ઉપરાંત ખાવાના ઉપયોગમાં આવતી વસ્તુઓ.

૨૦ પાણી : પાણી, કૂવા, નદી, સરોવર, વાદળાં આદિનું પાણી પીવાને માટે.

૨૧ [illegible] [illegible] તેમાં [illegible] [illegible]

૮ અવધિજ્ઞાનની મર્યાદા

[illegible]

પૂર્વ દિશા [illegible]

ઉત્તર દિશા [illegible]

ઊર્ધ્વ દિશા [illegible]

અધો દિશા [illegible]

૯ અગિયાર પ્રતિમાઓ

દરેક શ્રાવકે અગિયાર પ્રતિમાઓ સ્વીકાર કરી. તે આ પ્રમાણે:

૧ દર્શન
૨ વ્રત
૩ સામાયિક
૪ પૌષધ
૫ દિવા-દિવસ બ્રહ્મચર્ય
૬ બ્રહ્મચર્ય
૭ સચિત્ત પરિત્યાગ
૮ આરંભ પરિત્યાગ
૯ પ્રેષ્ય અર્થાત્ નોકર આદિને મોકલવાનો પરિત્યાગ
૧૦ ઉદ્દિષ્ટ ભોજનનો પરિત્યાગ
૧૧ શ્રમણભૂત.

દરેક (પ્રત્યેક) શ્રાવકે વીસ વર્ષ સુધી વ્રત અને પ્રતિમાનું પાલન કર્યું અને અંતમાં સંલેખના દ્વારા શરીરનો પરિત્યાગ કરીને સૌધર્મ દેવલોકમાં ચાર પલ્યોપમનું આયુષ્ય કર્યું. ત્યાંથી ચ્યવન કરીને બધા (દશ) મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે અને સિ[illegible] પ્રાપ્ત કરશે.

